# અનુક્રમ

એપ્રિલ - જૂન ૨૦૦૩


પ્રત્યક્ષીય : સંપાદક ૩

**સમીક્ષા**

કોરે કાગળે સહી (કવિતા : મહેશ દવે) રાધેશ્યામ શર્મા ૭

જલાવરણ (વાર્તા : રમેશ દવે) હરીશ ખત્રી ૮

હેલો સૂર્યા! (વાર્તા : હરીશ નાગ્રેચા) શરીફા વીજળીવાળા ૧૧

ખોવાઈ ગયેલી વસ્તુ (નવલકથા : ધીરેન્દ્ર મહેતા) યોગેશ જોશી ૧૭

કાવ્યસમ્માન (વિવેચન : હેમંત દેસાઈ) કિશોર વ્યાસ ૨૦

કચ્છ : પરિસંવાદના પ્રાંગણમાં (વિવેચન : ઉમિયાશંકર અજાણી) નરોત્તમ પલાણ ૨૩

**વાચનવિશેષ**

ભોપાલ : બારહ બજકર પાંચ મિનિટ (નવલકથા : ડોમીનિક લાપિએર) ભરત મહેતા ૨૬

**સંદર્ભવિશેષ**

મધર ઇન્ડિયા (ગાયત્રી ચેટર્જી) અમૃત ગંગર ૩૧

**સ્વીકાર-મિતાક્ષરી**

સંકલન : પીયૂષ ઠક્કર ૩૪

**આ અંકના લેખકો ૩૮**



**'પ્રત્યક્ષ'નું બદલાયેલું સરનામું**

'પ્રત્યક્ષ', સંપાદક : રમણ સોની,
૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ,
જૂના પાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૫

ફોન : ૨૩૫૭૧૮૭

આ અંકની પ્રકાશનતારીખ : ૧૬-૮-૨૦૦૩

પ્રત્યક્ષ વર્ષ ૧૨ અંક ૨ એપ્રિલ - જૂન ૨૦૦૩ સળંગ અંક ૪૬ સંપાદક રમણ સોની

**પ્રકાશક અને મુદ્રક** શારદા સોની ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૧૫
**મુદ્રણાંકન અને મુદ્રણસજ્જા** આકાશ સોની કલ્પન મુદ્રાંકન, કારેલીબાગ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, વડોદરા. ૩૯૦૦૧૮
ફોનઃ ૯૮૨૫૩૧૬૪૫૭ **મુદ્રણસ્થાન** મધુ પ્રિન્ટરી, કારેલીબાગ, વડોદરા ૩૯૦૦૧૮.

## લવાજમ અંગેની વિગતો

**વાર્ષિક રૂ. ૧૦૦ દ્વિવાર્ષિક રૂ. ૧૮૦**

**આજીવન સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૧૦૦૦**

**શુભેચ્છક સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૨૦૦૦**

**વિદેશ માટે લવાજમ : વાર્ષિક** : ડૉલર - ૧૫, પાઉંડ - ૧૨; **આજીવન** : ડૉલર - ૧૦૦, પાઉંડ - ૭૫
લવાજમની રકમ હાથોહાથ, મનીઑર્ડરથી કે ડ્રાફ્ટથી મોકલી શકાશે. બહારગામના ચેક સ્વીકારાતા નથી.
**ચેક/ડ્રાફ્ટ** **'શારદા સોની પ્રકાશક પ્રત્યક્ષ'**
**એ નામે જ લખશો. મ. ઑ. મોકલનારે સંદેશાની જગાએ પોતાનું પૂરું સરનામું અવશ્ય લખવું.**

## લવાજમ મોકલવાનાં સરનામાં

**વડોદરા : શારદા સોની** ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ. વડોદરા ૩૯૦૦૧૫

**હાથોહાથ લવાજમ નીચેનાં સરનામે પણ આપી શકાશે : (અહીં મ.ઑ. કે ચેક ન મોકલવાં)**

**મુંબઈ : નીતિન મહેતા** ૪૦૧/બી, શિલ્પા ટૅરેસ (ન્યૂ), શિમ્પોલી રોડ બોરિવલી(પ.) મુંબઈ ૪૦૦૦૯૨

**ભાવનગર : જયંત મેઘાણી** પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ ભાવનગર ૩૬૪૦૦૨

**રાજકોટ : નીતિન વડગામા** 'તાંદુલ', વિમલનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ ૩૬૦૦૦૫

**અમદાવાદ : ઈમેજ પબ્લિકેશન્સ** ૧-૨ અપર લેવલ, સેન્ચૂરિ માર્કેટ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૦૬
(ઈમેજમાંથી છૂટક નકલ પણ મળી શકશે. **આ અંકની કિંમત રૂ. ૪૦.**)

**'પ્રત્યક્ષ'નું લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર મુજબ ગણાય છે એટલે અધવચ્ચે લવાજમ ન મોકલતાં ડિસેમ્બર (મોડામાં મોડું ફેબ્રુઆરી) સુધીમાં લવાજમ મોકલી આપવા વિનંતી**

'પ્રત્યક્ષ' વર્ષમાં ચાર વાર – માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરના અંતે – પ્રકાશિત થાય છે. એના પંદરેક દિવસમાં અંક ન મળે તો, સ્થાનિક ટપાલ-કચેરીમાં તપાસ કર્યા પછી, જાણ કરવી.

**સંપાદકીય પત્રવ્યવહાર**

**રમણ સોની ૧૮, હેમદીપ સોસાયટી, ટાગોરનગર પાછળ, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૧૫**
**ફોનઃ (૦૨૬૫) ૨૩૫૭૧૮૭.**

## ઊજવણી... અને સંકલ્પ

રાજેન્દ્ર શાહને મળેલો જ્ઞાનપીઠ પુરસ્કાર, આપણા સૌને માટે, એક મનગમતું નિમિત્ત બની રહ્યો – ગૌરવ-આનંદનો એ ભાવ એમની કવિતાના જૂનામાં જૂના ને ઊંડે ઊતરતા રહેલા સંસ્કારોને ફરી સ્મરણમાં તરતા કરી દેવાનું નિમિત્ત બની ગયો છે.

કિશોર વયે કવિતાના વર્ણ-લય સાથે અર્થ-મર્મનો પરિચયનો પહેલો રોમાંચ જાગવા માંડેલો ત્યારે - ૧૯૬૦ની આસપાસ – મનનો કબજો લેનાર બે કવિઓ હતા : રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગત. એમના પહેલા કાવ્યસંગ્રહો પ્રગટ થયે દાયકો થઈ ગયો હતો ને અદ્યતન કવિતાના પ્રવેશના એ દિવસો હતા (– એ સભાનતા તો પછી આવી --) પરંતુ અમારે માટે તો રાજેન્દ્ર-નિરંજન જ સામ્પ્રત હતા. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા...' ને 'ઘણ ઉઠાવ મારી ભુજા...'ના અર્થલય-સંસ્કારોનો છાક પણ હતો જ, પણ મન ખીચોખીચ ભરાઈ જતું હતું આ બે કવિઓની કવિતાથી. નવમા-દસમા ધોરણમાં છંદ શીખતાંશીખતાં જ 'છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની' અને 'હા ધિક્ તને, છલમયી! છટ, હા, તું ધૂર્ત!'–ની સાથેસાથે જ 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની' તથા 'મધ્યાહ્નની અલસ વેળ હતી પ્રશાન્ત...'ની લયછટાની દીક્ષા પણ મળેલી. છંદ-લયના હડદોલાનો અનુભવ 'સુમિત્ર પિનુ! કૃષ્ણપક્ષતણી શર્વરી શ્યામલ'–જેવી પંક્તિમાંય થયેલો એ યાદ આવે છે. વર્ણો-શબ્દો-પંક્તિઓ મમળાવતાં ને મોટેથી ઉચ્ચારતાં ચકચૂર થઈ જવાતું. ('ધીરેધીરે લસતી ગોકળગાય જેમ'માં 'લસતી'નો પહેલો અર્થ-પરિચય ને એનો સુંવાળો લય-રોમાંચ આજેય અકબંધ છે.) અમારા શિક્ષક (આપણા કવિ-નવલકથાકાર) ભાનુપ્રસાદ ત્રિવેદીએ પાઠ્યપુસ્તકનાં કાવ્યો ઉપરાંત કવિઓના સંગ્રહો જોવાની લત પણ લગાડેલી. એમણે ત્યારે વાંચવા આપેલો 'આંદોલન' ઘેર જતાંજતાં હથેળીમાં સળવળતો હતો – તરત ખોલ્યા સિવાય છૂટકો ન થયેલો...

બરાબર નાદ લગાડ્યો રાજેન્દ્રભાઈનાં ગીતોએ. વાંચ્યાં, વંચાતાં-સમજાવતાં સાંભળ્યાં ને ખાસ તો, ગવાતાં સાંભળ્યાં. અમારા એક મિત્રના મધુર કંઠેથી, નદીને કિનારે બેસીને, અનેકવાર ગવાતાં સાંભળેલાં 'મન મૈં તારું જાણ્યું ના...', 'વંન વંન મ્હોરી વનરાઈ રે...', 'હાલતાં ને હાલતાં તે વગડાની વાટથી લીધાં બાવળનાં ફૂલ...' વગેરે ગીતોના ઘેને રાજેન્દ્ર શાહની કવિતામાં પગપેસારો બલકે કાનપેસારો વધારી દીધો.આજે, એમનાં ગીતોનો મૌન પાઠ કરતી વખતેય પેલી સંગીત-સુરાવલી ધસી આવે છે. ક્યારેક, કવિતાના અર્થ-મર્મની વધુ નજીક જવા, એને ખાળવીય પડે છે.

o

રાજેન્દ્ર શાહ(૧૯૧૩)ની કવિતાનો પહેલો દોઢેક દાયકો સામયિકોમાં પ્રગટેલી કવિતાનો. પહેલો સંગ્રહ 'ધ્વનિ' ૧૯૫૧માં પ્રગટ થયો એ કંઈક મોડું કહેવાય. પણ 'ધ્વનિ' સીમાચિહ્ન બની

રહ્યો – નાદ-મધુરતાની અને ઊર્મિ-સ્પંદની તીવ્ર-સ્વચ્છ તેજસ્વિતાવાળી એમની કવિતાએ વાતાવરણનો કબજો લીધો હતો. સંસ્કૃત તત્સમ પદાવલીમાં પણ નાદ મોખરે રહેતો હતો. એ પછીના એક દાયકામાં એમના બીજા ત્રણ આકર્ષક કાવ્યસંગ્રહો આવ્યા : 'આંદોલન'(૧૯૫૧), 'શ્રુતિ'(૧૯૫૭) અને 'શાંત કોલાહલ'(૧૯૬૨). રાજેન્દ્રભાઈને ભારતીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું. એ પછીનાં ૨૦ વર્ષમાં બીજા ૧૨ સંગ્રહો સર્વકાવ્યસંગ્રહ 'સંકલિત કવિતા'માં આ ૧૬ સંગ્રહો સમાવિષ્ટ છે. એ પછીય એમના ચાર-પાંચ સંગ્રહો થયા.પરંતુ, પ્રહર્ષક કવિતા – ને કદાચ રાજેન્દ્ર શાહની ઉત્તમોત્તમ કવિતા – પહેલા ચાર સંગ્રહોમાંની. પછી, રાજેન્દ્ર-સ્પર્શવાળી ચમક દેખાતી રહી, તરલ કલ્પન-સૌંદર્ય ને નાદ-લય-સૌંદર્ય ઝબકતાં રહ્યાં, અધ્યાત્મ-સંવેદનનું ઊંડાણ ધ્યાનપાત્ર બની રહ્યું – પણ વિપુલતાના પ્રસ્તારની પશ્ચાદ્ભૂ મોટી થતી ગઈ. પરંતુ રાજેન્દ્ર શાહ ભુલાય-જ-નહીં એવા કવિ રહ્યા છે, કેમકે પહેલા ત્રણ દાયકાની કવિતાની છાલક સતત ભાવકોને પ્રસન્ન-તૃપ્ત કરતી રહી છે ને પછીની કવિતાએ એમને આપણા ધ્યાનવર્તુળમાં રાખ્યા છે. કેટલાબધા પ્રમુખ(મેજર) સર્જકો માટે આ વાત સાચી પડી છે!

'ધ્વનિ'માં ગીતોની સાથેસાથે જ, કસાયેલાં-સુઘડ-પ્રાસસંકલિત છંદોબદ્ધ કાવ્યો ને સૉનેટો, સૉનેટમાળાઓ આકર્ષક બની રહ્યાં. વર્ણલયની ગુંજ ગીતો-છંદકાવ્યો બંનેમાં સમાન. 'આયુષ્યના અવશેષે'નો હરિણી ને 'શ્રાવણી મધ્યાહ્ન'નો વસંતતિલકા રાજેન્દ્ર શાહની વિશેષ મુદ્રા ધરાવતા છંદો. હરિણીમાં તો એ અનન્ય. હરિણી યાદ કરતાં જ દરેક ગુજરાતી ભાવકને 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમાણી જૂની'નું જ પહેલાં સ્મરણ થવાનું ને પછી, ગમતી પંક્તિઓની ધારા વહેતી રહેવાની... 'મુખથી ઊઘડ્યાં તાળાં, દ્વારે કર્યું જરી ક્રંદન'... 'તહીં ધુમસથી છાયેલા કો વિષણ્ણ ઉજેશની / ટશર ગગને લાગી, જાગી દિશા અનુકંપને' ('વિષણ્ણ' ને 'ઉજેશ' સાથેસાથે આવે, 'ગગને લાગી, જાગી' જેવા વર્ણવળોટ આવે એ પદાવલી-ગુંફનનુંય ઘેન હતું.) હરિણીનું જરાક જુદું રૂપ 'વનખંડન'('શ્રુતિ'માં)ની સૉનેટમાળામાં જોવા મળે : 'કરવતકુહાડીના ઘાથી ઢળી પડતાં બુડ...' ગીતો ને ટૂંકાં છંદ-કાવ્યો તો યાદ હોય, પણ 'શ્રાવણી મધ્યાહ્ને'ની ચોપને ચોપન પંક્તિઓ પણ સળંગ સ્મૃતિમાંથી વહી આવે એવાય ઘણા ભાવકો મળવાના. (એક દાવેદાર આ લખનાર પણ છે.) – એ રાજેન્દ્રભાઈની કવિતાનો જાદુ છે. શ્રાવણની બપોરના જે વિવિધ દશ્ય-લસરકા એમણે ખેંચ્યા છે! અપરૂપને પણ એમણે સૌંદર્ય આપ્યું છે ('... વન્ય પંથ / ભીનો બધે, ક્યહીંક પંકિલ, ક્યાંક છાયો / દુર્વાથી, બેઉ ગમ વાડ થકી દબાયો...' 'ત્યાં પંકમાંહી મહિષીધણ સુસ્ત બેઠું...'). આ લયમધુર કાવ્યમાં રંગવૈવિધ્ય કેટલું બધું છે – 'ઝિલાય એમ ઝીલતો સહુ સૃષ્ટિરંગ', જે વિરમે છે 'હું માનસીજલ હિમોજ્જ્વલ શ્વેત પેખું'માં. ને ત્યારે રહસ્યાનુભૂતિ એકાએક આવી ગયેલી કે ચોંટાડેલી લાગતી નથી. ભરપૂર ઇન્દ્રિયરાગવાળી એમની કવિતામાં આ અનુભવવિશેષ, રહસ્ય-મિસ્ટિક-તત્ત્વ, ઘણાં કાવ્યોમાં એકસરખી વિલક્ષણ ભાતથી ઊપસે છે : 'ના સ્વપ્ન, જાગૃતિ, તુરીય ન, તોય સર્વ', 'ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ..', 'હું જ રહું વિલસી મુજ સંગ, ને હું જ રહું અવશેષે', 'સ્મૃતિની ક્ષણમાં જીવું યુગ, યુગ જેવા યુગની કરું ક્ષણ.'

ન્હાનાલાલ પછી ગીતકવિતા રાજેન્દ્ર શાહમાં વધુ ઉત્ફુલ્લ બની છે – વિવિધ લયસંયોજનોમાં, વિવિધ સંવેદનવિષયોમાં. 'નિરુદ્દેશે...' એમ એક જ શબ્દથી મુખડું બાંધતી એમની પ્રારંભિક ગીતરચના કાયમી મહત્ત્વ ધારતી થઈ છે. આ સૌમ્ય-મધુર ગીત પછી છાકવાળાં અનેક ગીતો

એમણે આપ્યાં : 'તને જોઈ જોઈ તોય તું અજાણી', 'ઈંધણાં વીણવા ગૈ'તી મોરી સૈયર...' 'અલ્યા મેહુલા રે...' 'સાઁવર થોરી અંખિયનમેં જોવનિયું ઝૂકે લાલ...' – યાદ કર્યા જ કરો. એક જાણીતું ગીત આમ શરૂ થાય છે :

પીળી છે પાંદડી ને કાળવો છ બાજરો
સોહ્ય છે રે ઝાઝો સવારથી ય સાંજરો

'સાંજરો' કંઈ પ્રાસ માટે મરડેલો શબ્દ નથી, બોલીપ્રચલિત છે ને સરવા કાને ખેંચાઈ આવેલો છે. એને કારણે લયનો જે લહેકો ઉમેરાયો છે એ સ્પૃહણીય છે.

કાકુની, લય-લહેકાની અનેકઅનેક લોભામણી ભાત ઉપસાવે છે આ ગીતકવિતા. કવિની લયલુબ્ધિની સાથે શબ્દલુબ્ધિ પણ એમાં પોષાતી રહી છે : 'સુંદર! બહુરિ કુટિલ તવ છલના.' 'ગીતગોવિંદ'કાર ને 'ગીતાંજલિ'કાર બંનેથી એમની કવિસંવિદ કેળવાયેલી છે, રસાર્દ્ર થયેલી છે. એટલે, રાજેન્દ્ર શાહનાં અધ્યાત્મભાવનાં ને કંઈક જીવનપ્રબોધક ગીતો પણ પ્રકૃતિસૌંદર્યનાં, લયાત્મકતાનાં સહ-યોગી રહ્યાં હોવાથી સૌંદર્યબોધક પણ બન્યાં જ છે. 'ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર?'-નું પ્રબોધક સંબોધન અંતે 'આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર'-નો પરિસ્પંદ જગાડે છે તો 'આપણા ઘડવૌ બાંધવ આપણે'માં કવિ આરંભે જ 'આપણે આવળ બાવળ બોરડી, કેસરઘોળ્યા ગલના ગોટા જી; હલકાં તે પારેવાંની પાંખથી, મહાદેવથી યે મોટા જી' એવો બૃહદ-ચૈતન્ય-સંદર્ભ રચે છે.

'આંદોલન' અને 'શ્રુતિ'માં પણ પ્રેમ-પ્રકૃતિની ગીત કવિતાનો છાક એવો જ તાજો વરતાય છે. 'આંદોલન'માંનાં અગાઉ બતાવ્યાં એ ગીતો ઉપરાંત 'શ્રુતિ'માંનાં 'મને જરા ઝૂંક વાગી ગઈ...' કે 'બોલીએ ના કંઈ...' કે પછી 'તવ ભાલ ઉપરની ચૂમી! / એ ચૂમી કે તલસત રાધા-રમણ-મિલનની ભૂમિ?' જેવાં ગીતોની લયરમણા યાદ કરીએ ત્યાં જ 'શાંત કોલાહલ'માંનાં એમનાં વધુ સૌંદર્ય-પ્રભાવક ગીતો સ્મરણે ચડવાનાં. 'કેવડિયાનો કાંટો...' અને વનવાસીનાં ગીતોમાંનું 'વાગે રે વરણાગિયું લીધું હાથમાં વાસણ ઠાલું...' તો સુપ્રસિદ્ધ, પણ એક ઓછા પ્રસિદ્ધ ગીતનો લયલહેકો સાંભળીએ : 'જૂઠી તે રીસને રાગે, નેપુર તારાં રૂમઝૂમ રૂમઝૂમ વાગે, રૂપાળવી!' 'રૂપાળવી' સંબોધનમાં વહાલભરી રમૂજનો ભાવ કેવો મહોરી ઊઠે છે!

સંવેદનવિષયનું ને સ્વરૂપનું વૈવિધ્ય પણ એમનામાં ઓછું નથી. વિવિધ રાગોને શબ્દ-આકાર આપતાં કાવ્યો સુંદરમ્ પાસેથી મળેલાં. 'શાંત કોલાહલ'માંનાં રાગિણીમાળાનાં સૉનેટ એવાં જ – કવિની વિશિષ્ટ મુદ્રાવાળાં. અહીં તો રાગને નાયિકારૂપે કલ્પીને એનું પ્રીતિ-સૌંદર્ય-આલેખન થયું છે. 'શ્રાવણી મધ્યાહ્ને'નો વસંતતિલકા એક અભિનવ લાક્ષણિક રૂપ ધારે છે : 'ગોધૂલિવેળ ક્ષિતિ પશ્ચિમની જવલંત, / તારે વિલોલ દગ ઇપ્સિત કામનાનું / અંજાય સ્વપ્ન રમણીય...' તત્સમ પદાવલીમાં અહીં પણ વર્ણ-નાદનું સૌંદર્ય મોખરે રહે છે. 'ભૂલેશ્વરમાં એક રાત'માં અદ્યતનનું, ઉદ્વિગ્નતાનું સંવેદન ઉપજાતિના પ્રયોગરૂપમાં ઝિલાયું છે.'મારું છે અન્ન' જેવી નોંધપાત્ર દીર્ઘ રચના ઉપરાંત 'શ્રુતિ'માંનાં 'ગીતિ-નાટ્ય' તરીકે ઓળખાવાયેલાં સંવાદ-કાવ્યો તથા 'પ્રસંગ-સપ્તક'માંનાં પુરા-કથા-કેન્દ્રી કાવ્યો એમના સર્જન-ફલકનો અંદાજ આપે છે – રાજેન્દ્રીય લાક્ષણિકતાઓ સાથે.

પરંતુ 'શ્રુતિ'માંનુ એક કાવ્ય 'ધનિકનાં સંતાન (કાનગોષ્ઠિ)' એકદમ વિલક્ષણ છે. એમાંની તિર્યક્તા અને પદાવલીનું રૂપ બંને સાવ નોખાં છે :

પુરુષ : તારી કને કંઈ છે? મધુ!
સ્ત્રી : આ પાતળી કાયા થકી બીજું બધુ!
પુરુષ : મારી કને રૂહેતાં રહી ગઈ
– માહરા મુખ જેવી – બે આની.
સ્ત્રી . : તાહરી સારે ગરજ ચાની.
પુરુષ : બારમે દૂહાડે હજી થાશે પગાર.
સ્ત્રી : માત્ર ચોવીસ ટંકની છે વાર.
પુરુષ : સોળ ઘંટા રોજના ઓછા પડે,
પ્રિય, તું ય તે કંઈ નોકરીએ જો ચડે.
સ્ત્રી : ફેશનપરેડ વિશે લઈ મુજ રૂપને સોહામણું?
એથી ભલું મારે સદા એકાશણું.
પુરુષ : આ આમ્ર છે કેરી તણી લૂમે ઝૂક્યો.
સ્ત્રી : રાજ્યના રખવાળનાં નેત્રે ચડી ચૂક્યો.
પુરુષ : સંતાનને આઘાં કરી...
સ્ત્રી : પ્રારબ્ધ ફરતું રૂહે, નહીં એની ધરી.
હું તો સદા આમોદમાં...
પુરુષ : મૃત્યુને ખેલાવતી નિજ ગોદમાં...

ફરી શીર્ષક વાંચતાં એક આશ્ચર્ય-ધક્કો વાગવાનો. આ પણ એક રાજેન્દ્ર-રંગ છે!

○

રાજેન્દ્ર શાહ જેવા કવિઓનાં, નાદ સૌંદર્યની પ્રધાનતાવાળાં કાવ્યોનો અનુવાદ દુષ્કર બનવાનો. ઉત્તમ અનુવાદક પણ પાછો પડી જાય, કયારેક અધઝાઝેરું બહાર જ રહી ગયાનો અપરાધભાવ અનુભવે. તેમ છતાં આપણા આવા ઉત્તમ કવિઓની કૃતિઓ અન્ય ભાષાઓમાં, હિંદી-અંગ્રેજીમાં તો, ઉતારવી જ જોઈએ. એ આપણાથી ખાસ થયું નથી. એ તો ઠીક, પણ આપણા ઉત્તમ લેખકો વિશે, જુદાજુદા સમયગાળાનાં કાવ્યવાર્તાદિ વિશે પ્રવાહદર્શન કરાવતા લેખો અવારનવાર હિંદી/અંગ્રેજીમાં લખાતા રહેવા જોઈએ. [પરિષદ જેવી સંસ્થા દ્વિવાર્ષિક સરવૈયાં કરાવે છે ને અનુવાદકેન્દ્ર પણ ચલાવે છે. એનો પણ સંયોગ થવો જોઈએ.] આના અભાવે આપણા ઉત્તમ સાહિત્યસર્જનની મુદ્રા ભારતીય કક્ષાએ ઊપસતી નથી ને એથી, રાજેન્દ્ર શાહ જેવાને, એક ઉત્તમ ભારતીય કવિ તરીકેની પૂરી યોગ્યતા સાથે (ખરેખર તો કંઈક મોડું) આ પારિતોષિક મળ્યું ત્યારે પણ અન્યભાષી લેખકોના બેજવાબદાર ઉદ્ગારો આપણે સાંભળી લેવાના થાય છે – એ તે કેવી વિડંબના...

ગુજરાતના સાહિત્યરસિકો તરીકે, આ પારિતોષિક ટાણે, આપણે ગૌરવોત્સવ ઊજવીએ એ સાથે જ ગુજરાતી સાહિત્યની સ્પષ્ટ રેખાઓ ભારતીય સાહિત્યના નકશામાં આંકતા રહેવાનો સંકલ્પ કરીએ.

૧૨ ઑગસ્ટ, ૨૦૦૩

– રમણ સોની

કોરે કાગળ સહી – મહેશ દવે

ઈમેજ, અમદાવાદ. ૨૦૦૦, ૩. ૧૦૩. રૂ. ૭૦.

# વિચારીને કરેલી કોરે કાગળ સહી

રાધેશ્યામ શર્મા

બાંધી લીધેલી, ધારી રાખેલી માન્યતાઓ સાહિત્યવિવેચન ક્ષેત્રે પણ ચાડિયાની જેમ ઊભેલી રહે છે! દા.ત. ગદ્યપ્રકારોમાં કામ આપનાર લેખક, કવિ તરીકે સિદ્ધ નથી ગણાતો, પણ કોઈક કવિ કથાલેખક, નિબંધલેખક સ્વરૂપે પ્રગટે તો એનું બધું સર્જનાત્મક, કાવ્યાત્મક ગણાઈ પોંખાય! વસ્તુલક્ષી શબ્દનિષ્ઠા આમાં ક્યાં આવી? નવલકથા-વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર મહેશ દવેનો કાવ્યસંગ્રહ 'કોરે કાગળ સહી' વાંચતાં આવા વિચાર પસાર થઈ ગયા. કવિની સોંસરી નિખાલસતા એમના નિવેદન 'કવિતા અને હું'માં છતી થાય છે જ્યાં તે કાનબૂટ પકડ્યા વિના કબૂલે છે કે (દલાલ) 'સુરેશનું સર્ટિફિકેટ મળે તે રચના રાખું, બાકીની...' બાકી બીજું સર્ટિફિકેટ તો કાવ્યરસજ્ઞ મકરન્દ દવેએ એમના 'ઝાકળબિંદુ અને ઝાળ' આવકારલેખમાં પંક્તિ-ઉદાહરણો આપી અંતે 'મને મહેશની કવિતા ગમી ગઈ છે' વિધાનમાં સંભર્યું છે.

પ્રસ્તુત વિધાન પૂર્વે મકરન્દભાઈએ, મૂળ ધોરાજીના વતની પણ હાલ પાકિસ્તાન વસેલા 'મશહૂર ગાયક' હબીબ વલીમોહમ્મદના કંઠે વહેતી શાયર કમર જલાલીની પંક્તિઓ ટાંકી છે :

> આશિયાં જલ ગયા, ગુલસિતાં લૂટ ગયા
> હમ કફ્સ સે નિકલ કર ઉધર જાયેંગે?

(લગભગ રોજ મધરાતે સાડા બારથી એક, ઑલ ઈન્ડિયા ઉર્દૂ સર્વિસ પર ઘણી વાર હબીબ વલીનો મદિર અવાજ સાંભળ્યો છે પણ તે ગાયક ધોરાજીનો છે એ બાબત તો અહીં જ ઊઘડી.) 'કફ્સ'નો અર્થ પાંજરું થાય. પાંજરું એટલે કેદખાનું અથવા કબર. છટકીને ક્યાં જવું? કોરા કાગળ પર સહી કરનારની સંવેદના કેવીક સૂક્ષ્મ છે તે જુઓ,

> સ્મૃતિઓનો જંગ મોટો; સપનાંની સાઠમારી
> બારી વગરની મારી અંધારી આ કબર છે? (પૃ.૩૪)

૧૯૯૪માં પ્રથમ ગીત લખ્યું હતું (અને સંચયમાં ગીતકવિતાઓ અધિકી છે) એમાં પણ ફિલસૂફીપરસ્ત કવિએ 'એલિયેનેશન'ની અનુભૂતિ ગૂંથી હતી: સંગેમરમરમાં નગર ઢોળી નાખ્યું લાગે છે/ સાથ સંગાથ વિના સૂનું-સૂનું લાગે છે/ એકલવાયું લાગે છે. (પૃ૩૪)

આવું અટૂલાપણું બીજું બધું પણ કેવું તાણી લાવે ચેતનામાં તે 'અહીં વિરહનાં તાપ ને ત્યાં મૂંઝારાનો બાફ' (પૃ.૭), 'અહીં હતાં કેડી, ગાડાવાટ ને...'(પૃ.૮), 'કૂબા ભાંગી ગામ બનાવ્યાં, ગામો ભાંગી નગર' (પૃ. ૩૧), 'વિચારનાં વળગણોને ક્યાં ઉતારી શકાય છે?' (પૃ. ૮૩) આદિ કૃતિઓમાં સુરેખપણે શબ્દબદ્ધ થયું છે.

બ. ક. ઠાકોર હોત તો મહેશને તર્કમૂલક 'વિચારપ્રધાન' વિપ્રજાતિમાં હોંશેહતે પોંખત. પ્રગતિવાદ, આધુનિકીકરણ, 'ધોડો, નગરના સ્વર્ગભણી'ના નારા, ઉદારીકરણ, ગ્લોબલાઈઝેશનને અભીષ્ટ જાગતિક સ્થિતિગતિ લેખે કર્તા માનતા નથી. સામાજિક વિષમતાઓના પરિહાર માટે તે પ્રતિબદ્ધ છે પણ દૃશ્યશ્રાવ્ય માધ્યમોના મોહિનીપ્રચારની ઓઝટમાં અભડાયા વગર તે રસેલને મળતો 'ઍગ્નોસ્ટિક અપ્રોચ' નિઃસંકોચ જાહેર કરે છે :

> મને ખબર નથી
> ઑફિસોમાં ફાઈલો, ફોન-કમ્પ્યુટરોની વચ્ચે
> એ.સી.માં ટેબલખુરશી પર બેઠેલા માણસો;
> એ બધા શું કરે છે,
> મને ખબર નથી. (પૃ.૧૪)

પણ ગીતો, ભલે તત્ત્વવિચારના રસ્તે, કવિને સરસ મળી જાય છે. '–કે ઇચ્છા હોય સદાયે ગાંડી'ની આ કડીઓ લયસૂઝને છતી કરે છે :

> આગ આગ તવ હોઠ ઉપર શીતળ શીતળ ચૂમી
> પહાડ જેવી છાતી ઉપર રમી રહું રૂમઝૂમી
> લીસ્સો-લીસ્સો વાંસો; મારી ક્લાન્તિને દે કાંડી.... (પૃ.૩૨)

જિમ મોરિસન કહે છે, 'સાચુકલી કવિતા સીધેસીધું કશું કહેતી નથી.' પરંતુ કવિ સીધેસીધું કહી શક્યા છે

(કદાચ સુંદરમ્-મકરન્દ પ્રભાવે કરી....) કે સુરેશની જેમ મધ્યકાલીન ભક્તકવિઓ – અહીં કૃષ્ણદાસ, ઉગારામ, અરજણદાસ અને મોરારસાહેબનાં પદોની પ્રથમ પંક્તિ લઈ ગીતપદો રચ્યાં છે : 'અકળ કળા ગત ન્યારી' (પૃ. ૨), 'અખંડ ઝાલર વાગે ઘટમાં' (પૃ.૩), 'અગમ તીરથ પર જાના સંતો' (પૃ.૪), 'અચરત નજરે આયા સંતો' (પૃ. ૫)

પરંતુ આમાં શિરમોર પદ તો 'સાહેબ હુકમ કરે કે આવું' (પૃ. ૧) છે. અહીં પેલી એકલવાયાપણાની લાગણી જાણે લૂલી થઈ અને ગઈ... મનનું ચલણ બંધ કરી સાહેબ સમક્ષ 'કોરે કાગળ સહી' આપવા એક ભૂતપૂર્વ જજ-લેખક તૈયાર થાય તે સમર્પણ ઓછું નથી! પૃ. ૧૯ ઉપરની રચનામાં 'કરહણને રાખી રુદિયે, કહે ઈમ હાલવું', અને પૃ. ૮૦ ઉપર રાજકપૂરની 'જોકર' અદાથી 'બહાર નથી, અંદર નથી, ઈધર-ઉધર ઈતર નથી' લખી અંતે સનાથતાનો ઉલ્લાસ, 'મારે તો બસ ચારે બાજુ / કિશનની ઠકુરાઈ' મધુર સમાપનમાં પરિણમન પામ્યો છે.

'ઓરડો ઓઢીને ન્હાતી વહુઆરુઓ' જેવી ગીત પંક્તિ સુ.દ.ને 'ઝીણું જોનાર' કવિતારસિકપદે સ્થાપિત કરે છે. ગીતમાં સૉનેટ જડવાનો પ્રયોગ ઝળકતા નંગને વીંટી પહેરાવવા જેવો લાગે.

હીંચકે છાપાંનો ભાર નાખી, બગાસું ખાનાર કાવ્યનાયક આલમની ઊથલપાથલોથી બહાર (આઉટસાઈડર?) રહેવા ચાહે તો છે પણ બધું જાણવાપણાનો ભાર વહેવો ગમાડે પણ છે : 'આ બધાંથી મને શું? પણ જાણ તો રાખવી પડે?' (પૃ. ૫૭) આવી જાણોની પળોજણથી અળગા થઈ કોઈ માસ્ટર મિસ્ટિકની સહજ-સમાધિ-ક્રિયા શી શબ્દરેખાંકિત કરી મહેશ આવે છે ત્યારે અભિનંદનના પૂરા અધિકારી નીવડે છે. અહીં ઝેન કવિતા અવતરી ઊભી છે!

ઊંઘ જો આવતી જ નથી તો
લાવ, સહેજ કરું બાગબાની.
ગોડ કરવા ઉપાડું ખૂરપી
સૂર્યકિરણમાં ચળકે
કાળી ખૂરપીની ચાંદની ધાર
અને પુષ્પિત ધરા પર
અચાનક
તરતું, ઊડતું આવ્યું
એક પતંગિયું.

'કોરા કાગઝ સા યે મન મેરા' પારદર્શક હૃદયથી ગાઈ શકે ત્યાં જ પ્રભુના પયગંબર સમું પતંગિયું તરતું-અવતરતું આવી ચઢે છે.

| | |
|---|---|
| જલાવરણ – રમેશ ર. દવે | **માનવચિત્તની સૂક્ષ્મ ગતિવિધિઓને તાકતી વાર્તાઓ** |
| ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૧, ક્રા. ૧૮૪, રૂ. ૯૦. | **હરીશ ખત્રી** |

'જીવવા મળ્યું એ સઘળું જીવન સઘળી ઈન્દ્રિયો વડે ભરપટ્ટે જીવવાની તાલાવેલી'ને પોતાના લેખન માટે પ્રથમ જવાબદાર પરિબળ માનતા રમેશ ર. દવે 'કિશોરવયથી આરંભાયેલા વાચન'ને બીજું જવાબદાર પરિબળ ગણાવે છે. લેખનમાં પણ વાર્તાસર્જન પ્રત્યેના પોતાના પક્ષપાતનું કારણ શું? અહીં પણ લેખક બે પરિબળોનો નિર્દેશ કરે છે. એક તો, નવલકથાલેખનના મુકાબલે વાર્તાલેખનમાં અનુભવાતો વિશેષ પડકાર અને બીજું 'ઊંચું નિશાન ને ટૂંકો પનો'ની સ્થિતિ પ્રત્યેનું આકર્ષણ, ફાવટ. આવી પરિસ્થિતિ-મનઃસ્થિતિમાં જ જીવવાનો સાચો સંતોષ પામતા હોવાનો લેખક એકરાર કરે છે. પોતાની આ નિખાલસ કેફિયતની પ્રતીતિ એમના આ બીજા વાર્તાસંગ્રહ 'જલાવરણ'ની વાર્તાઓ કરાવી આપે છે.

એક તરફ વૃદ્ધ માની માંદગી અને બીજી તરફ યુવાન દીકરીની પ્રસૂતિની ચિંતા વચ્ચે અફળાતાં ઈલાબહેનની દ્વિધાત્મક મનોદશા 'તો કેવું સારું થતે' વાર્તામાં સુપેરે વ્યક્ત થઈ છે. લાગણીનું તીવ્ર ખેંચાણ અને પોતાની લાચારીની અકળામણ તથા વેદનામાં

મૂંઝાતા માનવીના મનને ક્યારેક મોત પામી છૂટી જવાની ઇચ્છા થાય છે, એને માનવમનની એક અકળ ગતિવિધિ તરીકે જ જોવી રહી. અન્યથા, પોતાની મા અને દીકરીને જ્યારે પોતાની અનિવાર્ય આવશ્યકતા છે ત્યારે માણસનું મન આવું બનીને મોતને કેમ ઝંખે?

'ગઢ-ઉંબર'માં નાયિકાની દ્વિધા અને પલટાતા મનોભાવોનું ચિંતનના ભાર વિનાનું નિરૂપણ બીજા પેરેગ્રાફમાં મળે છે જે વાર્તાને સહજપણે આગળ વધારવામાં ઉપયોગી થઈને આવે છે. પોતાની વૃત્તિને પ્રચ્છન્ન રાખીને, એક પછી એક ઉપકાર કરીને તેનો ભાર લાદી દેતા બોસ વિનયકાન્તની રમતથી સભાન હોવા છતાં નાયિકા અવશ્યપણે ભોગ બને છે. એટલું જ નહીં, પોતાની આવી અવશતાથી સંપૂર્ણ સભાન હોવાને કારણે ઊભી થતી વિડંબના તેની પીડાને તીવ્રતમ બનાવે છે, જેનું સુપેરે નિરૂપણ વાર્તામાં થયું છે.

સફળ અને મોભાદાર કારકિર્દીનાં શિખરે બેઠેલા શનાભાઈના મનમાં વરસોથી જામીને બરફ થઈ ગયેલી લઘુતાગ્રંથિની માનસિકતા બાથટબના હૂંફાળા જળ જેવી નેન્સીની હૂંફ અને લાગણી મળતાં કેવી ઓગળી જાય છે એનું સરસ નિરૂપણ 'મોક્ષ'માં જોવા મળે છે. વાર્તાનાયક સાથે ભાવકને પણ શૃંગારરસના સરોવરમાં ઝબકોળી દેતું નિરૂપણ સરસ છે.

પોતે જે નથી કર્યો એ ગુનાના અપરાધભાવથી પીડાતા નાયકની 'ગુનાહિત લાગણી અને દાહક વંધ્ય અફસોસ'ને સુપેરે વ્યક્ત કરતી વાર્તા છે 'આજે કંઈ નહીં થાય'. માનવમનની સંકુલતાનાં ઊંડાણોમાં ધબરાઈને પડેલી ચિત્રવિચિત્ર ગ્રંથિઓ અને વૃત્તિઓથી જાણ્યે-અજાણ્યે દોરવાતા અને અવશપણે ખેંચાતા માનવીની ચિત્તવૃત્તિને ઝીણવટથી, સફળપણે નિરૂપતી વાર્તાના અંતે જૂનાં છાપાંની ગડ વાળી, વ્યવસ્થિત ટુકડા કરી, મક્કમપણે ડસ્ટ બિનમાં નાંખવાની ક્રિયા, નાયકે અંતે પ્રાપ્ત કરેલા દૃઢ મનોબળનો નિર્દેશ કરે છે.

સુશિક્ષિત અને સમાજમાં પ્રતિષ્ઠિત એવા વસંતરાયને પ્રૌઢ વયે સ્ત્રૈણભાવો જાગતાં તેમના મનો-શારીરિક સંઘર્ષને તથા કુટુંબીજનોને સમાજ વચ્ચે વેઠવી પડતી વિટંબણાને વ્યક્ત કરતી 'હા, રસ્તો એક જ છે' એટલી સંતર્પક બની રહેતી નથી. વસંતરાય જે અનુભવે છે તે વાસ્તવમાં મનોસંઘર્ષ જ છે, મનો-શારીરિક નહીં; કારણ કે શરીર તો મુખ્યત્વે મનની વૃત્તિઓને જ અનુસરતું હોય છે. લિપસ્ટિક લગાડવા લલચાવું કે સાડી-બ્લાઉઝ પહેરવાની ઇચ્છા થવી, એ તો પરિણામ છે, જેનું મૂળ તો માનસિક વૃત્તિના બદલવામાં રહેલું છે. પત્ની-પુત્રની સામાજિક સમસ્યા તથા વસંતરાયના માનસિક સંઘર્ષના નિરૂપણ ઉપરાંત વાર્તા કશું વિશેષ સાધી શકતી નથી. ડૉક્ટર બહેન વંદનાના પાત્ર દ્વારા આવી બદલાતી મનોવૃત્તિના તબીબી પરીક્ષણ, પૃથક્કરણ અને મનોચિકિત્સા જેવી કોઈ શક્યતાની આશા બંધાય છે, પરંતુ વંદના પણ છેવટે તો ભાઈને હૂંફ અને મદદ આપવાની સલાહથી વિશેષ પ્રદાન કરતી નથી. અંતે, બહુચરાજી જવાનો વસંતરાયનો નિર્ણય અપેક્ષિત જ છે, પરંતુ એથી એમના કુટુંબીજનોની વ્યથાનો અંત નહીં આવે; કેમ કે એમણે તો પહેલાં પ્રચ્છન્નપણે અને હવે પ્રગટપણે લોકનિંદા અને ઉપાલંભનો ભોગ બનવાનું જ છે.

કુટુંબજીવનના પ્રત્યક્ષ પ્રદર્શન માટે ગામડેથી 'એક્સ્પો'માં આવેલ કુટુંબના દાદા-પૌત્રની એકલતાની પીડા જેવા, આધુનિક પ્રદર્શનલક્ષી માર્કેટિંગ સ્ટ્રેટેજીના નવીન વસ્તુ પર આધારિત 'કરારભંગ' વાર્તામાં પ્રદર્શન છોડીને ગામભેગા થઈ ગયેલા દાદા-પૌત્રને પાછા લાવી, ઢોરની જેમ ખીલે બાંધવાની વાત કરીને અકળામણ ઠાલવતી કાશીના વિદ્રોહમાં જીવતાં જાગતાં, હરતાં ફરતાં માણસને પ્રદર્શનમાં કરાર વડે બાંધી લઈને પછી ખીલે બાંધી રાખવાની રીતમાં માણસના માણસપણાનો જ છેદ ઉડાવી દેવાની વૃત્તિ પ્રત્યેનો આક્રોશ અને વેદના પ્રગટ થાય છે. વાર્તામાં પ્રયોજાયેલી કાઠિયાવાડી અને શહેરી બોલીનો વિરોધાભાસ વિષયવસ્તુને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે છે.

જીવનયાત્રામાં ક્યાંક, કોઈનો અનાયાસ પરિચય થઈ જાય, તે ગમવા માંડે, સામેથી પણ આવકાર્ય પ્રતિભાવ સાંપડે; પરંતુ સંબંધનો સેતુ બંધાવાની પળે જ અનાયાસ વિચ્છેદ પણ થઈ જાય. જીવનની આવી રમ્ય, ઋજુ પળોનું સુંવાળું આલેખન 'અવઢવ'માં મળે છે. વિચારોની પ્રૌઢી અને લાગણીઓની પરિપક્વતાના સુભગ સમન્વય જેવા મૃદુ સંબંધનું પુષ્પ પાંગરે એ પહેલાં જ ખરી જાય છે. પરંતુ એનાં મધુર સ્મરણની મહેક

શેષ જીવનમાં પમરતી રહે છે. વિષયવસ્તુનું નાવીન્ય, એની ગરિમાપૂર્ણ રજૂઆત, હેમા વિશે કલ્પનાવિહારે ઊડી જતાં મન ઉપર શાલીનતા અને સંસ્કારિતાના ખ્યાલે લાગી જતી બ્રેક દ્વારા પ્રગટ થતી પ્રો. મહેતાની અવઢવનું નિરૂપણ વિશેષ ધ્યાન ખેંચે છે.

રાણા પ્રતાપના વંશજ, પોતાના સિસોદિયા રજપૂત કુળના ગુમાનમાં રાચતા ગુમાનસિંહના નસીબે સાચ્ચેસાચા ભાલાને બદલે પિત્તળના ભાલાને ઝાલીને મંડપને દરવાજે ખોડાવાનું લખાયું છે. ઈતિહાસમાં રસ ધરાવતા ગુમાનસિંહનું ઈતિહાસના શિક્ષક બનવાનું સ્વપ્ન રોળાઈ જાય છે અને ઈતિહાસના એક નગણ્ય પાત્ર જેવા દ્વારપાળનું નકલી પાત્ર ભજવવાનું લાચારીથી સ્વીકારવું પડે છે. પોતાના એવા પતનની વેદના અને વિડંબના ગુમાનસિંહ અનુભવે છે. એના આ આંતરિક મનોસંઘર્ષની લગોલગ, અંતે મુકાયેલા, મુલાકાતીઓના સંવાદમાં આ ભાલાધારી દ્વારપાળ પૂતળું છે કે માણસ છે, એ વિશે શરત લગાવતા સંવાદમાં ગુમાનસિંહની વેદનામાં એક વધુ પરિમાણ ઉમેરાય છે જે તેની વિટંબણાને દ્વિગુણિત કરે છે.

હૃદયના ઊંડાણમાં ધરબાઈને પડેલાં કોમળ સંવેદનોની માણસને પોતાને પણ ખબર હોતી નથી. તો ક્યારેક એ સંવેદનો જગતથી તો ઠીક, પોતાની જાતથી પણ ગોપવીને, પોતાના હૃદયમાં સાચવીને માણસ બેઠો હોય છે. મરણોન્મુખ સેક્શન ઓફિસર તુષાર દ્વારા બૉસ અનુરાધામેડમ પ્રત્યેના પ્રેમનું પ્રાગટ્ય અનુરાધાને હચમચાવી દે છે! એ પોતે જ દ્વિધામાં મુકાઈ જાય છે કે શું મેં મારા વર્તાવ દ્વારા તુષારને ક્યારેય આવો કોઈ સંકેત આપ્યો છે? વળી, તુષારના હૃદયમાં ધરબાયેલી લાગણી પણ પોતાના સુધી તો પહોંચી જ નહોતી! વિધિની વક્રતા એ કે પોતાની અંતિમ પળો માનીને કરેલા પ્રેમના એકરાર પછી તુષાર તો બચી જાય છે; હવે તે મેડમની નજરનો સામનો કેમ કરી શકશે? અને મેડમ પણ આ નવી પરિસ્થિતિમાં તુષાર સાથે આંખો કેમ મેળવી શકશે? એથી જ કદાચ, બેઉ નજરોની વચ્ચે આપોઆપ એક જલાવરણ રચાઈ જાય છે! હૃદયની નાજુક સંવેદના અને તેની અકળ ગતિવિધિને સુપેરે સંયોજતી સરસ વાર્તા.

ફેન્ટસી સાથે માનવચિત્તનાં ઊંડાણોમાં લઈ જતી 'ચુચૂમ્બપુચ્છમ' સંગ્રહની ખાસ નોંધપાત્ર વાર્તા છે. પૂંછડી ઊગવાના વિચારમાત્રથી નાયકચિત્તમાં થતા કલ્પનાવિહારનો વ્યાપ રાવણના દરબારથી કાંકરિયા ઝૂના પાંજરા સુધી તથા રતનબાઈના ખેલથી માંડીને ગિનેસ બુકના વર્લ્ડ રેકોર્ડ સુધી પહોંચે છે! મીઠુંમીઠું મલકાવતી છતાં ભાવકની સંવેદનાને સ્પર્શતી આ એક સફળ વાર્તા છે.

'ભલીવાર' વાર્તામાં ઝવેરભાઈમાં જ ભલીવાર નથી એમ ટોણો મારી એમને શરીરસંબંધ બાંધવા ઉશ્કેરતી ગોમતી અંતે પોતાનામાં જ ભલીવાર ન હોવાનું સ્વીકારીને પોતાની જાતને જાળવી લે છે. વાર્તાની વસ્તુસંકલના ધ્યાનપાત્ર છે. 'ગાંડીનાં સાળાં સાવ ગાંડાં' એવું નાનુ માટેનું મેઘાભાઈનું વેણ સાંભળી ગોમતીના મનોજગતમાં તેની પોતાની જાત સાથે સંવાદ-વિવાદ થાય છે. વાર્તાવસ્તુને ખોલી આપવાની આ રીતિ નોંધપાત્ર છે. દીકરાની લાહ્યમાં ઝવેરભાઈનો અણસાર લઈને બાળક આવે એની અગાઉ ચિંતા ન કરતી ગોમતી હવે એ બાળકને ગામની ગાળો ખાવી પડે એ વિચારે જ પાછી પડી જાય છે. અંતે ઝવેરભાઈને તેણે મોકલેલો સાંકેતિક સંદેશો લાજવાબ છે.

સંગ્રહની અન્ય વાર્તાઓ જેવી કે 'મગનું નામ......', 'મા-શી', 'ગામ તો છે.......', 'શેં સૂવું નિરાંતે' વિષયવસ્તુ અને રજૂઆતની શૈલીની દૃષ્ટિએ નોંધપાત્ર બની રહે છે. સમગ્રપણે જોતાં વાર્તાક્ષમ પરિસ્થિતિઓને પસંદ કરવાની, ખાસ કરીને પાત્રની વિશિષ્ટ મનઃસ્થિતિ કે તેના ભાવજગતમાં પડેલી સંકુલતાઓ સુધી પહોંચવાની ઊંડી અને સૂક્ષ્મ દૃષ્ટિ, એ લેખકનું વાર્તાકાર તરીકેનું સબળ જમા પાસું છે.

સ્થૂળ બાહ્ય ઘટનાને બદલે પાત્રના મનોજગતમાં ડોકિયું કરીને સૂક્ષ્મ મનોઘટનાને તાગવાનું લેખકનું લક્ષ્ય રહ્યું છે, એ સહેજે પ્રતીત થાય છે. અસ્પૃશ્યતા (મોક્ષ, ગામ તો છે), પુત્રેષણા (મા-શી), સ્ત્રીનું શારીરિક શોષણ (ગઢ-ઉંબર) જેવાં પરંપરાગત અને ઘટનાકેન્દ્રી વિષયવસ્તુની સાથે ચુચૂમ્બપુચ્છમ, આજે કંઈ નહીં થાય, અવઢવ, નામે ચંદુલાલ બિચારા, માણસ છે–જેવી મુખ્યત્વે પાત્રનાં મનોસંચલનો-કેન્દ્રી વાર્તાઓ વિશેષ ધ્યાન ખેંચે છે.

દુનિયાની ભીડભાડમાં ભાગ્યે જ કોઈને નજરે પડતાં પાત્રો અને એમની મનોસૃષ્ટિ તથા તેમનાં ભાવજગતને વાર્તાનો વિષય બનાવી તેમાંય સબળ, સક્ષમ વાર્તાકૃતિ

રચવાનો કસબ, વાર્તાકારની વિશેષતારૂપે નોખો તરી આવે છે. અલબત્ત, આવા પ્રત્યેક અરૂઢ વિષયવસ્તુ થકી દરેક વખતે સંતર્પક કૃતિ રચાઈ આવી છે એવું નથી.

વાર્તાના ઉપાડની ઘટના, સંવાદ કે નિરૂપણ વાચકને આકર્ષે છે, પરંતુ તેના પૂર્વાપર પ્રસંગો, પાત્રોનો એકમેક સાથેનો સંબંધ, કથકનું પોતાનું વાર્તામાં સ્થાન જેવી બાબતોને સમજી; વાર્તાના વાતાવરણની બરોબર ગડ બેસાડ્યા પછી જ વાચકનો વાર્તામાં પ્રવેશ થઈ શકે છે. ચોક્કસ આયોજનપૂર્વક લખાયેલું એકેએક વાક્ય અને કાળજીપૂર્વક ચૂંટેલા એકેએક શબ્દથી બંધાતું ગદ્યનું પોત અને ભાવકચિત્તમાં સંક્રમણ પામતી ભાવપરિસ્થિતિ લેખકના વાર્તાકાર તરીકેના સામર્થ્યને સ્થાપિત કરે છે. પાત્રની અરૂઢ મનઃસ્થિતિને ખપમાં લઈને પાત્રનાં મનોસંચલનોનું ઝીણું પણ સ્પષ્ટ, સુરેખ ચિત્રણ ઉત્તમ નકશીકામના નમૂનારૂપ બની રહે છે.

વાર્તા ક્રમાંક ૧,૨,૬,૧૪,૧૮ નાં શીર્ષકોમાં આગળ કે પાછળ કશુંક અવ્યક્ત છોડી દેવાની ચેષ્ટા, કૃતિમાં પ્રગટ કરતાં ગોપિત ઘણું બધું હોવાનો એટલે કે માનવમનની અકળતા ને ગૂઢતાનો સૂચક નિર્દેશ કરે છે. વાતમાં મોણ નાંખી, તેને મલાવી-મલાવી રજૂ કરી ભાવકની ઉત્સુકતા જગાડવાની આવડત લેખકને હાથવગી છે, જે ક્યારેક મર્યાદા બની રહે છે. આને કારણે જ ઘણી વાર્તાઓ પ્રસ્તારી બની છે.

પાત્રસંવેદન કે પરિસ્થિતિની વિડંબના ખૂબીપૂર્વક અને ઝીણવટભર્યાં નિરીક્ષણો દ્વારા હૃદયસ્પર્શી ભાષામાં રજૂ થાય છે. ભાવક વાર્તાના ભાવવિશ્વમાં રમમાણ થઈને વાર્તા માણે છે. એટલે જ પછી અંત વિશે પણ એક વિશિષ્ટ અપેક્ષા ભાવકચિત્તમાં જાગે છે. પરંતુ મોટા ભાગની વાર્તાઓનો અંત ઘણો સંકુલ અને સંદિગ્ધ રહે છે. સ્થૂળ ચમત્કૃતિની ચોટવાળા અંતની અપેક્ષા તો ન જ હોય, પરંતુ કોઈ પણ વાર્તાને અંતે એક વિશિષ્ટ વળાંક, ભાવપલટો, સંવેદનની તીવ્ર અભિવ્યક્તિ કે પછી લેખકના વિશિષ્ટ દર્શનરૂપી એકાદ વાક્ય કે વિધાનનો લસરકો (માસ્ટર સ્ટ્રોક) ન હોય તો વાર્તા સંતર્પક બનતી નથી. આવું ઘણી વાર્તાઓના અંતે થાય છે.

વાર્તાકથનના વિવિધ પ્રયોગો લેખકને એક સશક્ત સર્જક તરીકે ઉપસાવે છે. વાર્તાઓમાં પ્રયોજાયેલી ભાષાનું વૈવિધ્ય પણ ધ્યાનાકર્ષક છે. અનેકવિધ સામાજિક પરિવેશ અને તેની વૈવિધ્યથી ભરપૂર પાત્રસૃષ્ટિસંદર્ભે કથન, વર્ણન અને સંવાદોમાં પ્રયોજાયેલી ભાષા લેખકની ભાષાસજ્જતાનો પરિચય કરાવે છે.

હેલો સૂર્યા! – હરીશ નાગ્રેચા

રન્નાદે પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. ૨૦૦૨, ડે. ૧૯૬, રૂ. ૧૦૫.

## સર્જકતાનું સાતત્ય જળવાયું છે

**શરીફા વીજળીવાળા**

'તું બોલને!', 'અને... છતાં.. પણ...' પછી 'હેલો, સૂર્યા!' એ હરીશ નાગ્રેચાનો ત્રીજો વાર્તાસંગ્રહ છે. દસમા દાયકાના એક સત્ત્વશીલ વાર્તાસર્જક તરીકે ધીમા પણ દૃઢ પગલે ગતિ કરી રહેલા નાગ્રેચાની વાર્તાકાર તરીકે નોંધ લેવી જ પડે એટલી સારી વાર્તાઓ તો એમની પાસેથી મળી જ છે. એમની આરંભની વાર્તાઓમાં જોવા મળેલ પ્રયોગની ચબરાકી અને સંવેદનનું ધૂંધળું મિશ્રણ આ સંગ્રહમાં લગભગ ગેરહાજર છે. પ્રથમ સંગ્રહમાં ઘણી બધી વાર્તાઓમાં ચાવીરૂપ ક્ષણ નહીં શોધી શકેલા સર્જકને આ સંગ્રહમાં એક જ વાર્તા (નસલ)માં આ પ્રશ્ન નડ્યો છે. લપસણી ભોંય પર સરકતા શબ્દોની રેલમછેલ અને ભાષાની વણજોઈતી વરણાગી, આગળના બેઉ સંગ્રહમાં કઠેલી. આ ત્રીજા સંગ્રહમાં એકાદ-બે વાર્તાને બાદ કરતાં લેખક વણજોઈતો પ્રસ્તાર ટાળી શક્યા છે. વાર્તાના પરંપરાગત માળખાને પોતીકી રીતે ખેડતા આ સર્જક પાસેથી સાંપ્રત જીવનના પ્રશ્નોને વાચા આપતી વાર્તાઓ મળતી જ રહી છે. બીજા સંગ્રહમાં 'કુલડી' અને 'કેટવોક' જેવી, સ્ત્રીસમસ્યાને વાચા આપતી

વાર્તાઓ આપનાર નાગ્રેચાએ આ સંગ્રહમાં પણ જીવન-અભિમુખતા જાળવી રાખી છે. આસપાસ જીવાતા જીવનના પ્રશ્નોને સર્જકે કળાના ધોરણે આલેખવાના હોય જ. હરીશ નાગ્રેચા સર્જકતાનું આવું સાતત્ય જાળવી શક્યા છે એનો આનંદ.

આ સંગ્રહની સોળ વાર્તાઓમાંથી 'હોનારત', 'વાસંળીવાળો' અને 'ઉદ્દ્ધ્વસ્ત' સાંપ્રત સમસ્યાને આલેખે છે. 'કૂબો' અને 'ખીંટી'માં સ્ત્રીનો સનાતન પ્રશ્ન રજૂ થયો છે. 'પદભ્રષ્ટ'માં સ્ત્રીમાનસની સૂક્ષ્મ સ્તરની સમસ્યાને વાચા મળી છે. 'એન અફેઅર'માં સ્ત્રી-પુરુષ-સંબંધનાં બે પાસાં–લગ્ન પહેલાં અને લગ્ન પછીનાં – આલેખાવા સાથે, જવલ્લે જોવા મળતી સ્ત્રીની નિખાલસતા આલેખાઈ છે. પણ વાતની શરૂઆત હું જુદા જ વિષયવસ્તુવાળી 'કોઠો' વાર્તાથી કરીશ. માનવમનની એક સાવ જુદી જ કુંઠાની વાત કરતા લેખકે આ વાર્તામાં એક વિરલ વિષયને ન્યાય આપ્યો છે. નાનપણમાં બંધાઈ ગયેલી કોઈ ગ્રંથિ જળોની જેમ વળગી, બધી રીતે સુખી થઈ શકે એવી વ્યક્તિને કઈ હદે દુઃખી કરી શકે – એ આ વાર્તાનો વિષય છે. નાનપણમાં વનમાળીની એકમાત્ર ઇચ્છા-ધખના અન્ય બાળકોની જેમ બાપની આંગળી પકડીને બહાર જવાની હતી. પણ રંગીન તબિયતના બાપા 'રસ્તામાં જવું પડશે તો નાહકનો ફજેતો, જા જઈ આવ તો જ લઈ જઈશ...' એવું કાયમી બહાનું કાઢી નીકળી જાય. પછી તો ટેવ જ પડી ગઈ. બહાર જવાના વિચારમાત્રથી એમનું પેટ સળકતું. એટલી હદે કે આ ટેવથી એ સાવ પરવશ થઈ ગયા. એમના કોઠા પર આખા ઘરનાં સુખચેનનો આધાર હતો. ન લગ્નપ્રસંગે બહાર જતા ન પિકનિક પર... ન કોઇના ઘરે... પારિવારિક જીવન આ એક ટેવને કારણે તનાવભર્યું રહેતું. બધી રીતે સુખી-સંપન્ન વનમાળીની આ એક ટેવને કારણે ઘરમાં સુખને શોધવું પડતું. બાળકોને પણ ખાવા બાબતે ટોકતા, બહાર જતાં પહેલાં જઈ આવવા માટે આગ્રહ કરતા વનમાળીનો કોઠો નહીં પણ એની કુંઠા, મનમાં બંધાઈ ગયેલી ગ્રંથિ જવાબદાર છે આટલી હદની પરવશતા માટે. કેટલીય કોશિશ છતાં આ કુટેવમાંથી છૂટી નહીં શકવાની એમની વ્યથા, બીજાઓને શાંતિથી જઈને ગણગણતા બહાર નીકળતા જોઈને થતી ઈર્ષા, મને જ કેમ આવું?-ની પીડા, કોઈને મારી પડી નથી-નું દુઃખ, અમુક ક્રમે જ ટોઈલેટમાં જવું ને જો એ ક્રમમાં ચૂક થાય તો ફરીથી શરૂ કરવાની ઘેલછા... આ બધા નિરૂપણમાં લેખકનું બારીક નિરીક્ષણ જોઈ શકાય છે. બાળપણની ઝંખનામાંથી ઊભી થયેલી આ કુંઠામાંથી આ જન્મારે વનમાળી છૂટી શકે એવું તો નથી લાગતું. અમુક વણજોઈતી સ્પષ્ટતા વાર્તાને બોલકી બનાવી દે છે. દા.ત. 'પેટની ચિંતાથી વનમાળી ગ્રંથિબદ્ધ થઈ ગયા હતા. સહજતા, હોંશ, ઉત્સાહનો કોઈ અર્થ જીવનમાં રહ્યો નહોતો. બધું હાજત પર અવલંબતું હતું. વનમાળી કશુંય મોકળે મને ભોગવી શકતા નહીં, એથી ધૂંધવાયેલા રહેતા, અસંતુષ્ટ...' (૭) આવા સ્પષ્ટ બયાન વગર પણ પત્ની, બાળકો અને મિત્રો સાથેના તરડાતા જતા સંબંધો દ્વારા આપોઆપ આ બધું વ્યંજિત થતું જ હતું.

સાંપ્રત ઘટનાઓ કે સમસ્યાઓનો પડઘો સર્જક કઈ રીતે પાડે છે એ જોવામાં આપણને રસ પડવાનો જ. વ્યક્તિગત અને સામાજિક સંકુલતા સામે ઝઝૂમતી વ્યક્તિની સમસ્યાને લેખકે 'ઉદ્દ્ધ્વસ્ત' વાર્તામાં વાચા આપી છે. આસપાસ શ્વસતા લોકોની સંવેદનશૂન્યતા, મૂલ્યહ્રાસ, જીવનમૂલ્યો પરત્વેની નિસબતનો સદંતર અભાવ ને છતાંય જીવનરસથી છલછલતા, મસ્તીથી જીવ્યે જતા નઘરોળ લોકો વચ્ચે પોતાની જાતને સાવ એકાકી, ક્યાંક ન ગોઠવાતી અનુભવતા અલખની વાત કરતા સર્જકે સમાંતરે પોલીસ-ગોળીબારમાં મરી જતા લોકોને આતંકવાદી તરીકે ખપાવી દેતા તંત્રના બોદાપણાની વાત પણ કરી લીધી છે. 'ઉદ્દ્ધ્વસ્ત' વાર્તાના અલખનો વ્યવહારના જગત સાથે કોઈ મેળ નથી ખાતો. દુનિયાદારીના બધા પ્રકારના ખેલ ખેલી જાણનારા એને ઈડિયટ કહે છે. ઓફિસમાં લાંચ લેવાના ગુનામાં એને ફસાવ્યો છે. ઘરનાં લોકો અલખ પર ખફા છે. એના પર આરોપ મુકાયો એટલે નહીં પણ એ મૂર્ખાએ દસહજાર રૂપિયા ઘરભેગા કેમ ન કર્યા એ વિચારે બધા ગુસ્સે છે. રખાત રાખતો બાપ શિવશંકર યજમાનોને ઊઠાં ભણાવીને ટાઢે કોઠે ધૂતે છે. નાનો ભાઈ ચિંતન કાળાંધોળાં કરીને અઢળક કમાઈ શકે છે. આ બધાની સામે આગવા વિચારો, પ્રામાણિકતા અને આદર્શોએ અલખને ક્યાંયનો નથી રહેવા દીધો. ઘરમાં એની કોડીની

પણ કિંમત નથી. અહીં બે દશ્યો સમાંતરે આલેખાયાં છે. એક બાજુ ન ઘરનો ન ઘાટનો–ઉદ્ધ્વસ્ત – રહી ગયેલા અલખની ગતિવિધિ અને વિચારધારા. અને સમાંતરે પોલીસ-ગોળીબારમાં માર્યા ગયેલા અલખની ડાયરીમાંથી ઊઘડતું એનું વ્યક્તિત્વ... અલખની લાશ લેવાનું ઘરમાંથી કોઈને સૂઝતું નથી પણ કોમ્પન્સેશન મળશે કે નહીં એ પૂછવા બાપ ધક્કો ખાય છે. ઈન્સ્પેક્ટર ઓઝા અલખના થેલામાંથી, એની ડાયરીમાંથી આરોપ મૂકવા જેવું અને ન મળે તો આરોપ ઊભો કરવા જેવું કંઈક ફંફોસે છે. અલખની ડાયરીમાં વ્યક્ત થયેલા એના તેજાબી વિચારો, મૂલ્યહ્રાસ પરત્વેનો એનો આક્રોશ, એની હિંસક પ્રતિક્રિયા – આ બધું ઓઝા માટે અલખને આતંકવાદી ઠેરવવા માટે પૂરતું છે. અલખને અફસોસ છે કે શિક્ષકે, દાદાએ અને પછી પુસ્તકોએ શા માટે એને સારમાણસાઈનો રક્તપિત્ત ચોંટાડ્યો? નથી એ જૂઠું બોલી શકતો, નથી અપ્રામાણિક થઈ શકતો કે નથી કોઈને છેતરી શકતો. સંવેદનજડ થતા જતા અલખની નિરાશા, હતાશા અંતે રોષમાં પરિણમે છે. પૈસા સિવાય કશાનું મહત્ત્વ નથી એવો એનો પ્રલાપ, એના વ્યક્તિત્વનું રૂપાંતર દર્શાવે છે. એને મારફાડ, હિંસા, પોર્નોગ્રાફી વગેરે ગમતું જાય છે એ એની હતાશાની પરિસીમા છે. સાંપ્રત પ્રશ્નની વાત કરતા લેખકે આદર્શો-સિદ્ધાંતોની જટાજૂટમાં અટવાઈ નિર્માલ્યતા અને નિસ્સહાયતા અનુભવતા અલખના વ્યક્તિત્વમાં આવતા બદલાવને વાર્તાના કેન્દ્રમાં રાખેલ છે.

આપણી આસપાસના જગતમાં જે કંઈ બની રહ્યું છે એનો અંગત જીવન પર કેવોક પ્રભાવ પડે છે એની વાત લેખક 'વાંસળીવાળો' વાર્તામાં કરે છે. 'કૌન બનેગા કરોડપતિ' એવું નામ પાડ્યા વગર લેખકે આ વાર્તામાં વાત  તો એ ગેમ-શોની જ કરી છે. પ્રેમલગ્ન કરેલાં કૌશલ-પ્રભાનો મિત્ર તનિલ આ વાર્તાનો કથક છે. ત્રણેય રોજ રાતે સાથે બેસી ગપ્પાં મારે છે. ટી.વી. જુએ છે. વાતો દરમ્યાન પ્રભાનો સરસ ઘર, સમૃદ્ધ જીવન વગેરે માટેનો અસંતોષ સતત ઝમ્યા કરે છે. કથકને એ બેઉના ઝઘડા પરથી લાગે છે કે ખરેખર એ બેઉ ક્યારેક એકબીજાના પ્રેમમાં હતાં જ નહીં, પ્રેમમાં હતી એકબીજા વિશેની ધારણા – જે ખોટી પડી હતી. રોજની કચકચ, અસંતોષ ગેમ-શો જોતી વખતે પરાકાષ્ઠાએ પહોંચે છે. કૌશલને બધા જવાબો આવડે છે પણ એને એનાં મૂલ્યો વધુ વહાલાં છે. આ રીતે કમાયેલા વૈભવમાં એને કોઈ રસ નથી. આ ચકમક તું-તાં-માંથી હાથ ઉપાડવા સુધી પહોંચી જાય છે. ગુસ્સે થઈ બહાર નીકળી જતો કથક વિચારે છે – 'રોકડાના રણકારની લહે લગાડતો ગેમ-શોનો વાંસળીવાળો શહેરમાં પાછો ફર્યો છે.' (૯૭) વાર્તા અહીં પૂરી થવી જોઈતી હતી. પછીના ફકરાથી વાર્તાને કોઈ ફરક નથી પડતો. દશ્યમાધ્યમે વૈભવી જીવન માટેની મહત્ત્વાકાંક્ષાઓને કઈ હદે વકરાવી છે એ પ્રભાની માનસિકતા પરથી જોઈ શકાય છે.

'હોનારત' વાર્તામાં લેખકે મુંબઈની લોકલ ટ્રેનો પર પથ્થર ફેંકાવાની સાંપ્રત ઘટનાને ગૂંથી છે. એકબીજા સાથે જરાય સંબંધિત ન લાગે એવી બે ઘટનાનું સમાંતર આલેખન અહીં થયું છે. બે દશ્યો સમાંતરે આલેખવાની આ પ્રયુક્તિ લેખકે એક કરતાં વધુ વાર્તામાં અજમાવી છે. લોકલ ટ્રેન પર પથ્થર ફેંકાતાં ઘાયલ થયેલી છોકરીને દવાખાને દાખલ કરવા નિમિત્તે થતી પૂછપરછ, પોલિસતંત્ર, વગેરેની સમાંતરે મુંબઈનું એક સાવ નિરાળું જગત ઊઘડતું આવે છે. જેમાં રબર, ટીનનાં ડબલાં-ડબલી કાગળ વગેરે વીણી પાંઉવડા કમાતા ભનુ નિમિત્તે મુંબઈમાં રોજ ઠલવાતા ભનુ જેવા હજારો છોકરાઓની નરક જેવી જિંદગી આલેખાઈ છે. એમની અંદર પેધાં પડતાં અપલક્ષણો આલેખતા લેખક આ છોકરાઓની જિંદગીનો હબકી જવાય એવો કુરૂપ ચહેરો તાદશ કરાવી શક્યા છે. લોકલ ટ્રેન પર પથરા ફેંકાવા પાછળ આવાં સંકુલ કારણો કે પરિસ્થિતિ પણ હોઈ શકે એવી શક્યતા તરફ લેખક આંગળી ચીંધે છે.

'કૂલડી' અને 'કેટવોક'ની જેમ 'કૂબો' વાર્તામાં પણ હરીશ નાગ્રેચાએ સ્ત્રીની સૂક્ષ્મ સ્તરની સમસ્યાને સ્પર્શી છે. આજે બદલાયેલા જીવનસંદર્ભે વ્યક્તિગત અને સામાજિક મૂલ્યો બદલાયા છે ત્યારે સ્ત્રીની સમસ્યામાં, એના શોષણમાં બદલાવ આવ્યો છે? સાચા અર્થમાં સ્ત્રી એની મરજીની માલિક થઈ છે ખરી? પુરુષના અહમ્, સ્ત્રી પરના એના માલિકીભાવમાં કોઈ ફરક પડ્યો છે ખરો? 'કુલડી', 'કેટવોક' કે 'કૂબો' વાર્તા પરથી જોઈ શકાશે કે પુરુષનું સામંતશાહી માનસ જરાય નથી પલટાયું.

'કૅટવોક'નો ઉદય હોય કે કપિલ કે 'કૂબો' વાર્તાનો વિરમ, સ્ત્રી નિર્ણય લેતી થાય, પુરુષને પૂછ્યા વગર કંઈ કરતી થાય એ સાથે જ એમનું પ્રેમાળ વર્તન બદલાઈ જાય છે. ફરજ, પ્રેમના ઓઠા હેઠળ નખાયેલા દશ્ય-અદશ્ય પાશ ન તોડી ત્યાં સુધી પ્રેમાળ, હૂંફાળું જગત ટકી રહેવાનું. પણ એ પાશ તોડી બહાર ડગલું દેવાની કોશિશ કરો કે ભ્રાંતિનું વિશ્વ વિખેરાઈ જવાનું ને 'મારા ઘરમાં...' વાળી વરની ધમકી આવી પડવાની. ઘર માટે સ્ત્રી જિંદગી ઘસી નાખે, જીવનભરની કમાણી વાપરી નાખે તોય એ જ ઘરમાં કોઈને આવકારવા કે રાખવા માટે એણે પતિની મરજી જાણવી પડે, મંજૂરી મેળવવી પડે તો એ ઘર એનું કઈ રીતે કહેવાય? આ પ્રશ્ન લગ્નનાં આટલાં વર્ષો પછી કુંજને થાય છે. વિરમે આ ઘર પર 'વિરમ-કુંજનો કૂબો' લખાવ્યું હતું. પણ વખાની મારી ઘર છોડી બેઠેલી બેનપણી નિયતિને કુંજે 'આવતી રહે અહીં' કહ્યું એ સાથે જ 'ખરી છે તું, નિને ઘેર બોલાવે છે. હું સામે ઊભો છું તોય તું તો પૂછતીય નથી મને, કેમ?'(૧૮) એવો વિરમનો હુંકાર એને સાંભળવો પડે છે. અચાનક આવી ચડેલો વિરમનો મિત્ર અઠવાડિયું રોકાઇને હમણાં જ ગયો હતો. વિરમે તો નો'તું પૂછ્યું કુંજને... તો કુંજે શા માટે પૂછવું પડે? કુંજ બોલી નથી શકતી પણ નિરાધારતાની નાલેશી એને સ્તબ્ધ કરી મૂકે છે. નિયતિના તૂટેલા લગ્નજીવન નિમિત્તે કુંજની હૂંફાળા કૂબાની ભ્રમણાઓ તૂટી ગઈ. વિરમને પૂછ્યા વગર પોતે કોઈને એક રાત માટે પણ આવકારી ન શકે એ સભાનતા જાગી ચૂકી. હવે ધારો કે કુંજ સમાધાન કરી પણ લે તોય પેલી ભાંગેલી ભ્રમણાનું શું અને આ જાગેલી સભાનતાનું પણ શું? નિયતિનો ફોન ન આવ્યો હોત તો કુંજનું ભ્રમણાનું વિશ્વ જળવાઈ રહ્યું હોત. કુંજને છેક આટલાં વર્ષે પોતાની બાનું 'પૂછી જોઈશ તારા બાપુને' સમજાય છે. આ કંઈ એકલી નિયતિ કે એકલી કુંજની સમસ્યા થોડી જ છે? કુંજની માનો કે કુંજની દીકરીનો પણ આ જ પ્રશ્ન હોવાનો એટલે જ નિયતિને આવકારવા તૈયાર થતી કુંજ એક નિર્ણય કરે છે : દીકરી સૌમ્યાના લગ્નમાં એનાં સાડી-ઘરેણાં એવા કશા માટે પૈસા નહીં વાપરે. સૌમ્યાને પોતાના નામે ઘર લેવા માટે એ પૈસા આપશે જેથી કચવાતા જીવે એણે કોઈની રજા લેવી ન પડે. કુંજ દ્વારા 'ઘરની દરેક ઇંટનો રંગ આપણા લોહીથી લાલ કેમ ન બન્યો હોય, ભીંત અંતે ઓળખાય છે એમના અહંના વ્હાઇટ વોશથી જ કેમ? એને પ્રશ્ન કરાવવાની જરૂર નો'તી. વાર્તાની વિસ્તરતી વ્યંજના આવા પ્રશ્નો જાગવા જેટલી સક્ષમ છે જ.

કોઈને કોઈ રીતે શોષાતી, દરેકની જરૂરિયાતને ટાંગવા માટેની ખીંટી બનીને રહી જતી સ્ત્રીની પીડા 'ખીંટી' વાર્તામાં આલેખાય છે. કમાતી દીકરીને માબાપ પરણાવવાનું ટાળતાં હોય એવા થીમની વાર્તાઓ આપણે ત્યાં લખાઈ છે. લેખક આ જાણીતા વિષયવસ્તુને જુદી રીતે આલેખે છે. સ્ત્રીના બેવડા શોષણને આલેખતી આ વાર્તા પૂર્વસૂરિઓએ લખેલી વાર્તાઓને અતિક્રમી શકી છે. 'ઘરકામ કરી છેલ્લે શ્વાસે નોકરીએ પહોંચવા રોજ ભાગદોડ કરતી શહેરની અસંખ્ય યુવતીઓમાંની એક હું પણ છું.'(૮૦) કહેતી હેતલ પોતાની પીડાની કથા માંડે છે. મા પર પારાવાર જુલમ કરતો જયંતી હેતલને કદી બાપ લાગ્યો જ નથી. પડકારતી પ્રતિકારતી દીકરી, જયંતીને પણ અકારી લાગે છે પણ જેવી એ પગાર લાવતી થઈ કે એને પરણાવી દેવાના ઉધામા બંધ પડી ગયા. જયંતીને ઓળખી ગયેલા ભાઈઓ પોતાની રીતે ઘર છોડવાનો રસ્તો શોધી લે છે. મેન્ટલી રિટાર્ડેડ ચંદુ વીસ વરસનો છે. એના ધક્કાથી હેતલની મા તો કાયમી ધોરણે સુખી થઈ ગઈ પણ હવે રહી ગઈ હેતલ. પંકજને પ્રેમ કરતી હેતલને આ ઢસડબોળામાંથી છૂટવું છે. પોતા માટે જીવવું છે. પણ પંકજ જ્યારે એને કહે છે : 'બા સખત બીમાર છે હેતલ, ઘરમાં કોઈ પોતીકું નથી એમની સંભાળ લેવા. લગ્ન પછી નોકરી કરવાની તારે જરૂર નથી. હવે તું રાજીનામું આપી દે....તું શું વિચારે છે? બોલતી કેમ નથી, હા કે ના...ખેર....તને આ જો મંજૂર ન હોય તો મારું તને કોઈ દબાણ કે બંધન નથી. તારી મરજી. પણ બે દિવસમાં જવાબ આપજે. નહીં તો હું...'(૮૭) 'તારી મરજી'ની ઉદારતા પાછળ 'નહીં તો હું'ની ગર્ભિત ધમકી પડેલી છે જ. હેતલ ખીંટીની જેમ ખોડાઈ જાય છે. પંકજે પણ જયંતીની જેમ એના ઉપર પોતાની જરૂરિયાત ટિંગાડી દીધી હતી. હેતલ દ્વિધામાં છે. જયંતી કે પંકજ...એણે ખીંટી તો બનવાનું જ છે. ત્રીજો કોઈ વિકલ્પ એની પાસે છે જ નહીં. કારણ કે

એકલા રહેવાનો ત્રીજો વિકલ્પ ખીંટી બનવા કરતાં પણ અઘરો છે એ હેતલ સમજતી જ હોય.

'એ' વાર્તામાં, કમાતી હોવા છતાં પતિથી હદ બહારની દબાયેલી મીતા અને એને વધુ ને વધુ દબાવતા પતિ ઉમેશની વાત છે. વાતે વાતે વાંકુ પાડતા ઉમેશો અને બધી વાતે પતિને શરણે જતી, હાથ જોડી સમાધાનો કરતી મીતાઓની સમાજમાં જરાય ખોટ નથી. દીકરી તો સાસરે જ ભલી, હવે તારું સાચું ઘર પતિનું ઘર, સાસરાની શૂળી પિયરની પાલખી કરતાં વધુ સારી જેવાં સમાજનાં ધારાધોરણો હોય ત્યાં મીતાઓને આમ જ વ્યક્તિત્વ વિહોણા થઈ, દરેક પ્રકારનાં અપમાનો ગળી જઈ જીવ્યા સિવાય છૂટકો નથી. નહીં ગમે તો, વઢશે તો... જરાક પણ આત્મવિશ્વાસ વગરની આ સ્ત્રી દરેક વાતમાં પોતાનો જ વાંક શોધવાની....સમાજ અને પુરુષ બેઉનું સામંતશાહી માનસ ન પલટાય ત્યાં સુધી મીતા જેવી સ્ત્રીઓના કપાળે લીલા જામા થતા રહેશે ને એને સંતાડવા મીતાઓ–આર્યનારીઓ–ખોટું બોલતી રહેશે.

'પદભ્રષ્ટ' વાર્તાની ગાર્ગીનો સંઘર્ષ જમાના અને જાત બંને સાથે છે. જાહેરાતની દુનિયામાં આપમેળે પોતાનું નામ બનાવનારી ૩૪ વર્ષની ગાર્ગી હસબન્ડ હન્ટિંગની માથાફોડથી ત્રસ્ત થઈ ઘર છોડીને નીકળી ગયેલી દસ વર્ષ પહેલાં. વિન્ડો-શોપિંગ કરતા હોય એમ છોકરા જોવા આવતા. કોઈને પસંદ ન પડતી ગાર્ગી મનોમન પ્રતિકાર કરે છે : 'ન થાય તો શું કરું હું? ભરબજારે ઊભી રહું?' પણ ગુણવંતીમાંથી પોતાના પગ પર ઊભી થયેલી ખુદ્દાર, મેધાવી ગાર્ગીની દલીલ છે 'નર પૂરતો વર નહીં...હું સહભાગી છું, સુખનું સાધન નથી.. આઈ એમ નૉટ એ થિંગ. પહેલાં હું સંવેદના છું, પછી મેધા. ફીમેલ તો છેલ્લે છું...'(૧૦૨) પણ એની મેધાથી, એની સફળતાથી પુરુષ છેટો ભાગે છે.

ગાર્ગીને પ્રશ્ન થાય છે – 'નિર્વસ્ત્ર સ્ત્રીના દેહ કરતાં એની નિરાવરણ તેજસ્વિતા પુરુષને શું વધુ અશ્લીલ, ભયાવહ લાગતી હશે?' (૧૦૩) ગાર્ગીથી આકર્ષાયેલા પ્રણવના મનમાં પ્રથમ સ્પર્શે જ આધિપત્યનો ઉન્માદ ઉભરાઈ ઊઠે છે. 'યુ હેવ ડન ઈટ'વાળું આધિપત્ય. પ્રસન્ન ગાર્ગી તરતની ક્ષણે જ એ પારખી જાય છે. 'પ્રણવે એને ગાર્ગી તરીકે નહીં, અહમ્ તર્પક સમિધ તરીકે સ્પર્શી હતી.' (૧૦૮) પ્રણવનો આનંદ કેવા શબ્દોમાં કબૂલાય છે? 'આ ક્ષણે જેટલા આનંદ-ઉન્માદ મારા મનમાં છે એટલા મારી પ્રોડક્ટ્સના સેલથી... ભલભલી માર્કેટ કેપ્ચર કરતી વખતે પણ મેં ક્યારેય નથી અનુભવ્યા!' (૧૦૮) ગાર્ગીને પ્રણવ ત્રાહિત લાગ્યો. પ્રણવની નજરમાં એ વ્યક્તિ નો'તી. કેપ્ચર કરવા જેવી ચીજ હતી... એક પડકાર ને બીજું કંઈ નહીં... પ્રણવને નન્નો સંભળાવતી ગાર્ગીને મનમાં ઘર કરી ગયેલા પુરુષ તરફના સ્વામીત્વભર્યા પોતાના અભિગમથી મુક્ત થવું છે. ગાર્ગીનો સંઘર્ષ જાત સામે છે. એના આ અતિ સૂક્ષ્મ સ્તરના સંઘર્ષને કોઈ સમજે એવી શક્યતા નહીંવત્ છે. એને સ્ત્રી તરીકે નહીં, વ્યક્તિ તરીકે જીવવું છે. પોતાની અંદર ઘર કરી ગયેલી પુરુષના સ્વામીત્વની પ્રતિષ્ઠાને ખંખેરી નાખવી છે....તો જ એ ગાર્ગી તરીકે જીવી શકે એમ છે... ગાર્ગીનો આ સૂક્ષ્મ સંઘર્ષ પોતાના સમયથી આગળ છે.

'ઍન અફેઅર' પ્રકારની વાર્તા આપણે ત્યાં ભાગ્યે જ લખાઈ હશે. પરણેલા પુરુષના પ્રેમમાં પડતી સ્ત્રી એ પુરુષ વિશે કેટલું તો ઓછું જાણતી હોય છે એના ઘડી-બે ઘડીના સહવાસમાં? પેલાની રોજિંદી ટેવ-કટેવ, એના ગમા-અણગમા, એનો પુરુષસહજ વ્યવહાર, અહમ્... આ બધા વિશે જાણવા તો એક છત નીચે રહેવું પડે. આસ્મા જ્યારે પરિણીત હર્ષના પ્રેમમાં પડી ત્યારે એને મન હર્ષ માટેનું પોતાનું ખેંચાણ, હર્ષની હાજરી, હર્ષ પ્રત્યેનો પ્રેમ એ જ મહત્ત્વનું હતું. હર્ષ એના માટે શું અનુભવે છે એની એને પડી જ નો'તી. પોતે કશું ખોટું કર્યું હોય એવું પણ એ નો'તી માનતી. તો હર્ષની પત્ની વીરાને એ નથી સમજાતું કે લગ્નના સાત જ વર્ષમાં એવું શું થયું કે હર્ષ.... વીરા અને આસ્માના મનની લીલાને લેખકે સમાંતરે આલેખી છે. બેઉનાં આંતરમન જાણ્યા પછી વાચક બેઉને આમને-સામને જુએ છે. આસ્મા હર્ષને સાચી રીતે સમજી શકે એ માટે વીરા હર્ષ વિશે એને બધું કહે છે. કારણકે પ્રેમમાં સ્ત્રીને ફક્ત પ્રેમી જ દેખાય છે. એ પુરુષ ટેવ-વલણ-અપેક્ષા-ઇચ્છાઓનો અકબંધ ભારો પણ છે અને લગ્ન પછી એ ભારો છૂટે છે એ વાત વીરાને કહેવી છે જેથી આસ્મા હર્ષમાં ફક્ત પ્રેમી કે પતિને નહીં, પુરુષને પણ ઓળખી શકે. હર્ષનો અહમ્, ખાવા માટેનાં એનાં નખરાં, એના ગમા-અણગમા, કુટેવો,

હર્ષનાં કુટુંબીજનોને સાચવી લેવાની જવાબદારી... આ બધા વિશે સાંભળીને આસ્માના પગ હેઠળની ધરતી સરકી જાય છે. કેટલીવાર હોટલમાં સાથે જતાં હોવા છતાં પણ રસોઈ-રસોડા વિશે કે હર્ષનાં કુટુંબીજનો વિશે કેમ કદી વિચાર જ નહીં આવ્યો હોય?.... એ હર્ષ વિશે ખરેખર કશું જાણતી હતી ખરી? એ પ્રશ્ન થતાંની સાથે આસ્માને વીરા પર ગુસ્સો આવે છે. એના મનગમતા, મેઘધનુષી ચિત્રને વીરાએ વેરવિખેર કરી નાખ્યું હતું. પણ વીરાને તો પત્નીમાંથી ફરી વીરા થવું હતું. તુચ્છકાર, અવગણના, માનહાનિની પીડાની રૂબરૂ થયા વગર એની મુક્તિ શક્ય નો'તી. વીરાને તો પીડાને રૂબરૂ થયા પછી મુક્તિ મળેય ખરી પણ આવા હર્ષને ઓળખ્યા પછી હવે આસ્માનું શું? આ સંકુલ અને મુંઝવતા પ્રશ્ન પાસે લેખક સંયમભેર આસ્માને એકલી છોડી દે છે – આ પ્રશ્નનો જવાબ એણે જાત પાસેથી જ મેળવવો રહ્યો.

'હાજરી' વાર્તા સ્ત્રીપુરુષ-સંબંધનું એક અલગ પાસું ઉઘાડે છે લેખક. પતિના પ્રવાસોથી કંટાળતી, ચીડાતી પૂર્વીને ધીરેધીરે પતિની ગેરહાજરી કોઠે પડી જાય છે. હવે આસવ ઘરે હોય ત્યારે એને ચેન નથી પડતું... જે દિવસે આસવ નોકરીથી કંટાળીને રાજીનામું આપીને આવે છે ત્યારે પૂર્વી ચમકી જાય છે. પણ તરતની ક્ષણે આસવ એને ચાર-પાંચ દિવસ પિયર જઈ આવવાનું કહે છે ત્યારે પ્રશ્ન થાય–કોણ કોની હાજરી નથી જીરવી શકતું? કદાચ બેઉની હાલત સરખી જ છે.

વાર્તારસની દૃષ્ટિએ 'કન્ફેશન' પણ સારી વાર્તા છે. કાળાગોરાના ભેદને રજૂ કરતી 'નસલ' વાર્તામાં કેન્દ્રવર્તી પાત્ર અને કેન્દ્રવર્તી ક્ષણ ચુકાઈ ગયાં છે. માત્ર નવા અનુભવવિશ્વનો અહીં પરિચય થાય છે, વાર્તા નથી મળતી. 'રખેને જો...' એના અકળ રહી જતા અંતને કારણે કોઈ પ્રભાવ નથી પાડી શકતી. 'ફાંસ' વાર્તામાં વિચારોની અરાજકતાને કારણે ઊભું થતું સંકુલ વિશ્વ પ્રથમ વાચને નહીં પકડાય. વાર્તાન્તે આવતો પત્ર નંદલાલ દેસાઈના મનની લીલાઓ, એની અધૂરી એષણાઓને અમુક અંશે પ્રગટ કરે છે. ગૂંચવાઈ ગયેલા, તરડાઈ ગયેલા સંબંધો, અભાવો લાગણીઓનું સંકુલ જગત, નથી અને છે એવા પાત્રો અને વિગતોની સેળભેળના કારણે ઊભી થતી અરાજકતામાંથી વાચક માર્ગ તો શોધી શકશે પણ વાર્તા વધુ પડતી લંબાઈ ગઈ છે એવું એને લાગશે.

'પરીકથા' એક બાળકની વ્યથાની કથા છે. વર્ષોનાં ધરબી રાખેલાં સપનાં સાચાં પાડીને મિત્રાએ ઘરને સજાવ્યું છે. પતિ કે દીકરા બદલ તો એ કોઈ ગૌરવ લઈ શકે એમ નથી. એના માટે તો આ ઘર અને એની સજાવટ જ ડોક ટટ્ટાર રાખવા માટે રહી ગયાં છે. એટલે બાપ-દીકરાને બધું બરાબર રાખવાની, ટેબલને નહીં અડવાની ચેતવણીઓ મળતી જ રહે છે. માની કચકચથી વાજ આવી ગયેલો દીકરો બિટુ તો પૂછી બેસે છે. 'મમ્મા, તને હું વધુ ગમું કે ટેબલ...'(૭૧) દર્શનને મિત્રા પ્રત્યે સહાનુભૂતિ છે પણ બિટુનો વિરોધ વધતો જાય છે. આ ન કર, એને ના અડક-ના પ્રતિકારમાં એનો બાળરોષ ભભૂકી ઊઠે છે : 'મનેય ગમે છે ટેબલ, તો કેમ ન બેસું? ઘર ત્રણેયનું છે કે એની એકલીનું? ....એ કહે એમ જ કરવાનું, એની જ દાદાગીરી ચાલે, જાણે ઘરનો મોનિટર....'(૭૪) સુખી છું-નો ભ્રમ જાળવવા વલખાં મારતી મિત્રા પ્રત્યે દર્શનને રોષ નથી પણ બિટુનું બાળપણ આમ ભરખાઈ જાય એ પણ એને મંજૂર નથી. સતત છણકા, કચકચથી ત્રસ્ત બિટુ પરીની વાર્તા સાંભળી ગુસ્સે થઈને સંભળાવી દે છે 'ખોટી છે વાર્તા, પરી છે જ નહીં... ઈટ્સ એ લાય...'(૭૮) ને દર્શન આઘાતનો માર્યો મૂઢ થઈ જાય છે. આ ઉંમરે જો પરીકથામાંથી વિશ્વાસ ઊઠી જાય તો બાળપણ બચે કેમનું? ને તો પછીથી જિવાય કેમનું?

જેના પરથી સંગ્રહને નામ અપાયું છે તે 'હેલો, સૂર્યા!'માં વાર્તા કહેવાની લેખકે શોધલી પ્રયુક્તિ ગમી જાય એવી છે. સૂર્યાએ આપેલી સ્ક્રિપ્ટ વાંચતાં ટી.વી. સિરિયલના દિગ્દર્શક સૂર્યાથી પ્રભાવિત છે પણ દેખાડવા નથી માગતા.. સ્ક્રિપ્ટના વાચન દરમ્યાન સમાંતરે એમનું મન દશ્ય ગોઠવતું જાય છે... સંવાદો વચ્ચેનો અવકાશ દિગ્દર્શકના વિચારજગત દ્વારા પુરાતો જાય છે... વાચન સમાંતરે દશ્યોમાં સૂર્યા ગોઠવાતી જાય છે. વાચનના અંતે રણકી ઉઠેલા ફોનને ઊંચકતાં 'હેલો, સૂર્યા!' કહેવાય છે ત્યારે – વાદળ વિખેરાઈ રહ્યાં હતાં ને ઉઘાડ જેવો ઉજાસ પથરાઈ રહ્યો હતો – દ્વારા વાર્તાનાયકના મનનો ઉઘાડ સૂચવાયો છે.

એક કરતાં વધુ વાર્તાઓમાં લેખકે સમાંતરે બે

દશ્યો રજૂ કરવાની પ્રયુક્તિ સ્વીકારી છે. ક્યાંક બે દશ્યો છે દા.ત. 'હોનારત', 'ઉદ્ધ્વસ્ત'. તો ક્યાંક બે વ્યક્તિના મનની લીલા સમાંતરે મૂકી આપી છે. દા.ત. 'એન અફેઅર'. આગળના સંગ્રહોની જેમ નામધાતુનાં ક્રિયારૂપો રચવાની આદત આ સંગ્રહમાં પણ દેખાય છે. દા.ત. હું તિરાડાઈ ગઈ (૨), ચા ચૂસકવા માંડી (૧૭૭), વિચારમાં વિદ્રોહતો (૧૮૭).

ગદ્યની તાજી ગમી જાય એવી તરાહ પ્રયોજી શકતા આ લેખકનું અનુભવજગત પણ સાંકડું નથી. સ્ત્રી-પુરુષ-સંબંધની વાત પણ એ ચીલાચાલુ ચવાઈ ગયેલી ઢબે નથી કરતા. સ્ત્રીના આંતરમનને સમજી શકતા સર્જક સ્ત્રીમાનસની સૂક્ષ્મ સ્તરની સમસ્યાઓને કલાત્મક ઢબે વાચા આપી શક્યા છે. હજી પણ ક્યારેક એમની વાર્તાઓમાં વાચાળતા, બધું કહી દેવાની ઉતાવળ પ્રવેશી જાય છે. એને ટાળવા જેટલો કલાસંયમ તે દાખવે તો કોઈએ ભાગ્યે જ કશું ટીકાત્મક કહેવાનું રહેશે.

**ખોવાઈ ગયેલી વસ્તુ – ધીરેન્દ્ર મહેતા**

ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૧, ક્રા. ૨૬૮, રૂ. ૧૦૦.

## માનસિક સ્તરે પ્રસરતી નવલકથા

**યોગેશ જોશી**

છેલ્લા થોડા દાયકાથી અમેરિકન કલ્ચરનું જબરજસ્ત આક્રમણ થઈ રહ્યું છે.... ભૌતિક સમૃદ્ધિ માટે અમેરિકા જવાનો આંધળો ધસારો સતત વધતો જાય છે. આવાં પરિવારો શું પામે છે, શું ગુમાવે છે – એ વિષયવસ્તુ પર આ નવલકથા રચાઈ છે. સુરેશ જોષી વખતે વસ્તુ કરતાંય આકાર પર વધારે ભાર મુકાયો હતો. દર્શક પછીની નવલકથાઓમાં કોઈ કોઈ અપવાદ બાદ કરતાં વીઝન–દર્શન–ઉપર ઓછો ભાર મુકાય છે. 'ખોવાઈ ગયેલી વસ્તુ'માં સાંપ્રત સમય-સંસ્કૃતિને ઝીલતા વિષય-વસ્તુ તથા સ્વરૂપના સમતોલન સાથે એક દર્શન પણ પ્રગટે છે.

કડિયાકામ માટે મજૂરીએ જવું એને કચ્છમાં 'મૂલે જવું' કહે છે અને મૂલે જનાર સ્ત્રીઓને મૂલિયાણી. મજૂરી કર્યા પછી જે મહેનતાણું મળે એને 'મૂલ' કહે છે. આ 'મૂલ'ને વીરજીની માના પાત્ર દ્વારા 'જીવનમૂલ્ય' સુધી લઈ જવામાં લેખક સફળ થયા છે. વીરજી પરદેશ જઈને ખૂબ કમાય છે. છતાં મા છેવટ સુધી મૂલે જવાનું છોડતી નથી. પૈસા માટે નહિ, પણ જીવવા માટે એ મૂલે જાય છે. શ્રમ વગર જીવી જ કઈ રીતે શકાય – એ એની સમજ છે. શબરીને જેમ રામ, રામ ને રામ તેમ માને કામ, કામ ને કામ ! વીરજી કે એની મા મુખ્ય પાત્રો નથી. નવલકથાના કેન્દ્રમાં છે વીરજીના બાપા – મનજીબાપા અને વીરજીની બહેન રતન. મા મૂલે ગયા વગર જીવી શકતી નથી. તો રતન ક્યારેય મૂલે ગઈ નથી. મનજીનેય મૂલે જવું ગમતું નહોતું. પાત્રો અને પરિસ્થિતિઓનું લેખક કુશળતાપૂર્વક સહસ્થાપન (જક્સ્ટાપોઝિશન) કરે છે. મોટો ભાઈ વાલજી મનજીને કડિયાકામમાં જોતરવામાં નિષ્ફળ જાય છે. છેવટે એ મનજીને લોટ દળવાની ઘંટીએ બેસાડે છે. એ પછી મનજી ખટારા ચલાવે છે. દીકરો વીરજી કડિયાકામ કરવા કંત્રાટી સાથે મસ્કત જાય છે અને પછી અમેરિકા જઈ ડિપાર્ટમેન્ટલ સ્ટોર ચલાવે છે. પરદેશ જઈને નામ બદલે છે – વીરજીમાંથી વિજિલ; એની પત્ની જીમી અને દીકરો કેન! બહેન રતનનેય એ અમેરિકા લઈ આવે છે – રતનનું નવું નામ રત્ના! પછી મનજીબાપાય વતન-ગામ-કામ છોડીને અમેરિકા જાય છે. ત્યાં એમનોયે વેશ બદલાય છે – જિન્સ અને ટી-શર્ટ ! પણ હા, તેઓ માથેથી ટોપી ઉતારતા નથી. વીરજીના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં તેઓ જીવ પરોવવા મથે છે. પત્ની હીરાનેય એમણે અમેરિકા આવવા ઘણું સમજાવેલી પણ એ માની જ નહિ! છેક લગી એણે મૂળ છોડ્યું નહિ ને મરણના આગલા દિવસ સુધી મૂલે જવાનુંય છોડ્યું નહિ!

વીરજી તો કમાવામાં ડૂબી જાય છે. પણ વતન-ગામથી મૂળિયાં ઉખાડીને ગયેલા મનજીબાપાને અમેરિકામાં મૂળ નાખીને ઊભી શકાય તેવી જગ્યા ક્યાંય મળતી નથી. વીરજી અને વિજિલની વચ્ચે એ અટવાતા રહે છે;

નથી તો એમને વીરજી મળતો કે નથી તો વિજિલ!

અમેરિકામાં એમની દશા કેવી છે? ઘરમાં, મનજીબાપા રહે છે એ ભાગ તરફ જરૂરિયાતની વસ્તુઓ મોકલાવાય – એ સિવાય કોઈ આવતું નથી! કંઈ જોઈતું-કરતું હોય તો ઈન્ટરકોમથી મંગાવી લેવાનું! મૂંઝારો ઓછો કરવા, જીવ મોકળો કરવા, ખાલી અમથા લગીર બેસવા મનજીબાપા ઘરમાં આ તરફથી જો પેલી તરફ જાય કે તરત બધાની નજર સવાલ પૂછે – કંઈ જોઈએ છે? કંઈ કામ હતું?

જિન્સમાં ટી-શર્ટને ખોસ ખોસ કરતા મનજીબાપા પાછા વળી જાય... આ તરફના ભાગમાં જીવતીજાગતી ત્રણ વસ્તુઓ – કેલેન્ડર, ઘડિયાળ અને મનજીબાપા!

ગામમાં પોતે ઘંટી ચલાવતા એ દિવસો મનજીબાપાને સાંભરી આવે છે! થાય છે, 'પૈસાની માયા લાગે છે ને કામની માયા છૂટતી જાય છે.' (પૃ. ૮) ચક્કીની કુપ્પીમાં દાણા ઓરતો મનજી જાણે એમને દેખાય છે ને કહી રહ્યો છે! –

'જુઓ! આખું ગામ મેં દળેલા લોટના રોટલા ખાય છે! દાણા ઘુમરાઈ ઘુમરાઈને અંદર ઊતરી રહ્યા છે અને એમાંથી ટાંકેલા પડનો એકધારો ઊંડો ઘેરો ઘુરકાટ સંભળાયા કરે છે અને એની સાથે જ ધોળોધફ ધોધ વછૂટીને નીચે મૂકેલા ડબ્બામાં વેગથી પડે છે.' (પૃ.૯)

શરૂમાં તો થાકેલા મનજીબાપા એક પગ સોફા પર લેતા એ જોઈ કેન દોડી આવતો અને 'ઓહ! નો, દાદાજી!' કહેતોકને પગ ખેંચીને હેઠે મૂકી દેતો! ત્યારે તેઓ કેન સાથે રમૂજ કરતા. કેન એમને મન 'કાનો' હતો. પછી કેન પણ આ તરફ આવતો બંધ થઈ જાય છે.

રતનમાંથી રત્ના થયેલી દીકરી જમાઈ બિપિનને ત્યાંથી પાછી આવી ગઈ છે ને એકલતાથી પીડાય છે. મનજીબાપાય અહીં એકલા જ નહિ, સાવ અલગ પડી ગયા છે. વીરજી, ના, વિજિલ તથા મનજીબાપાના અ-સંવાદ પાસેથીય લેખકે સંવેદનો ઉપસાવ્યાં છે. અમેરિકામાં મનજીબાપા છેવટે નહિ વપરાતી ચીજની જેમ બાજુ પર ફેંકાઈ જાય છે–જાણે ઍન્ટિક પીસ! દેશી નમૂનો!

વતન-ગામમાંથી ઘર-મૂળ કાઢી નાખ્યું છે. પણ હવે મનજીબાપાને થાય છે, 'દેશમાં એક ઘર તો હોવું જોઈએ.' મનજીબાપાને વતન-ગામ જવાનું મન થાય છે. રત્નાય સાથે આવવા તૈયારી બતાવે છે. વિજિલ-જીમી પણ રત્ના જાય એવું ઇચ્છે છે – કેન મોટો થઈ ગયો છે, હવે રત્નાની જરૂર નથી. પહેલાં મનજીબાપા વતન જાય છે. ગામને છેવાડે એક બંગલો બનાવડાવે છે. પછી રત્ના પણ દેશમાં પાછી આવે છે.

ગામછેવાડેના આવડા મોટા બંગલામાં મનજીબાપા અને રત્ના ! મનજીબાપા ગામડે પાછા તો આવે છે પણ ગામ હવે અજાણ્યું થઈ ગયું છે. અહીં મૂળ નાખી શકાય તેવી જગા રહી નથી. રત્નાય ન દેશની, ન પરદેશની, ન પતિની, ન પિતાની, ન પોતાની.... એકલતા-શૂન્યતા-અલગતાથી એ પીડાય છે. મનજીબાપા રત્નાને ખુશ રાખવા મથે છે પણ રત્ના ક્યાંય રોપાઈ શકે તેમ નથી. રત્નાય સમજે છે કે પિતાય ક્યાંય રોપાઈ શકે તેમ નથી. 'સાત કૂંડાળાં ને દરિયો' રમતી રતન અમેરિકા નામના દરિયામાં પડી જાય છે! ધૂળમાં નાનકડી રતને દોરેલાં કૂંડાળાં મનજીને વમળની જેમ ચક્કર ચક્કર ફરતાં લાગે છે : 'વમળ અને એની વચ્ચે રતન...' (પૃ.૫૦) અમેરિકાથી આ રતન, ના, રત્ના કયા સંવેદન સાથે પાછી ફરે છે! – 'તો શું પોતે આટલો વખત આ ઘરમાં રહી તે એક વણજોઈતી વ્યક્તિ તરીકે જ?' (પૃ. ૬૮)

ગામડે આવ્યા પછી મનજીબાપા અને રત્ના એકમેકને રાજી કરવા મથ્યા કરે છે. મનજીબાપા હોંશે હોંશે રત્નાને સાથે લઈને ગામમાં ફરે છે ને બધું બતાવે છે – અહીં આપણું ઘર હતું ! અહીં હતું એકલઢાળિયું અને એમાં હતી આપણી ચક્કી! પણ વક્રતા(આયરની) એ છે કે ગામની ઓળખ ભુંસાઈ ગઈ છે અને મનજીબાપાની ઓળખ પણ! લેખકે ગામ, પરિવેશ, લોકો, બદલાવ–બધું નાનીનાની વિગતો-સંકેતો-પ્રતીકો-પરિસ્થિતિઓ દ્વારા પૂરી નિરાંતથી આલેખ્યું છે. સાદગી, સચ્ચાઈ અને સહજતાથી તેઓ મનના પાતાળમાં ધરબાયેલાં સંવેદનોને પ્રત્યક્ષ કરી આપે છે.

મનજીબાપા ને રત્ના – ગામમાં પાછાં તો આવ્યાં, પણ ગામ જાણે ખોવાઈ ગયું છે અને બંગલામાં રહેવાથી તો જાણે હજી અમેરિકાના ઘરમાં જ હોય તેવી લાગણી થાય છે. મનજીબાપાને પરદેશમાં નહોતું લાગ્યું એટલું પારકું ગામમાં લાગવા માંડે છે.

રત્નાની એકલતા-પીડા લેખકે કયા શબ્દોમાં દર્શાવી

છે? – 'સ્થળને વટાવી શકાય છે એટલી સહેલાઈથી કદાચ સમયને વટાવી શકાતો નહિ હોય.' (પૃ. ૧૫૨)

આમ, રત્નાની ગતિ સ્થળમાં નહિ, સમયમાં થતી રહે છે. બાપ-દીકરી આમ તો સાથે રહે છે. પણ બંને વચ્ચે જોજનોનું છેટું છે. મનજીબાપાને લાગે છે :

'રત્ના બારીમાંથી આવતી હવાની જેમ અહીં હોય છે અને એ હવાની જેમ જ અહીં નથી પણ હોતી.'(૧૫૨)

રત્નાને સૂની થઈ ગયેલી જોઈ મનજીબાપા રત્નાને પ્રવૃત્તિમાં પરોવવા માટે ભારે ઉમંગથી ભરત-ગૂંથણની સામગ્રી લઈ આવે છે પણ રત્નાને ઉગારી શકતા નથી. મનજીબાપાનેય લાગે છે – 'પોતાને માટે ક્યાંય જગા નથી, જ્યાં ઘરનો અનુભવ મળી શકે?'

બાપાને સૂનમૂન થઈ ગયેલા જોઈ રત્ના ઢોકળાં બનાવે, પીરસે ને બાપાને પૂછે :

'મા કેવાં સરસ ઢોકળાં બનાવતી, નહિ બાપા? તમને યાદ છે?'

નાની નાની વસ્તુઓ સહજતાથી પ્રતીક બનતી રહે છે, સંવેદન ઘુંટાઈ ઘુંટાઈને ઘેરું થતું રહે છે. મનજીબાપા ને રત્ના – બેયના મનની વાટ પર મોગરા વળતા રહે છે ને ખંખેરાતા રહે છે – જાણે સ્થળ પણ ખોવાઈ ગયું છે ને ભવિષ્ય પણ !

દેશ છોડીને કમાવા માટે નીકળી પડેલા લોકોનાં અનેક ઘર ગામમાં બંધ પડ્યાં છે – જે નવલકથાના વિષય-વસ્તુને એક વ્યાપ આપે છે.

વરસો પહેલાં શહેર છોડીને પાછા પોતાના ગામમાં વસવા આવ્યા હતા એવા વિનુભાઈનું પાત્ર મનજીબાપાની જ વેદનાને ધાર કાઢી આપે છે. રત્નાની હતાશા જોઈ મનજીબાપા વિનુભાઈની વાત યાદ કરતાં કહે છે :

'એક વાર એમણે મારા હાથમાં એક ફૂલ મૂક્યું હતું...પછી મને કહે, ક્યાં ઊગ્યું હતું, ખબર છે? મંગલેશ્વરના મંદિરની પાછળ અવાવરુ જગ્યામાં પથરાનો ઢગલો પડ્યો છે, કેટલાય વખતથી; એની વચમાં.'(૨૦૧)

મનજીબાપા ગામની શોધ બે રીતે આદરે છે – 'એક રસ્તે એ પોતે એકલા હતા અને એમનો ભૂતકાળ હતો, બીજે રસ્તે એમની સાથે રત્ના હતી અને એનું ભવિષ્ય હતું.'

પણ ગામ ક્યાંય જડતું નથી, મૂળિયાં ક્યાંય રોપાતાં નથી. વિશેષ દૃષ્ટિકોણ પ્રગટ કરતાં સંકેતાત્મક વાક્યોનાં અનેક ઉદાહરણ આપી શકાય. –

'સાંભરણમાંથી બહાર નીકળી જવું અને સાંભરણમાં ખોવાઈ જવું એમાં કેટલોબધો ફરક હોય છે!' (પૃ. ૨૩૧).

કથામાં અનેક વાર અધવચ્ચેથી શરૂ થયેલાં અને અધૂરાં છોડી દેવાયેલાં વાક્યો દ્વારાય લેખક સંવેદનને વહેતું મૂકે છે, જરૂરી અવકાશ પણ છોડે છે ને આરોહ-અવરોહ સાથે જાણે કોઈ સૂર છેડે છે. મનસુખનું પાત્ર ઉદ્દીપકનું કામ કરે છે. બિપિનનું પાત્ર વધુ વિકસી શક્યું હોત.

મનજીબાપાએ ઘરકામ માટે રાખેલી બાઈનું પાત્ર પણ લેખકે રત્નાની સામે સરસ રીતે સહોપસ્થિત (જક્સ્ટાપોઝ) કર્યું છે –

'જે ઘરની બાઈ છેક લગી મૂલે જતી હતી તે ઘરના કામ માટે બાઈ આવતી હતી ! બહુ વિચિત્ર લાગી રહ્યું હતું પરંતુ રત્નાએ એમાં કોઈ ફેરફાર કર્યો નહોતો. એને ખબર હતી કે માને માટે મૂલે જવાનો જુદો જ અર્થ થતો હતો.' (પૃ. ૨૪૨)

ભૂખમરાથી પીડાઈને બિહારથી આ તરફ આવેલી આ બાઈનો આદમી ક્યાં ચાલ્યો ગયો એની માહિતી એની પાસે નથી! એ બાઈ કહે છે –

'ભૂખે મરતો'તો તે ડોઝરામાં પાણા નાખવા શે'ર બાજુ ઊપડી ગ્યો...'

'ઊપડી ગ્યો તે જાણે મલકમાં ઊતરી ગ્યો.....!'

આમ, સાથોસાથ મૂકેલી ગૌણ પાત્રોની સ્થિતિ દ્વારા મુખ્ય પાત્રના સંવેદનને ઘુંટવાની ને એ સાથે કથાને નવું પરિમાણ આપવાની આ રીતિ નવલકથાની કળાનેય ઘુંટે છે.

ખંડેરમાં ફેરવાતાં જતાં ગામનાં બંધ ઘરો, ગામના તૂટેલા કોટ-કાંગરા ઉપરાંત કચ્છની ભૂમિની વેરાનતા તથા નિર્જનતા પણ પાત્રોના આંતરિક ફલકને પ્રત્યક્ષ કરવામાં ઉપયોગી નીવડે છે.

પોતે બાંધેલો બંગલો ગામનો એક ભાગ નથી બની શક્યો એ સંવેદન સાથે મનજીબાપાને સાંભરે છે – દિવાળીના દિવસોમાં એક વાર માએ આખું ઘર ખડી માટીથી ધોળ્યું હતું. એ જોઈ હીરા બોલી ઊઠી હતી :

'કેવું રૂપાળું લાગે છે, જાણે આ ભૂમિમાંથી ઊગી નીકળ્યું ન હોય!' (પૃ. ૨૫૩)

સર્જનાત્મક ભાષાનાં એક-બે ઉદાહરણ –

'પેટાળમાં ક્યાંય ઊતરી ગયેલા એ પ્રસંગને બહાર કાઢવા ઇચ્છતી હોય એમ રત્નાએ પોતાની દૃષ્ટિથી અવકાશને ખોતરવા માંડ્યો.'(પૃ. ૧૮૭)

'એ પછીના અવકાશમાં એણે કંઈ પૂછવા-કહેવાનું હતું કે એ ખાલી સમયના સંકેતને સમજી લેવાનો હતો?' (૨૩૯)

મા મૂલે જતી ત્યારે ટચૂકડી રતનનેય સાથે લઈ જતી ને મકાન બંધાતું હોય ત્યાં તડકી-છાંયડીના ફરવાની સાથે રતનની ખોઈ પણ આખો દા'ડો ફર્યા કરતી – આવાં અનેક સંવેદનાત્મક ચિત્રો પણ આ કથામાં ઠેરઠેર સાંપડે છે.

આ નવલકથાની શરૂઆત 'કાકટિયા'(ચકમકનો પથ્થર)ના પ્રતીકથી થાય છે. મનજીબાપા 'કાકટિયા'ને હાથમાં રમાડે છે. કાકટિયો જાણે પોતાનું ગામ છે. સંકલન-સંયોજનમાંય કાકટિયો ઉપયોગી થાય છે. મનજીબાપાને લાગે છે :

'– પણ આ કાકટિયો અજબ વસ્તુ છે. પરદેશમાં હતા ત્યારે એ ગામ દેખાડતો હતો અને અહીં આવ્યા તો એ જ કાકટિયો પરદેશને પરગટ કરે છે!' (પૃ. ૨૫)

મનજીબાપાએ જતનથી સાચવી રાખેલો આ કાકટિયો એકવાર ખોવાઈ જાય છે ને જડે છે ત્યારે મનજીબાપા અવઢવમાં મૂકાઈ જાય છે –

આ, આ જ કાકટિયો!

આ જ કાકટિયો નવલકથાના અંત માટેય ખપ લાગે છે.

કથાના આરંભે મનજી મૂલે નથી જતો ત્યારે લોક એની મશ્કરી કરતાં કહે છે :

'કાં મનજી, મૂલે નથી આવવું?'

કથાના અંતે પણ એક જુવાનિયો મજાકિયા લહેકામાં મનજીબાપાને પૂછે છે –

'કાં બાપા, ક્યાં હાલ્યા? મૂલે નથી આવવું?'

ઉશ્કેરાયેલા મનજીબાપા મૂઠીમાં રાખેલા કાકટિયાનો જોરથી ઘા કરે છે, પણ પછી ખોવાઈ ગયેલી એ વસ્તુને એમની દૃષ્ટિ શોધતી રહે ત્યાં કથાનો અંત આવે છે. ખોવાઈ ગયેલી વસ્તુની જાતે જ થતી શોધ સાથે કથા જાણે અજવાળું ફેંકતી પૂરી થાય છે.

મનજીબાપાની માએ ખડીથી ધોળેલા ઘરની જેમ, આ કથાનાં પાત્રો પણ વાસ્તવની નક્કર ભોંયમાંથી પ્રગટ થયાં હોત તો? મનજીબાપા તથા રત્નાનાં મનોસંચલનો કથાનો મોટો ભાગ રોકે છે. પાત્રોનું તથા કથાનું નિર્વહણ માનસિક સ્તરે થયું છે. પાત્રો જે વર્ગનાં, જે કોમનાં છે એ જોતાં થાય કે – ભલે, થોડા દસ્તાવેજીકરણ સાથે, પણ વાસ્તવના સ્તરેય કથા ચાલી હોત તો?

## કાવ્યસમ્માન – હેમંત દેસાઈ **માર્મિક વિવેચનની ચુસ્તી સાથે ઉદાહરણબહુલ શિથિલતા**

ગૂર્જર, અમદાવાદ. ૨૦૦૧. ડે. ૧૭૭. રૂ. ૧૦૦.

**કિશોર વ્યાસ**

કવિતા વિશે અધિકારપૂર્વક કહી શકનારા આજના આપણા કેટલાક અભ્યાસીઓમાંના હેમંત દેસાઈનો આ કાવ્યવિવેચન–વિષયક ગ્રંથ છે. ૧૯૮૩માં 'કાવ્યસંગતિ'ના પ્રકાશન પછીના આ બીજા સંગ્રહને એમણે 'પરિષ્કરણ', 'પરિપ્રેક્ષણ' અને 'પરિશીલન' એવા ત્રણ વિભાગ તળે કુલ ૧૮ લેખોમાં વિભાજિત કર્યો છે. આ લેખોના ત્રણ વિભાગની એની ચોક્કસ ભાતને અનુરૂપ સંગ્રહનું અંતિમરૂપ નિપજાવી શકાયાના આનંદને પણ એમણે વ્યક્ત કરેલો છે પરંતુ 'પરિષ્કરણ' વિભાગના 'ગીત : પ્રવાહ અને પ્રયોગ', 'ગઝલ : અનુભૂતિ અને અભિવ્યક્તિ' જેવા લાંબી લેખણે ચલાવેલા લેખો તેમ વિભાગ બેના લગભગ તમામ લેખો આસ્વાદલક્ષી નિબંધોથી આગળ જઈ શકતા નથી. આ સઘળા લેખો તે તે સમયગાળાનું પ્રવાહદર્શન, સરવૈયું આપનારા લેખો બની રહે છે. ઉત્તમ સર્જકોની સિદ્ધ રચનાઓને મૂકી આપીને લેખકે ભાવનના આનંદને વિસ્તાર્યો જરૂર છે પણ એ જ સમયગાળાના અન્ય કવિઓનાં નામ માત્ર લઈને સંતોષ માની લેવાયો છે. એ સ્વરૂપ તેમ સર્જકોની મર્યાદાઓની વાત કરવાનું

ટાળ્યું છે ને જ્યાં જ્યાં આવી વાત કરવાની થઈ છે ત્યાં સમગ્ર પ્રવાહની મર્યાદાઓને મૂકવાનું થયું છે.

ગ્રંથના આરંભે 'પરિષ્કરણ' વિભાગ અંતર્ગત મુકાયેલા 'ઈન્દ્રિયવ્યત્યય', 'સહૃદય કર્મ' અને 'કવિતાનું શિક્ષણ' જેવા ઉત્તમ લેખો કાવ્યચર્ચાના સંદર્ભમાં ઘણા મહત્ત્વના છે. કાવ્યસ્વરૂપનો સંનિષ્ઠ અભ્યાસ એમાં પ્રગટ થતો જોઈને હેમંતભાઈ પાસેથી આ પ્રકારના હજુ વધારે લેખોની અપેક્ષા રહે છે. 'ઈન્દ્રિયવ્યત્યય' જેવી સંજ્ઞાને, ગુજરાતી કવિતા સંદર્ભે રોચક ઉદાહરણોને પ્રત્યક્ષ કરતા જઈને મુકાઈ છે. સમગ્ર સંગ્રહમાં પણ ભરપેટ ઉદાહરણો આપી કાવ્યસંદર્ભને સઘન બનાવવાની રીતિ એમણે અપનાવી છે. ગુજરાતી ભાષાની કાવ્યરચનાઓમાં ઈન્દ્રિયવ્યત્યયના લીલાપ્રસારનાં ક્રમિક ઉદાહરણો મૂકવાની સાથે પશ્ચિમની કાવ્યકૃતિઓમાં ઈન્દ્રિયવ્યત્યયની પ્રયુક્તિના પ્રચારની વાતને નોંધીને આ મહત્ત્વની સંજ્ઞાના મર્મમાં એમણે અવગાહન કરાવ્યું છે.

બીજો લેખ 'સહૃદય કર્મ' વિશેનો છે. કાવ્યક્ષેત્રે દૃષ્ટિભેદ, મતભેદ તેમ વાદ-પ્રતિવાદ હંમેશાં ચાલતાં રહેલાં હોવા છતાં ભાવનક્ષમ કાવ્યકૃતિએ પ્રગટાવેલા સહૃદય પ્રતિભાવોને કાવ્યપદાર્થની સમજ વિકસાવવાની મૂલ્યવાન સામગ્રી લેખે એમણે જોયા છે તે યથાર્થ છે. આપણા ધ્યાનપાત્ર આસ્વાદકોના અભિગમો, રીતિ-પદ્ધતિ અને શૈલીભેદોની નોંધ લઈને સર્જક-કર્મ પર જ કેન્દ્રિત થનારા ને ક્યારેક કેવળ કૃતિનું વિવરણ આપીને જ સંતોષનો ઓડકાર ખાનારા આસ્વાદકોનાં સ્પષ્ટ નામ એમણે ચીંધ્યાં છે. વિપુલ પ્રમાણમાં થયેલી આપણી આસ્વાદપ્રવૃત્તિનું સમગ્ર મૂલ્યાંકન કોઈએ કરવા જેવું છે એવું મહત્ત્વનું સૂચન આપતા આ લેખમાં કવિતાના નિજી સૌંદર્યતત્ત્વને પ્રીછનારા ઘણાખરા આસ્વાદકો અંગે રાજીપો વ્યક્ત કરવાની સાથે બિનજરૂરી કથનો, ભારઝલ્લી પરિભાષામાં ગૂંચવાતી કવિતા તેમ સંજ્ઞાની ગેરસમજ ને ગદ્યની શિથિલતા-વિષયક પોતાના પ્રતિભાવોની ક્રમિક ગૂંથણીને કારણે લેખ ધ્યાનાર્હ બને છે. આપણા વર્ગશિક્ષણમાં કાવ્યપદાર્થનો શિક્ષણવિષયક વિચાર કરતો લેખ 'કવિતાનું શિક્ષણ' પણ સંગ્રહની જમાબાજુને વિસ્તારે છે. કવિતાનું શિક્ષણ આપનારા શિક્ષકની સજ્જતા કઈ અને કેવા પ્રકારની હોવી ઘટે એની વિવેચના આપતો આ લેખ કવિતાનું શિક્ષણ આપવા પ્રવૃત્ત થનાર કોઈપણ શિક્ષકને પ્રેરક બને એમ છે.

'ગીત: પ્રવાહ અને પ્રયોગ' ૧૯૮૪નાં કાવ્યપ્રકાશનોની સમીક્ષા આપતો લેખ છે. ૩૪ જેટલાં ગીતોનાં દૃષ્ટાંતો વડે ગીતપ્રવાહને અવલોકવાનો ઉદ્યમ રસાસ્વાદ-પૂરતો સીમિત છે જેમાં જશભાઈ કા. પટેલ, ભીખુભાઈ ઝાલા, શંકરભાઈ પટેલ કે મોહન મઢીકરના આસ્વાદક્ષમ જણાતા કવિકર્મને પણ એમણે ચીંધ્યું છે એ નોંધવું જોઈએ. '૮૪ના આ ગીતપ્રવાહને અવલોકતી વખતે સિદ્ધ થઈ ચૂકેલા કવિઓની વાત એમણે માંડીને કરી છે. જેમકે સુરેશ દલાલના 'ઘટના' કે વિનોદ જોશીના 'પરન્તુ' સંગ્રહની વિગતે વાત કરતાં એમની ગીતરચનાઓનાં ઉદાહરણો પણ વિસ્તારથી નોંધવાનું થયું છે તો, લેખ વધુ લાંબો થઈ ન જાય એટલે, કેટલાકનો નામોલ્લેખ કરીને જ સંતોષ માનવો પડ્યો છે. પરંતુ ગીત કે ગઝલ-વિષયક સર્વેક્ષણ કરતા આ પ્રકારના લેખોમાં કાવ્યસ્વરૂપ પરત્વેની એમની સજ્જતા અછતી રહેતી નથી. જ્યાં જ્યાં સર્જનાત્મકતાનો ઉન્મેષ એમણે જોયો છે ત્યાં હરખાઈને વાત માંડવાનું જેમ તેઓ ચૂક્યા નથી તેમ માત્ર શબ્દયોજનાથી કૃતક બનતી જતી, પ્રવાહપતિત અને નબળી કાવ્યરચનાઓને એમણે સ્પષ્ટ રીતે જુદી તારવી પણ આપી છે. લિરિકનું-ગેયતાનું તત્ત્વ સચવાયું નથી કે આજનું ગીત સુગેય રહ્યું નથી, એવું નિરીક્ષણ આપતા સમીક્ષક અહીં જે કવિઓ અને કાવ્યોની વાત નોંધે છે એ કવિઓમાંના મોટાભાગનાની રચનાઓ વ્યાપક રીતે ગવાતી-સંભળાતી આવી છે. તમામ ગીતકવિઓની રચનાઓ સુગેય જ હોય એમ સ્વીકારવું પણ અઘટતું છે એ અર્થમાં ગીત સુગેય રહ્યું નથી એમ કહેવામાં અત્યુક્તિ છે. કેમકે આપણા ઘણા બધા દાખલાઓમાં ક્યારેક તો એવું બનતું આવ્યું છે કે ગેયતાને લીધે જ ગીત-સ્વરૂપ પર પલાંઠી લગાવીને બેસવાનું વલણ દેખા દેતું હોય!

'ગઝલ : અનુભૂતિ અને અભિવ્યક્તિ' લેખ ૬૦થી ય વધુ ઉદાહરણોથી જાણે કે કવિસંમેલન સમો બની ગયો છે! એમાં ઉત્તમ શેરોનો આસ્વાદ હાજર છે. ગઝલની અભિવ્યક્તિનાં ને અનુભૂતિનાં આ

વિધવિધ રૂપોમાં સમીક્ષાત્મક નોંધની જ ગેરહાજરી છે.

સંગ્રહના બીજા વિભાગમાં મુકાયેલા છ લેખોમાં બે લેખ ગુજરાતી કવિતામાં રહેલા અધ્યાત્મતત્ત્વને, પ્રકૃતિતત્ત્વને તપાસે છે. આ બંને લેખમાં આપણી કાવ્યપરંપરાની સમૃદ્ધ રચનાઓને દર્શાવતા જવાના લોભે પ્રસ્તાર થયો છે. લેખકે 'ગુજરાતી કવિતામાં પ્રકૃતિ'ને અવલોકનાં પ્રકૃતિને કવિનું અક્ષયપાત્ર ગણાવી છે. કવિએ પ્રકૃતિનો સાચકલો અનુભવ કર્યો હોય અને તેને આત્મસાત્ કર્યો હોય તો કાવ્ય પ્રકૃતિના વિષયનું હોય કે અન્ય વિષયનું હોય, પ્રકૃતિ તેમાં પ્રવેશ્યા વિના રહેતી નથી – એમ કહીને ગુજરાતીની પ્રકૃતિકવિતાના ચિત્રને સ્પષ્ટ કરવાનો યત્ન કર્યો છે. આ વિભાગ હેઠળ ન્હાનાલાલ, રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રકૃતિનિરૂપણને તપાસતા અન્ય લેખો પણ સમાવાયા છે એ અગાઉ બતાવેલા લેખના અનુસંધાનરૂપ લાગે છે. 'મેઘાણીની કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતા' આ વિભાગનો નોંધપાત્ર લેખ ઠરે છે. એ કવિતાની લોકપ્રિયતા ને આપણા લોકપ્રિયતાના ખ્યાલો અંગેની રસિક ચર્ચા અહીં છે એ ઉપરાંત મેઘાણીની કવિતામાં છલકાતો રાષ્ટ્રપ્રેમ, એમનાં પ્રસંગકાવ્યો, દીનપીડિતો પ્રત્યેની અનુકંપા દર્શાવતાં કાવ્યો તેમજ મેઘાણીની પ્રતિનિર્માણ-શક્તિને સંપૂર્ણતાથી તપાસતાં એમણે મેઘાણીની કવિતાપ્રવૃત્તિને અર્થસભર ઘટાવી છે ને એ રીતે કવિપ્રતિભાને સમુચિત અંજલિ આપી છે. અધ્યાત્મ, પ્રકૃતિ કે રાષ્ટ્રીય અસ્મિતાને લક્ષતા કવિતાપ્રવાહના અવલોકનનું સંપૂર્ણ દર્શન તો અશક્ય જ હોય એ વાતને સ્વીકારીને ચાલતાં હેમંતભાઈએ કાવ્યતત્ત્વથી સભર કૃતિઓનાં જ ઉદાહરણો આપીને આ પ્રવાહદર્શનની દીર્ઘસૂત્રિતામાં કંઈક અંશે રાહત આપી છે. એક જ વિષય સંદર્ભે મળતી અઢળક રચનાઓ જ્યારે મન પર સવાર થતી રહેતી હોય ત્યારે જાણવા છતાંયે લેખને લંબાતો અટકાવી ન શકાયો હોય એમ લાગે છે. પ્રકૃતિ કે અધ્યાત્મ જેવા વિષયો ગુજરાતી કવિતામાં એટલા ખેડાયા છે કે એને અવલોકવા માટે પરીક્ષકે આખીયે પરંપરાને નાણવી-જાણવી પડે. સમગ્ર પ્રવાહને આ રીતે જોવાનો પ્રયત્ન જિજ્ઞાસુઓનો ઘણોખરો પરિશ્રમ બચાવતી હોય છે એ સંદર્ભમાં આ લેખોને જોવા જોઈએ. 'અર્વાચીન કવિતામાં પ્રકૃતિનિરૂપણ'(૧૯૮૨) જેવો ઉત્તમ શોધપ્રબંધ આપનારા આ વિવેચકે 'ગુજરાતી કવિતામાં પ્રકૃતિ, ન્હાનાલાલની કવિતામાં પ્રકૃતિ અને રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રકૃતિ' જેવા આ ગ્રંથના લેખોમાં કવિતાના સૌંદર્યતત્ત્વની સૂક્ષ્મ ને તૃપ્તિકર સમીક્ષા આપી છે.

સંગ્રહના ત્રીજા વિભાગ 'પરિશીલન'માં છ કાવ્યસંગ્રહોની સમીક્ષા સમાવાઈ છે. જેમાં સુન્દરમ્ અને શેષના સંગ્રહોની સાથોસાથ સોમાભાઈ ભાવસાર, ઇન્દુકુમાર ત્રિવેદી, જશવંત લ. દેસાઈ જેવા ઓછા જાણીતા કવિઓની રચનાઓને સમીક્ષકે સહૃદયતાથી તપાસી છે તેમ એ કવિઓને સુયોજિત ભાષા, વિશુદ્ધ છંદોવિધાન અને કૃતિના સુગ્રથિત સંવિધાનની મુશ્કેલી બાબતે ચેતવ્યા છે. 'કાવ્યમંગલા'ને 'ગાંધીયુગની મંગલા' તરીકે ઓળખાવતાં સમીક્ષકે સુન્દરમ્‌ને મંથનમગ્ન અને વિકાસશીલ કવિ કહ્યા છે પણ આ સંગ્રહની આગળ જતી કવિની સર્જનપ્રવૃત્તિને ચીંધવા સમીક્ષક 'કાવ્યમંગલા'થી દૂર હટીને 'વસુધા', 'યાત્રા'નાં ઉદાહરણો આપી એ સંગ્રહોના પૂર્વસંકેતો 'કાવ્યમંગલા'માં પુષ્કળ સાંપડતા હોવાની વાત નોંધે છે ત્યારે સંગ્રહની સમીક્ષાના કેન્દ્રમાંથી ખસી જઈને સુન્દરમ્‌ની સમગ્ર સર્જનપ્રવૃત્તિ તરફ સમીક્ષક ખેંચાઈ જતા હોય એવું જણાયા વગર રહેતું નથી. આ વિભાગમાં 'કાવ્યજ્ઞની કવિતા : શેષના કાવ્યો' એક ઉત્તમ લેખ છે. શેષના સ્વસ્થ જીવનવલણને, માનવ-સમભાવને તેમ મંગલદર્શી દૃષ્ટિને પુરસ્કારતા સમીક્ષકે શેષની પ્રતિનિધિ કૃતિઓની માર્મિક તપાસ કરતા જઈ કવિની અભિવ્યક્તિની લાક્ષણિકતાઓ બતાવવા સાથે શેષની કવિતાની મર્યાદાનું પણ ઝીણવટથી આલેખન કર્યું છે.

સંગ્રહના મોટાભાગના લેખો પૂર્વ-પ્રકાશિત છે ને એમાંના કેટલાક લેખો તો સમીક્ષકે નોંધ્યા મુજબ જે-તે નિમિત્ત માટે 'ખાસ લખાયા' છે. અધ્યયનગ્રંથો, જન્મશતાબ્દી અંકો કે પ્રસ્તાવનાઓને વળગેલી મર્યાદાઓથી 'કાવ્યસમ્માન' સંગ્રહના કેટલાક લેખો પણ મુક્ત રહી શક્યા નથી. આગળ નોંધ્યું તેમ 'પરિષ્કરણ' વિભાગ તળે આવેલા 'ઇન્દ્રિયવ્યત્યય' કે 'સહૃદય કર્મ' જેવા ચુસ્ત ને તાજગીસભર લેખોની સંખ્યા વધુ હોત તો આ

સંગ્રહની ઉપલબ્ધિ વિશેષ બની રહેત. આ સંગ્રહમાં પ્રગટ થયેલી કાવ્યચર્ચામાં કાવ્યજ્ઞરૂપે તેમ કવિતાના રસિક અભ્યાસી તરીકેની પુનઃ પ્રતીતિ આપણા આ પીઢ કવિ-વિવેચકે કરાવી છે એમ ચોક્કસ કહી શકાય.

---

**કચ્છ : પરિસંવાદના પ્રાંગણમાં - ઉમિયાશંકર અજાણી**

અજાણી પ્રકાશન, ભુજ. ૨૦૦૧, પે.૧૩૮, રૂ. ૭૦.

## કચ્છી ભાષાસાહિત્ય વિશે ઊહાપોહ

**નરોત્તમ પલાણ**

---

આજે સદીઓથી ગુજરાતીભાષી વિસ્તારની અંતર્ગત 'કચ્છી' બોલી કે ભાષા આવેલી છે, પરંતુ એનાં ભાષા, સાહિત્ય અને લિપિ વિશે આપણે અમુક અંશે ઉપેક્ષાનો ભાવ સેવતા આવ્યા છીએ. 'કચ્છી' ભલે સિંધીની શાખા હોય પણ સિંધી અને ગુજરાતી સહોદર છે, એટલું જ નહિ, ભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓની પહેલાં એમના અસ્તિત્વના પુરાવાઓ પ્રાપ્ત છે અને ખાસ તો આ બન્ને ભાષાઓ છેલ્લાં દોઢેક હજાર વર્ષોથી જોડાજોડ રહેતી આવી હોવાનું પણ સુવિદિત છે. આજે જ્યારે કચ્છીને સ્વતંત્ર સાહિત્ય અકાદમી મળી ગઈ છે ત્યારે શું કચ્છી ભાષા છે? એમાં એનું પોતાનું સાહિત્ય છે? એને લિપિ છે કે હતી? વગેરે પ્રશ્નો, ભાષાસાહિત્યના અભ્યાસીને મૂંઝવે એવા જરૂર છે. વર્ષો પહેલાં પ્રબોધ પંડિતની પ્રેરણાથી શાંતિભાઈ આચાર્યે કચ્છી વિશે કામ કરેલું, પરંતુ આ 'કામ' વિશે કચ્છી મિત્રો શું કહે છે તે સાંભળવા જેવું છે : 'સંશોધનના નામે કચ્છી ભાષાને સાવ નધણિયાતી સમજીને આંધળું વર્તન રાખ્યાની ભાવના જગાવતું એક પુસ્તક 'કચ્છી ગદ્ય' (લોકકથાઓ) અને તેમનું ભાષા વૈજ્ઞાનિક અધ્યયન' (૧૯૮૯) એ નામે ડૉ. શાંતિભાઈ આચાર્ય તરફથી પ્રગટ થયું, પરંતુ તદ્દન ગેરમાર્ગે દોરે એવા આ પુસ્તકને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ રામલાલ પરીખે - પુસ્તકના સંશોધક ડૉ. શાંતિભાઈ આચાર્યને કચ્છી ભાષાના અધિકૃત વિદ્વાન હોવાનું પ્રમાણપત્ર પણ આપ્યું! સંશોધકને કચ્છી ભાષાનું તદ્દન અધૂરું અને અપૂરતું જ્ઞાન હોવાની પ્રતીતિ કરાવતું આ પુસ્તક કોઈપણ વાચકને ગેરરસ્તે દોરનારું છે.' (ઉ. અજાણી કચ્છ : અતીતના આરેથી, ૧૯૯૯, પૃ. ૯૩)

ઉપરોક્ત પ્રકાશન પછી બે વર્ષ બાદ અજાણી 'કચ્છ : પરિસંવાદના પ્રાંગણમાં' લઈને આવે છે. જુદા જુદા પરિસંવાદો નિમિત્તે અપાયેલાં કુલ છ વ્યાખ્યાનો અહીં સમાવિષ્ટ છે, - જેમાં કચ્છનું ઐતિહાસિક સાહિત્ય, કચ્છપ્રદેશનાં લગ્નગીતો, અવિરત ખેડાતી રહેલી કચ્છી ભાષા, ઓઢો-હોથલ (લોકવાર્તાની તપાસ), 'રૈયતનો રખેવાળ' (કચ્છની એક ઐતિહાસિક નવલકથા વિશે) અને કચ્છની સુપ્રસિદ્ધ 'વ્રજભાષા પાઠશાળા'-વિષયક ચર્ચા અને ઊહાપોહ છે.

'કચ્છનું ઐતિહાસિક સાહિત્ય' ખરેખર તો 'કચ્છના ઇતિહાસની સાધન સામગ્રી' વિશેનું વ્યાખ્યાન છે, જેમાં અદ્યાપિ લખાયેલા ઇતિહાસગ્રંથો, પ્રવાસગ્રંથો, ડાયરી-દસ્તાવેજો અને અરબીફારસીસંસ્કૃત અભિલેખો (તામ્રપત્રો અને શિલાલેખો), સિક્કાઓ અને પુરાતત્ત્વ વિશે લખાયેલા ગ્રંથો/લેખોની સામાન્ય માહિતી છે. આ વ્યાખ્યાનના ઉત્તરાર્ધમાં કચ્છના ઇતિહાસ ઉપર આધારિત નવલકથાઓ અને નાટકોની જે ચર્ચા થઈ છે, તે વિશેષ રસિક બની છે.

કચ્છ-વિષયક પ્રથમ ઐતિહાસિક નવલકથા, રાજગોર જેઠા રૂઘનાથ લિખિત 'કચ્છના પહેલા રાઓશ્રી ખેંગારજી' છે, નંદશંકરની 'કરણઘેલો' (૧૮૩૬) પછી ૨૨ વર્ષે - ૧૮૮૮માં તેનું પ્રકાશન થયેલું છે. આશ્ચર્ય છે કે આ લેખકનું નામ ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'સાહિત્યકોશ'માં નથી!

જેઠા રૂઘનાથ પછી ગૌરીશંકર વોરા 'લાખો ફુલાણી' (૧૯૦૦), દલપતરામ ખખ્ખર 'સુંદર સોદાગર' (૧૯૦૮) અને ૧૯૨૨થી કચ્છ વિશે સંખ્યાબંધ નવલકથાઓ લખનાર પિતાપુત્ર તે ઠક્કર વિસનજી અને ઠક્કર નારાયણ છે. ૧૯૩૧માં ગુણવંતરાય આચાર્યે

'કચ્છમાં ક્રાન્તિ' અને ૧૯૩૩માં રસિકલાલ જોશીએ 'કચ્છનો કુળદીપક' આપેલ છે. આ પછી રઘુનાથ જોશી, દુલેરાય કારાણી, મનસુખલાલ મો. ઝવેરી, ઉમિયાશંકર અજાણી, મૂળરાજ રૂપારેલ, પ્રીતમલાલ કવિ, હરિલાલ ઉપાધ્યાય, રસિક મહેતા, ગૌતમ શર્મા, રજનીકાંત સોની વગેરેની નવલકથાઓની વાત છે. કચ્છીની પ્રથમ ઐતિહાસિક નવલકથા વિશે અહીં વિસ્તારથી વાત છે, જોકે અજાણી એના લેખક જેઠા રૂઘનાથ વિશે કશી માહિતી આપતા નથી.

આ પુસ્તકનું પાંચમું વ્યાખ્યાન પણ નવલકથા વિશે છે - રજનીકાંત સોનીની ઐતિહાસિક નવલકથા 'રૈવતનો રખેવાળ.' એમાં ઐતિહાસિક તથ્યાતથ્યની મૂલવણી છે, પરંતુ ક્યાંક પ્રથમ આવૃત્તિનું વર્ષ આપેલ નથી!

કચ્છના ઇતિહાસ વિશે લખાયેલાં નાટકોની નોંધમાં 'સ્વદેશ હિતવર્ધક નાટક સમાજ' દ્વારા ૧૯૦૯-૧૦માં ભજવાયેલાં કવિ લાલજી નાનજી જોશીનાં નાટકો ગણાવે છે. આ વિષયમાં હજુ વધારે ચોકસાઈ અને વિસ્તારની અપેક્ષા રહે છે.

'કચ્છ પ્રદેશનાં લગ્નગીતો' વિશેનું બીજું વ્યાખ્યાન એની સરળ પ્રવાહી ભાષા અને ક્રમશઃ વિષયનિરૂપણના કારણે ધ્યાનાકર્ષક છે. આ પ્રદેશનાં લગ્નગીતોની પ્રથમ ખાસિયત એ કે તે દ્વિભાષી છે. 'કચ્છી' બોલવાની ભાષા છે તેના અંશો 'લગ્નગીત' જેવી અર્ધમૌખિક - અર્ધલેખિત પરંપરામાં સમરસ પામેલાં છે. કચ્છી ભાષાના અભ્યાસ માટેનું આ એક સારું સાધન છે. લગ્નગીતોમાં જ્યાં 'છ' છે ત્યાં 'સ'નું ઉચ્ચારણ થાય છે અને જ્યાં 'સ' છે ત્યાં 'હ' બોલાય છે! ('છબછબિયાં' – 'સબસબિયાં', 'સસરો' – 'હહરો.')

અજાણી માને છે કે કચ્છી ભાષા 'અવિરત ખેડાતી રહેલી ભાષા' છે. આપણા ભાષાવિષયક ગ્રંથોમાં ગુજરાતી ભાષાનો વિચાર કરતાં એની મુખ્ય ચાર બોલીઓની ચર્ચા થાય છે, ઉચ્ચ અભ્યાસક્રમમાં એના અધ્યયનની જોગવાઈ પણ છે, જ્યારે 'કચ્છી'તો સિંધીની બોલી છે એમ કહીને ગુજરાતના જ એક ભાગમાં બોલાતી હોવા છતાંય તેની કોઈ ચર્ચા થતી નથી! અહીં એક વિશિષ્ટ પરિસ્થિતિ પણ ધ્યાનમાં લેવા જેવી છે : પાટણ, ચરોતર, સૂરત કે સૌરાષ્ટ્રનું કોઈ કુટુમ્બ પોતે પટ્ટણી, ચરોતરી, સૂરતી કે સૌરાષ્ટ્રભાષી છે એમ કહેતું નથી, જ્યારે કચ્છવાળા પોતે 'કચ્છીભાષી' હોવાનું સદીઓથી જણાવતા આવ્યા છે. આશરે આઠથી દશ લાખ લોકો કચ્છી બોલે છે, તેના વિશે કશો જ વિચાર નહિ? રાજકીય દૃષ્ટિએ જોઈએ તો કચ્છ, ક્યારેય સિંધનો ભાગ રહ્યું નથી કે નથી સિંધીભાષી વિસ્તારમાં કચ્છની ગણના થતી! 'કચ્છી' ભાષા છે, સિંધીથી જુદી પડેલી છે અને સદીઓથી ખેડાતી રહેલી છે. અજાણી અને અન્ય ઘણા મિત્રો આજે વર્ષોથી જે વાત કહી રહ્યા છે એ પ્રત્યે હવે લક્ષ્ય અપાવું જોઈએ.

સિંધીની માફક કચ્છી પણ સંસ્કૃત-પ્રાકૃતમાંથી ઊતરી આવી છે. સિંધીની લિપિ જેમ અર્ધનાગરી છે તેમ કચ્છી લિપિ વિશે પ્રાપ્ત શિલાલેખો, તામ્રપત્રો, પાળિયા અને હાલ સચવાયેલી હસ્તપ્રતોના આધારો મળે છે. લાખા ફુલાણીના મુખમાં મુકાયેલા અપભ્રંશ દુહા, કચ્છના મામઈદેવની આગમવાણી, સસોઈ-પુનૂ વિશેનાં ચારણીગીતો અને 'કચ્છી બેત' વગેરેના વ્યવસ્થિત અભ્યાસ પછી જ કોઈ યોગ્ય તારણ ઉપર આવી શકાય. અજાણી માને છે કે કચ્છે માત્ર કચ્છી ભાષા પ્રત્યે જ ધ્યાન આપ્યું હોત તો આજે એનો વિકાસ ચરમસીમાએ હોત પણ કચ્છે રાષ્ટ્રભાષા હિન્દીના મૂળમાં રહેલી વ્રજભાષાના અને ગુજરાતીભાષાના વિકાસમાં ફાળો આપ્યો. અજાણી જરા ઉત્સાહી બનીને એવું વિધાન પણ કરે છે કે હિન્દીની પ્રથમ નવલકથા 'ખુશ્બુકુમારી' ઈ.સ.૧૮૦૧માં કચ્છમાં લખાયેલી છે! (પૃ. ૭૩) તેના લેખક કચ્છના નાગ્રેચા ગામના જાડેજા ઉન્નડજી છે. બીજી બાજુ જે સ્વીકાર્ય છે તે વ્રજભાષાના વિકાસમાં કચ્છનું પ્રદાન અને અર્વાચીન ગુજરાતીના બન્ને આદ્યો પણ કચ્છના ઋણી છે. કચ્છના શેઠ ગોકળદાસ તેજપાલ નર્મદને કચ્છ-નાળિયામાં આશરો આપે છે અને દલપતરામ તો ભુજની વ્રજભાષા પાઠશાળાના વિદ્યાર્થી છે.

વ્યાખ્યાનમાં એક સાથે અનેક મુદ્દાઓ છે એટલે આમ વેરાઈ ગયું છે અને છિછરું પણ છે, પરંતુ 'કચ્છીભાષા' વિશેના હવે પછીના અભ્યાસી માટે પથદર્શક છે. હા, 'સાહિત્યકોશ'માં કચ્છીભાષા કે કચ્છીબોલી વિશે અધિકરણ નથી, જ્યારે ગુજરાતને કે ગુજરાતી ભાષાસાહિત્યને જેની સાથે કશો જ સંબંધ નથી તેવા 'સાલ્ગારીરીતિ' વિશે અધિકરણ છે! (સંપાદકની

સમતુલા અને વિવેકબુદ્ધિનું શું?)

'ઓઢો-હોથલ' વિશ્વવિખ્યાત લોકવાર્તા છે, જેનાં મૂળિયાં કચ્છમાં હોવાના પુરાવા મળે છે. અજાણીએ આ કથાનાં મૂળ, સંપ્રસારણ અને રૂપાંતર વિશે અભ્યાસનિષ્ઠ વ્યાખ્યાન આપ્યું છે. 'ઉર્વશી-પુરુરવા' નામે ઋગ્વેદમાં મળતી કથા, અલ્પવધુ ફેરફાર અને પાત્રોનાં નામફેર સાથે જગતની અનેક ભાષાઓમાં મળે છે. અજાણીએ 'એક હજાર અને એક સો વરસ થઈ ગયા–' (પૃ. ૮૦) એવું જે વિધાન કર્યું છે ત્યાં ઓઢાનો ઇતિહાસમાન્ય સમય –ઓઢો ઈ. સ. ૧૨૦૦થી ૧૨૫૦ વચ્ચે કચ્છની ગાદીએ છે તે જોતાં તેરમી સદીના અંતથી આ કથામાં પાત્ર તરીકે ઓઢાનું નામ મુકાતું થયું એમ કહેવું ઉચિત રહેશે. અજાણીના આ વ્યાખ્યાનનું જમાપાસું તેની વિસ્તૃત સંદર્ભસૂચિ છે.

કચ્છની 'વ્રજભાષા પાઠશાળા' (૧૭૪૯ થી ૧૯૪૮) કચ્છ-ગુજરાતની નહિ, પરંતુ સમગ્ર ભારતની એક મહાન સાહિત્યિક ઘટના છે. અજાણીએ ઘણી ઉષ્માથી આ કાવ્યશાળા વિશે અને એના સ્થાપક લખપતજી વિશે ચર્ચા કરી છે. દેશ-વિદેશના અનેક મહાનુભાવોએ એની અદ્વિતીયતા વિશે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે. આ શાળામાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ હતો અને પાંચેપાંચ વર્ષનો રહેવા-જમવા-ભણવાનો બધો જ ખર્ચ કચ્છ રાજ્ય વહન કરતું. પાંચ વર્ષ પૂરાં કરનારે એક 'બાવની'ની રચના કરવી પડતી તે પછી તેને રાજ્ય તરફથી પ્રમાણપત્ર મળતું અને નાનામોટાં રાજપૂતરાજ્યો તેને 'રાજકીય' તરીકે સ્વીકારતેં. લાગલગાટ બસો વર્ષ સુધી કવિઓનું ઘડતર કરતી આવી શાળા ભૂજના આંગણે હતી તેના વિશેની માહિતીથી રોમાંચ થાય છે!

અજાણીએ આ શાળાના પ્રથમ દશ આચાર્યોને 'જૈનાચાર્ય' કહેલ છે, (પૃ. ૧૩૪) પરંતુ આ બધા જ પૂર્વાશ્રમના ચારણો હતા તે નોંધવું જોઈએ.

બધાં જ વ્યાખ્યાનો માહિતીસભર છે, ક્યાંક તો માહિતીના ભારથી ખોડંગાતાં પણ બન્યાં છે. 'કચ્છ : પરિસંવાદના પ્રાંગણમાં' એવું શીર્ષક સ્પષ્ટ ખ્યાલ ઊપસવા દેતું નથી, ક્યાંક કઢંગી વાક્યરચના અને એક સાથે બધું જ કહી દેવાની ઉતાવળ પણ અસ્પષ્ટતા સર્જે છે. કચ્છના ભાષાસાહિત્ય વિશે ઊહાપોહ સર્જી શક્યાની આની ક્ષમતા છે અને તે જ એને આવશ્યકતા પ્રેરે છે.

**સદ્‌ગત ચિત્રકાર ભૂપેન ખખ્ખરને શ્રદ્ધાંજલિ**

ભારતીય ચિત્રકળામાં કથનાત્મક ચિત્રો દ્વારા આગવું પ્રદાન કરનાર અને આંતરરાષ્ટ્રીય કળાક્ષેત્રે પણ ખ્યાતિ મેળવનાર આપણા અગ્રણી ચિત્રકળાકાર ભૂપેન ખખ્ખર(જ.૧૯૩૪)નું ૮મી ઑગસ્ટે અવસાન થયું.

ચિત્રકળાના ક્ષેત્રમાં વિશિષ્ટ અર્પણ માટે પદ્મશ્રીનો એવોર્ડ અને પ્રિન્સ ક્લાઉસ એવોર્ડ મેળવનાર ભૂપેન ખખ્ખરે લખેલા નાટક 'મોજીલા મણિલાલ'માં તથા એમની વાર્તાઓના સંગ્રહ 'મગનલાલનો ગુંદર'માં એમની વિલક્ષણ સર્જકતા પ્રગટ થયેલી છે.

| વાચનવિશેષ | ભોપાલ : બારહ બજકર પાંચ મિનિટ | ભરત મહેતા |
|---|---|---|

અનુ. પવન જૈન, ઉપેન્દ્ર સ્વામી, પ્ર. એન. એન. ત્રિપાઠી, ફૂલ સર્કલ પ્રકાશન દિલ્હી, ૨૦૦૧. ડે. ૩૫૦, રૂ. ૧૫૦.

**પ્રજાજીવનને સાબદું રાખવા માગતી પ્રતિબદ્ધતા**

ડોમીનિક લાપિએરની નવી રચનાનું નામ સાંભળતા જ હું હંમેશા ખૂબ રાજી થાઉં છું. એ જરાય મહાન નવલકથાકાર નથી પણ દસ્તાવેજી લખાવટ દ્વારા સરેરાશ માણસ માટેની એની પ્રતિબદ્ધતા સ્પર્શી જાય છે. દસ્તાવેજ પાછળ તે ખરેખર કાળી મજૂરી જેવું કામ કરે છે. 'ફ્રીડમ ઍટ મીડ નાઈટ' કે 'ધ સીટી ઑફ જોય'ના વાચકોને આ વાત સમજાવવી નહીં પડે. ભારતના મધ્યે, લગભગ ભારતના હૃદયસમા ભોપાલનગરને એક દા'ડો – હિરોશીમા બનવાનું બન્યું હતું. ત્રીસેક હજાર મૃત્યુ અને પાંચ લાખ ઘાયલોની એ ઘટનાવાળા શહેરમાં ભારતભુવન છે. ત્યાં, તેની આસપાસ, આખા દેશમાં હજ્જારો સર્જકો છે. કોઈએ આ ઘટના વિશે આટલું સઘન ન લખ્યું. પ્રતિબદ્ધ નાટ્યમંડળોએ શેરીનાટકો કરેલાં એ યાદ છે. ડોમીનિક લાપિએરની આ નવલકથા ૨૦૦૧માં બહાર પડી. 'સીટી ઑફ જૉય' બહાર પડતાં કલકત્તામાં તોફાનો થયેલાં. ભારતની ગરીબીનો આ લેખક વેપલો કરે છે તેવો આક્ષેપ કરવામાં આવેલો. અલબત્ત, ઝનૂનીઓએ એવો આક્ષેપ તો 'પથેર પાંચાલી'ત્રયી વિશેય કર્યો હતો. ખરેખર તો દૈન્ય મહીં પડેલા સૌંદર્યને લેખકે બરાબર રેખાંકિત કરી આપેલું. તેનો વાંચ્યા વિના અનુભવ ન થાય. ચિત્રને જોયા વિના, ફિલ્મને બનવા દીધા પહેલાં, પુસ્તકને વાંચ્યા વિના કોઈના હાથા બનીને એના વિશે દેખાવો કરવાનું આપણને ફાવે છે. એના કુશળ મદારીઓ ચોમેર અહીં છે. આ નવલકથાની પણ ભોપાલમાં હોળી કરવામાં આવી. તત્કાલીન મુખ્યમંત્રી અર્જુનસિંહની અહીં ટીકા કરાઈ છે. દુર્ઘટના પૂર્વેની કાર્બાઇડ સાથેની એમની સુંવાળી દોસ્તી, દુર્ઘટનાવેળાએ શહેર છોડીને નાસી જવા જેવી પ્રતિક્રિયા, દુર્ઘટના શમી ગયા પછી ૮૦૦ બસો ભરીને કાર્બાઇડ સામેના દેખાવો, છતાંય કાર્બાઇડના વિદેશસ્થિત અધિકારીઓને ભારત છોડી જવામાં સહાયક ભૂમિકાની અહીં નિરાંતે વાત થઈ છે. તેથી આ નવલકથાનો વિરોધ આપણા વેંતિયા નેતાઓ દ્વારા ન થાય તો જ નવાઈ.

નવલકથાને ઉઘાડતાં જ એનું અર્પણ છે દુર્ઘટનાનો ભોગ બનેલી ત્રણ ઝૂંપડપટ્ટીના રહીશોને. ડોમીનિક લાપિએર અને સહલેખક ઝેવિયર મોરોએ આ નવલકથા લખવા માટે ભારત-અમેરિકાની અસંખ્ય ખેપો કરેલી. કંપનીની બાજુમાં આવેલી ઉડિયા બસ્તી, ચોલાનગર અને જયપ્રકાશનગરના બચી ગયેલા સેંકડો લોકોની એમણે રૂ-બ-રૂ મુલાકાત લીધી હતી. નવલકથામાં પ્રવેશતાં પહેલાં બીજું ધ્યાન ખેંચે છે આરંભે મૂકાયેલું આલ્બર્ટ આઇન્સ્ટાઈનનું વિધાન : 'ટેકનોલૉજીની તમામ સિદ્ધિઓની મુખ્ય ચિંતા મનુષ્ય અને એની સલામતીની હોવી જોઈએ. એ જરાય ન ભૂલશો કે વૈજ્ઞાનિક સમીકરણો, સૂત્રો, આલેખોનો એ આધારસ્તંભ હોવાં જોઈએ.' છતાંય પ્રત્યક્ષ રીતે હિરોશીમા-નાગાસાકી સર્જાયાં. પરોક્ષ રીતે, બજાર મેળવવાના આર્થિક યુદ્ધમાં ભોપાલ જેવા પ્રચ્છન્ન હિરોશીમા સર્જાતા રહે છે.

નવલકથા ઊઘડે છે રતન નાદરના પાત્રથી. 'સીટી ઑફ જૉય'માંય દુષ્કાળથી ભાંગી પડેલો ખેડૂત નગરમાં ઝૂંપડપટ્ટી-રહીશ બને છે તેમ અહીં પણ બત્રીસ વરસનો ત્રણ સંતાનનો પિતા તાડનો રસ કાઢતો, પત્ની-દીકરી માચિસ બનાવવાની ફેક્ટરીમાં કામ કરવા છતાં પૂરું ન થતાં મુદિલાપાથી ભોપાલ આવે છે. આખી કથાના વણાટમાં આ રતન નાદરનો અને એની દીકરી પદ્મિનીનો રસપ્રદ વિનિયોગ લેખકોએ કર્યો છે. મજબૂરી મજદૂરને ક્યાંથી ક્યાં લઈ આવે છે! પૂર્વથી પશ્ચિમ. ઝેરી ઘાસ-પત્તી ખાવાથી મૃત્યુ પામતા ઉડિયા આદિવાસીના સમાચારો છાપામાં ઘણીવાર વાંચીએ છીએ તેય યાદ આવે. યાદ આવે 'શોધ' જેવી ઉડિયા વાર્તા પર બનેલી ફિલ્મ. ગુજરાતી વાચક તરીકે મને તો રતન નાદર સુરતમાં દેખાય. એકલા સુરતમાં નવ લાખ ઉડિયા કામદારો છે – તાપી તટે કીડીમંકોડાની પેઠે ચોંટેલા, રૂમાલ વીંટાળેલા,

કાળાં સીસમ શરીરોવાળા, રેલપટરીની આસપાસ રહેતા. કંપનીકથાની અડોઅડ આ રતન નાદરને મૂકી, કિશોરી પદ્મિનીના લગ્ન સુધીના બનાવોય લેખકોએ કથાસૂત્રમાં પરોવ્યા છે.

લેખકો એ અંગે સતર્ક છે કે આ માનવભક્ષી દુર્ઘટનાનું આલેખન રખેને વિજ્ઞાનવિરોધી બની જાય! તેથી કાર્બાઇડ કંપનીની કથા ખૂલતા પહેલાં જ જંતુનાશકોની અનિવાર્યતા વિશે, એના અભાવમાં ખેતીને થયેલ નુકસાનની રસપ્રદ માહિતી વિસ્તારપૂર્વક મૂકવામાં આવી છે. જેની સમાંતરે ભારત બહાર સાતસો પેઢી ધરાવનારી યુનિયન કાર્બાઇડ કંપનીની ઉદ્ભવ-વિકાસકથા આવરી લેવામાં આવી છે. ડિસ્કવરી ચૅનલના પ્રવક્તાની માફક લેખકોએ ખેતીનાશક કીડાઓની પ્રચુર માહિતી રસપ્રદ ભાષામાં આપી છે. ડી.ડી.ટી.ના સંશોધનની વિગત, એના શોધક હરમૈન મુલ્લરની વાતો, ડી.ડી.ટી..ના અપલક્ષણોનો વિકલ્પ શોધવાની ગરજ વિશેય નિરાંતે વિગતો મૂકાઈ છે. દસ્તાવેજી નવલકથાએ ક્યારેક કથારસને બાજુ પર હડસેલવાની અનિવાર્યતા ઊભી થાય છે. એમાંયે જ્યારે આવો વિજ્ઞાનનો પેચીદો મામલો હોય ત્યારે ટૅકનીકલ માહિતી સાથે એક લોકપ્રિય લેખક શી રીતે પનારો પાડે એના નમૂના તરીકેય આ નવલકથાને જોઈ શકાય. આવી દસ્તાવેજી નવલકથાનાં ભયસ્થાનો પણ હોય છે. આપણે ત્યાં ભાકરાનાંગલ બંધ થયો ત્યારે કે નર્મદાનો બંધ બની રહ્યો છે ત્યારે 'સરકારી વાજિંત્ર' સમી બની જતી નવલકથાઓ લખાઈ છે. પંચવર્ષીય યોજના જેવી ઘટના વિશેની નવલકથાઓ કે રેડિયોનાટક પણ યાદ કરી શકાય. 'સરકારી વાજિંત્ર' કે 'કોઇનુંય વાજિંત્ર' બન્યા સિવાય ઘટનાને ચોમેરથી ચકાસવાનું, 'સત્ય' લગી પહોંચવાનું ધ્યેય ડોમીનિક લાપિએરમાં કાયમ દેખાય. જેનો અનુભવ અહીં પણ થાય છે.

કંપની અધિકારીઓ વુમર, મ્યુનોઝ કે એન્ડરસનના આલેખનો સપાટ નથી. છતાંય સામ્રાજ્યવાદી દેશોની ત્રીજા વિશ્વને લૂંટવાની તરકીબોનો જરાય ઢાંકપિછોડો નથી. જેમકે આવા ઝેરી ગેસનું ઉત્પાદન એ દેશો પોતાના દેશમાં જનવિહોણી જગાએ કરે જ્યારે ભારતમાં ધમધમતા શહેરમાં! કનાવા ઘાટીમાં ચાલતા આવા કારખાનાનો ગુપ્ત અહેવાલ ૧૯૬૩, ૧૯૭૦માં બે વાર અપાયો છતાંય એ કારખાનાઓને કાળખાના બનાવતાં અટકાવાયું નહીં. ભોપાલ પછી કનાવા ઘાટીમાં ૧૯૮૦-૮૪માં ૬૭વાર નાની નાની દુર્ઘટના થઈ! પ્રયોગશાળામાં કામ કરતી બાઈ પામેલા નિકસને કનાવા ઘાટીવાળી સંસ્થા માત્ર છોડી નથી પણ એ કેટલું મોટું ષડ્યંત્ર છે તે પામી જતાં એની સામે, એને હટાવવા સાંગઠનિક ધોરણે લડી રહી છે. બિલ ક્લિન્ટન સામે લાલ જાજમ પાથરતી વખતે આપને પેલા ત્રીસહજારના મોતનો ન્યાય માગી શકતા નથી! યુનિયન કાર્બાઇડ ભારતમાં સ્થપાયું ત્યારે તો 'નેશનલ જ્યોગ્રાફી'માં 'નવભારતના નિર્માણમાં વિજ્ઞાન' જાહેરખબરમાં માઈકલ એન્જલોના ચિત્રની નકલ મૂકેલી. જેમાં ઈશ્વર આદમને મદદ કરી રહ્યો છે. જ્યારે અહીં તો જીવન નહીં મોતનો વેપાર થયો! સમગ્ર લખાણમાં આવી આવી વિગતો આવરી લઈને વ્યંગ કર્યા કર્યો છે. 'સીટી ઑફ જૉય'ની માફક અહીં પણ ત્રણેય ઝૂંપડપટ્ટીનાં આલેખનો સબળ થયાં છે. જીવંત, તાદૃશ્ય ઝૂંપડપટ્ટી આપણી આંખ સામે રચાતી જાય. અભાવોમાં, ઠેબાં ખાતાં ખાતાંય કિલ્લોલતાં પાત્રોની વણઝાર ખડી થઈ જાય છે. ગંગારામ, રતન, સંજય, શીલા, દિલીપ, દલીમા, બલરામ મુકાદમ, સિસ્ટર ફેલિસિટી, વ્યાજખાઉં સરદાર વગેરે.

ત્રણભાગમાં વહેંચાયેલી આ કથાનો ઘણો ભાગ આ ઝૂંપડપટ્ટીને ફાળવાયો છે. જે સર્વથા ઉચિત છે. યુનિયન કાર્બાઇડની સાવ નજીકમાં જ આ ત્રણેય ઝૂંપડપટ્ટીઓ આવેલી હતી. નવલકથાના આરંભે ભોપાલનગરનો નકશો મૂકવામાં આવ્યો છે. ભારતીય પ્રજાની અનેક નાની-મોટી સાંસ્કૃતિક ખાસિયતો પણ લેખકની કલમે ઝીલી લીધી છે. જે દિવસે પદ્મિની માસિક ધર્મમાં બેઠી એ દિવસે શીલાએ, પદ્મિનીની માએ આપેલો પ્રતિભાવ દૃષ્ટાંત લેખે જોઈ શકાય. એવી જ રીતે ભોપાલનો છેક મધ્યકાળથી માંડી '૬૦ સુધીનો ઇતિહાસ રસપ્રદ રીતે દોઢ જ પાનામાં મૂકી આપ્યો છે. વળી આ બધું એકમેક સાથે સંકળાયેલું પણ રહે છે. ભોપાલનો રાજમહેલ પાણીના મૂલે, કેવળ ૧૧લાખમાં ખરીદીને યુનિયન કાર્બાઇડે તેનું ગેસ્ટહાઉસ બનાવેલું! પ્રજા તો અંધારામાં જ હતી. જાણે યુનિયન કાર્બાઇડની કંપની ચૉકલેટની કોઈ ફેક્ટરી હોય એવી બિનહાનિકારક લેખાઈ હતી. કલમ પારીક જેવા આશાસ્પદ ઇજનેરો આ

કંપનીમાં કેવા અરમાનો સાથે જોડાયેલા અને કંપનીનું સ્તર નીચું જતાં, સુરક્ષા અંગેના સ્તરમાં પતન થતાં એવા લોકોએ કંપની સાથે કેવી રીતે છેડો ફાડ્યો એ પણ રસપ્રદ છે. નવલકથામાં સાહસ, રહસ્ય, અકસ્માત્ કુતૂહલ વિવિધ રીતે ઊભું કરાયું છે. બલરામ મુકાદમે ઝૂંપડપટ્ટી તોડવા આવેલા અધિકારીઓને 'સંજય ગાંધી બસ્તીમેં આપકા સ્વાગત હૈ'નું પાટિયું દેખાડી કેવાં પાછા કાઢેલાં, ત્રણ વિશાળ ટૅંકમાં ભરવાની એમ.આઈ.સી. ૧૬ ડ્રમનાં, બે ટ્રકમાં લઈને મુંબઈથી ભોપાલની શકીલ કુરેશી અને કમલ પારીકની સાહસયાત્રા જેવી ઘટનાઓ વાચકને બાંધી રાખવા માટે પૂરતી છે. ઝૂંપડપટ્ટીમાં રહેતો તરંગી, ગૂંડો, લોકપ્રિય ધનવાન ઓમર પાશા, એનો મરઘાં લડાવવાનો શોખ, એનો ૩૦૦૦૦ રૂપિયાનો મરઘો, લડાઈ પહેલાં મરઘાને ખવડાવાતી સામગ્રી–રાજકારણીઓ સાથેની એની ગઠજોડ, આવાં તત્ત્વોને આવરી લઈને ડોમીનિક લાપિએર તથા ઝેવિયર મોરોએ આ નવલકથાને વાચનક્ષમ બનાવી છે. તો સાથોસાથ 'લોકશાહી' તંત્રવાળા દેશની સંકુલતાનો પરિચય આપ્યો છે. કંપનીના કામે આવેલા જેક બ્રિલી જેવા ઇજનેરની મોગલ રાજઘરાનાની સલમા સાથેની દોસ્તી, ભોપાલની વિચિત્ર ભોજનબાજીઓ, જેમાં આદુની ચાસણીની મિઠાઈ પણ હોય! આવી બધી માહિતીનો મસાલો યુનિયન કાર્બાઇડની કથાની એકવિધતાને તોડે છે.

દુર્ઘટના, ગમખ્વાર દુર્ઘટના લગી પહોંચતી યુનિયન કાર્બાઇડ કઈ કઈ અવદશામાંથી પસાર થઈ એનો ઇતિહાસ પણ રસપ્રદ છે. વાયુ મોંમાં જવાથી મોહમ્મદ અશરફ મર્યો ત્યારે કંપનીએ કર્મચારીની સરતચૂક ગણાવી. ૩૦૦૦૦ મર્યા ત્યારેય આ જ સમીકરણથી કામ ચલાવ્યું! મોહમ્મદ અશરફના મોત પછી ફેબ્રુ. '૮૨માં પચ્ચીસ કર્મચારીઓને અસર પહોંચી. વિશ્લેષણમાં એવા વાયુઓ આવ્યા કે જે દસ્તાવેજમાં હોય જ નહીં! યુનિયન કાર્બાઇડનું બહાર વહેતું પાણી પીને પાંચ ગાયો મરેલી ત્યારેય ઊહાપોહ થયેલો જે દબાવી દેવામાં આવેલો. એ પાણીની તપાસ કરતાં એમાં પારો, ક્રોમિયમ, તાંબુ, જસત, ક્લૉરોફૉર્મ, કેલ્શિયમ કાર્બોનેટ અને બેન્ઝિનની તીવ્ર માત્રા હાજરાહજૂર હતી. આજેય વડોદરાની આસપાસ કૂવામાં મોટર રિપેર કરવા ઊતરેલા માણસો એકાએક મરી જાય છે એ ઘટના યાદ આવે. એલેમ્બિકના પ્રદૂષણ સામે દેખાવો થયાં છતાં અડધી રાતે, વહેલી પરોઢે હાનિકારક વાયુઓ આ કંપનીઓ છોડ્યા જ કરે છે. સરકારી રહેમનજર તળે જ આ બધું ચાલી શકે. વૈશ્વિકરણનો વાયરો ફુંકાતાં આવી કેટલીય કંપનીઓ અહીં ઊતરી આવશે અને સરવાળે આમજનતાએ જ પરેશાન થવાનું રહેશે છે એ વાત આવી નવલકથા સ્પષ્ટ કરે છે. 'રપટ' સાપ્તાહિકના રાજકુમાર કેશવાણીએ વારે વારે યુનિયન કાર્બાઇડ સામે ચેતવણી આપેલી જેને આપણા સ્થાપિતો ઘોળીને પી ગયેલા. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર જગન્નાથ મુકુંદન જેવા યુનિયન કાર્બાઇડનો વહીવટ સંભાળતા છતાંય ન્યાય આમજનતાને ન મળ્યો. કેવળ 'નફો' જ ધ્યાનમાં રાખતી આ કંપનીઓનું સ્તર કઈ રીતે પતન પામ્યું? પહેલાં માણસો ઘટાડ્યા, અડધોઅડધ. પછી 'સસ્તો માનવશ્રમ મેળવવા' પ્રશિક્ષણ પામ્યા વિનાના, લોકોને જ રાખ્યા. જેના કારણે કમલ પારીક જેવા તો ચાલ્યા ગયા. નટ, બોલ્ટ, વાલ્વ કે ખીલી – બગડેલા મશીનોમાં નાખવા માટે હોય જ નહીં! વીજળીબીલમાં બચત માટે રેફ્રીજરેશન બંધ. જેના કારણે ઊંચા તાપમાને એમ.આઈ.સી. સ્ફોટક બની શકે અને બની. પછી તો શાંત જ્વાળામુખીના પેટ પર બેસીને પત્તાં ટીચાતાં.

નવલકથાનું જકડી રાખનારું પ્રકરણ છે દુર્ઘટનાવેળાના વર્ણનવાળું. એકતરફ સ્ટેશન માસ્તર અશ્વિન દ્વિવેદીની દીકરીના લગ્નનો ભવ્ય જલસો, કુલી બની ગયેલા રતન નાદરની દીકરી પદ્મિનીના લગ્ન, બીજી તરફ શહેરની મધ્યમાં ચાલી રહેલો મુશાયરો. એમાં ઝેરીલું વાદળ – મેઘમૃત્યુદૂત – ફરી વળે છે! જેનો પતિ યુનિયન કાર્બાઇડમાં મૃત્યુ પામેલો એ સાજીદા બાનોએ દીકરોય આ દુર્ઘટનામાં ગુમાવ્યો. રેલ્વેસ્ટેશન મુર્દાઘર બની ગયું ક્ષણમાત્રમાં. સ્ટેશન માસ્તર સમુદ્રમાં ડૂબી રહેલા જહાજને બચાવવા મથતા કમાન્ડર જેવો લાગતો હતો. ઉપસ્ટેશન માસ્તર વી. કે. શર્માએ જાનના જોખમે ગોરખપુર એક્સપ્રેસ ભોપાલસ્ટેશનની બહાર ધકેલી દીધી. શર્માને મરેલો માનીને બાળી મૂકત પણ ફોટોગ્રાફરને જીવતો લાગતાં એને બચાવી લેવાયો! કબ્રસ્તાનવાળો અબ્દુલ હમીદ કબરો ખોદી ખોદી લોથ થઈ ગયો.

સ્મશાનવાળો લાશો બાળીને. હિંદુ કે મુસ્લિમની ખબર પડતાં લાશોની અદલાબદલી થતી! મરેલી માના સ્તન ચૂસતું બાળક જેવા આઘાતજનક દૃશ્યો સર્જાયા હતા. અનેક લોકોનાં ફેફસાં ફાટી ગયાં હતાં. ફૂલોના શોખીન ડૉ. સત્પથી, લાશોના ઢગલાના ફોટા પાડનાર સુભાષ ગોદાને, રાત-દિવસ જોયા વિના લોકોને જમાડનાર 'ધ અગ્રવાલ પુરી ભંડાર'નો રતન અગ્રવાલ, વિચિત્ર સ્વભાવનો પ્રોફેસર ચંદ્રા, ડૉ. દીપક ગાંધી, – આ દિવસોમાં સક્રિય હતા. કેવળ મનુષ્યોની લાશના જ નહીં સેંકડો કબૂતર, પોપટના મૃતદેહો રઝળતા હતા. લાશ પર વળતર જાહેર થતાં લાશોની ખેંચાખેંચ શરૂ થઈ. ચૂંટણીનો એક જ મહિનો બાકી હોવાથી દુર્ઘટનાને મતપેટી છલકાવવા માટે વટલાવવી શરૂ થઈ. ન્યાય ગયો ખાડામાં. યુનિયન કાર્બાઇડના માલિકોને સજા કરીએ તો વિદેશીઓ ભારતમાં મૂડીરોકાણ નહીં કરે એવી ચોખ્ખી ગણતરીથી ફાઈવસ્ટાર જેવી સવલતવાળી જેલમાં વારેન એંડરસનને 'ખપપૂરતો' રાખીને વિદેશ ઉડાડી મૂકાયો! એને ૫૦૦૦૦ રૂપિયા દંડ થયો! ૩૦હજાર મોત અને બે લાખ ઘાયલની સામે આ રકમ મૂકીએતો? બીજાના દુર્ભાગ્યમાંથી જેમની રોજી-રોટી નીકળે છે તેવા વિદેશી વકીલોની ટોળીઓ ભારત આવી. વિદેશમાં એક નિર્દોષ મોતની કિંમત પાંચ લાખ ડૉલર. એ વિદેશી અમેરિકન કોર્ટ એમ કહીને ખસી ગઈ કે 'ત્રીજા વિશ્વના માણસનું મૂલ્ય નિર્ધારિત કરવાનું' અમારા હાથમાં નથી! કોર્ટ બહાર સામાન્ય સમાધાન કરી નાખવામાં આવ્યું. આપણી સરકારના કૃષિ વિભાગના ઉપાધ્યક્ષ કે. એસ. કામદારે માર્ચ ૧૯૮૩માં પત્રકારસંમેલન બોલાવીને ખૂલાસો કર્યો કે કર્મચારીઓએ અંદરોઅંદરના વિવાદના કારણે આ ષડ્યંત્ર રચેલું! મોહન વર્માના નામે આખી દુર્ઘટનાને ચડાવીને સરકારી જુઠાણું સર્જીને આખીય દુર્ઘટનાનું ભીનું સંકેલાઈ ગયું. જેણે અનેકોને બચાવેલા તે ડૉ. સત્પથીને વળતર એટલે ન અપાયું કે તેઓ પ્રભાવિતક્ષેત્રમાં રહેતા નથી! મેજર કંચારામ બિલકુલ આંધળા છે જે આજેય વળતરની પ્રતીક્ષામાં છે. આજેય ભોપાલના એ અસરગ્રસ્તોમાં વહેલો મોતિયો આવવો, શ્વાસમાં તકલીફ, સતત તાવ, અનિયમિત માસિક કે વિવિધ નામધારી અસંખ્ય રોગો યુનિયન કાર્બાઇડના વળતર રૂપે મળેલાં છે.

આ નવલકથા આપણા લેખકો માટે પ્રેરણારૂપ બની શકે એમ છે. કચ્છનો ભૂકંપ, કંડલાનું કે ઓરિસ્સાનું વાવાઝોડું, કોમવાદી તોફાનો કે સૂરતનો પ્લેગ – એવી ઘટનાઓ કે જેણે લાખો માણસોની જિંદગીને અવનવા અને અણધાર્યા વળાંકો આપ્યા એનો દસ્તાવેજી સામગ્રી લેખે વિનિયોગ કરી માનવજીવનના – શાશ્વત કે સનાતન નહીં તો વર્તમાનપ્રશ્નોય સરખી રીતે મૂકી શકાય. પ્રજાજીવનને સાબદું રાખવા માગતી પ્રતિબદ્ધ નવલકથાનું દૃષ્ટાંત આપી શકાય એવું આપણી પાસે કશું ખરું?*

*મૂળ અંગ્રેજી નવલકથા –'ભોપાલ – ડોમિનિક લાપિયેર, ઝેવિયર મોરો.'

ગાંધીજીએ આફ્રિકાથી આવીને કોચરબ આશ્રમ સ્થાપ્યો ત્યારે સેક્રેટરી હતા હરિવલ્લભ માણેકલાલ દેસાઈ. એમણે ૧૯૨૩માં મહાજન લાયબ્રેરીની શરૂઆત કરેલી. હું એ લાયબ્રેરીનો લાભ લેતો. અંબુભાઈ પુરાણીએ સ્થાપેલી વ્યાયામશાળામાં પણ જતો. ક્યાં અખાડો ને ક્યાં લાયબ્રેરી!... એક દિવસ અખાડા પાસેથી ચાલતાં મને અચાનક સ્ફુરણ થયું કે હું કવિતા ન લખી શકું? એ સાલ હતી ૧૯૨૯ની. અને ન્હાનાલાલની અસરમાં 'રાસ' લખવાની શરૂઆત કરી. ૧૯૨૮માં રેવોલ્યૂશનરી પાર્ટીમાં જોડાવાનો વિચાર થયો. જતીન વગેરેને ફાંસી અપાઈ ત્યારે લોહી ઊકળી ઊઠ્યું. સાયકલ પણ મંગાવી. પરંતુ, છેવટે મેં ગાંધીજીના આંદોલનમાં જોડાવાનું નક્કી કર્યું. ૧૯૩૦માં હું લડતમાં જોડાયો. તેથી મેટ્રિકની પરીક્ષા છોડવી પડી. ૬ઠ્ઠી એપ્રિલે દાંડીમાં ગાંધીજીએ મીઠું લીધું ત્યારે અમે પણ લસુંદ્રામાં મીઠું લીધું. હું ટીનએજર હોવાથી મને પકડ્યો નહીં, લાઠીઓ પણ ન મારી.

**રાજેન્દ્ર શાહ**

['તપસીલ' સંપા. હર્ષદ ત્રિવેદી, ૧૯૯૮–માંથી]

**સંદર્ભવિશેષ** **અમૃત ગંગર**

## મધર ઇન્ડિયા – ગાયત્રી ચેટર્જી

પેંગ્વીન ઇન્ડિયા, ૨૦૦૨, પૃ. ૮૭, રૂ. ૨૫૦

મહેબૂબખાન નિર્મિત-દિગ્દર્શિત નામાંકિત ફિલ્મ 'મધર ઇન્ડિયા' (૧૯૫૭) વિશેનું ગાયત્રી ચેટર્જી લિખિત પુસ્તક બ્રિટીશ ફિલ્મ ઇન્સ્ટીટ્યૂટ (બી. એફ. આઈ.) દ્વારા પ્રગટ થતી ભારતીય લોકપ્રિય સિનેમાની શ્રેણીમાંનું એક છે. પુસ્તકની સામગ્રી અને તેનું બંધારણ જોતાં આ પુસ્તક પણ બોલીવૂડની સાંપ્રત બોલબાલામાંથી ઉદ્ભવ્યું હોય એવું જણાય. લેખકનો સૂર સ્તુતિનો છે અને એ સ્તુતિસૂરમાંથી વાચકોને ફિલ્મકૃતિ વિશે કોઈ જુદું પૃથક્કરણ કે વિવેચન નથી મળતું. વાર્તાની રીતે કેટલાંક દૃશ્યોની સિનેમા-સહજ છણાવટ એ કરે છે. પરંતુ એ કંઈક શબ્દાળુ થઇ જવાથી થાકજનક લાગે છે. લેખકના અગાઉના પુસ્તક 'આવારા'(૧૯૯૨)માં પણ એવું થયું હતું. (પુસ્તકને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો એ બીજી વાત). મધર ઇન્ડિયા પુસ્તકની ભાષા પ્રમાણમાં મિતવ્યયી અને રસાળ છે. લેખકને મહેબૂબખાનના દીકરાઓ ઈકબાલ અને શૌકતખાનનો સંપૂર્ણ સહકાર હોવાથી મધર ઇન્ડિયા ફિલ્મના નિર્માણ વિશેના સર્વ દસ્તાવેજો હસ્તગત હતા. એ રીતે પુસ્તકમાંથી કેટલીક નવી, અજાણી માહિતી પ્રાપ્ત થાય છે.

વીસમી સદીના પ્રથમ દાયકામાં ગુજરાતના (અગાઉના વડોદરા રાજ્યના) બિલિમોરા (લેખક બિલિમોરાને બિલિમોરિયા કહે છે).* પ્રાંતમાં જન્મેલા મહેબૂબખાને 'મધર ઇન્ડિયા' પહેલાં 'ઔરત' નામની શ્વેતશ્યામ ફિલ્મ ૧૯૪૦માં બનાવી હતી. એ જ ફિલ્મને તેઓ અંગ્રેજી શીર્ષક રાખીને તેને વિશ્વવ્યાપી બનાવવા માગતા હતા. ધંધાની રીતે ફિલ્મ સફળ રહી અને ટ્રેન્ડસેટર બની ગઈ. મહેબૂબની પ્રથમ રંગીન ફિલ્મ 'આન' ૧૯૫૨માં બની હતી અને એ પહેલી ભારતીય ફિલ્મ હતી જેનું મોટા પાયે આંતરરાષ્ટ્રીય ધોરણે વિતરણ થયું હતું. રંગીન 'મધર ઇન્ડિયા' બનાવવાની ઇચ્છા મહેબૂબને તરત જ થઈ હતી. ઓક્ટોબર ૧૯૫૨માં મહેબૂબની કંપનીએ ૧૮૦ પ્રિન્ટો બની શકે એટલા પ્રમાણમાં ફિલ્મનો કાચો માલ આયાત કરવા માટે જોઈન્ટ ચીફ કંટ્રોલર ઓવ ઇમ્પોટર્સ (જેસીસી)ને અરજી કરી હતી. તે વખતે કોઈપણ ફિલ્મની ૬૦થી વધારે પ્રિન્ટો નહોતી બનતી અને તેથી જેસીસીને મહેબૂબખાનની જંગી માગને મંજૂર કરવા અંગે અવઢવ હતી. ૧૯૫૪થી જ ફિલ્મના આંતરરાષ્ટ્રીય વિતરણ-હક્કો વેચાઈ ગયા હતા. હજી તો ફિલ્મની વાર્તાનું, અભિનેતાઓનું કોઈ ઠેકાણું પણ ન હતું; એટલેકે નિર્માણ પહેલાં જ ફિલ્મે દંતકથાનું સ્વરૂપ લઈ લીધું હતું. લેખક લંડનના એક વિતરકે મહેબૂબખાનને લખેલા પત્રમાંથી તેમજ અન્ય દૃષ્ટાંતો આપે છે.

'મધર ઇન્ડિયા' ફિલ્મનો મૂળ વિચાર મહેબૂબખાનને તેમના વિદ્વાન મિત્ર બાબુભાઈ મહેતાએ આપ્યો હતો. તેમણે પર્લબકની નવલકથા 'ધ મધર'(૧૯૩૪) મહેબૂબખાનને સૂચવી હતી; અને પછી મહેબૂબખાને પર્લબકની અન્ય નવલકથા 'ધ ગૂડ અર્થ' પરથી ફિલ્મ બનાવવાનો વિચાર બદલી નાંખ્યો - મહેબૂબખાન સિડની ફ્રૅંક્લીનની એ જ નામની અંગ્રેજી ફિલ્મથી બહુ પ્રભાવિત થયા હતા. બકની નવલકથા 'ધ મધર'માં નાયિકા ફક્ત 'મા' તરીકે ઓળખાય છે, તેનું કોઈ નામ નથી, જ્યારે મહેબૂબખાનની ફિલ્મમાં તેનું નામ છે, 'રાધા'. ૧૯૩૮માં બાબા ગુંજાલે બનાવેલી ફિલ્મ 'મધર ઇન્ડિયા' તરફ પણ મહેબૂબખાનનું ધ્યાન ગયું હતું. એ ફિલ્મ બહુ ચાલી નહોતી. અને એક દાયકાથી વધારે સમય વીતી ગયો હોવાથી મહેબૂબખાનને પોતાની ફિલ્મનું શીર્ષક રાખવા માટે કૉપીરાઈટ્સનો કોઈ અંતરાય નહોતો.

મહેબૂબખાનના જીવન અને કારકિર્દી વિશે તો ઘણું લખાયું છે અને તેમાં લેખક કોઈ નોંધપાત્ર ઉમેરો નથી

* દક્ષ સંશોધક શ્રી હરીશ રઘુવંશીના ધારવા મુજબ મહેબૂબખાન વડોદરા નજીક સરલ ગામમાં તેમના મોસાળે જન્મ્યા હોવા જોઈએ. અને તેમની જન્મતારીખ ૧.૧.૧૯૦૬ હશે. કેટલાક તે ૭.૯.૧૯૦૬ હોવાનું પણ માને છે.)

કરતા. મહેબૂબની કારકિર્દી બનાવવામાં કેટલાક ગુજરાતીઓનો ઘણો ફાળો હતો. પ્રાગજી દેસાઈએ તેમને અરદેશીર ઈરાનીની ઈમ્પિરીયલ ફિલ્મ કંપનીમાં કામ અપાવ્યું. કેમેરામેન ફરેદુન ઈરાની તેમની સાથે અડગ રહ્યા અને વી.જે. શાહ જેઓ મહેબૂબ પ્રોડક્શન્સ કંપનીના મુખ્ય નિર્માણ-પ્રબંધક હતા. લેખક કહે છે તેમ, 'એવરી લેટર, ઈફ નોટ સાઈન્ડ બાય મહેબૂબ, બેર્સ હીઝ સિગ્નેચર.' મહેબૂબખાને સહી ના કરી હોય તેવા દરેક પત્રમાં વી.જે. શાહની સહી છે. તેમના સંશોધન દરમ્યાન શાહે આપેલી સહાયની નોંધ લેખક લે છે.(૧૭)

મહેબૂબખાનની કંપનીમાં પૈસાના હિસાબવ્યવહારમાં કેટલી ચીવટ લેવાતી તે જોઈએ. દિલ્હીની ઇન્દ્ર ફિલ્મ્સ કંપનીને 'મધર ઇન્ડિયા'ના વિતરણ હક્કો રૂ. ૪૦,૦૦૦ માં વેચાયા અને ૧૯૫૫ની ૧૬મી જુલાઈએ ચોકસાઈપૂર્વક લખાયેલા કરાર પર સહીસિક્કા થયા. લેખક, ૧૯૫૫ની ૮મી ઑગસ્ટે લખાયેલા એક પત્રનો દાખલો આપે છે. વિતરકની ભલામણથી મહેબૂબખાનની કંપનીએ કોઈ ધર્માદા કાર્ય માટે પૈસા ભેગા કરતી લતા મંગેશકરને એક સો રૂપિયા આપવાના હતા. વિદિત છે તેમ લતા મંગેશકર મહેબૂબખાન માટે 'અંદાઝ' ફિલ્મથી પ્લેબેક સિંગર રહી હતી અને 'મધર ઈન્ડિયા'નાં ગીતો પણ ગાવાની હતી. આ એક સો રૂપિયાનો હિસાબ રખાયો હતો. વળી, મહેબૂબખાનની કંપનીએ ઇન્દ્ર ફિલ્મ્સને દિલ્હીના કોઈ ધાર્મિક વૃત્તિના ભાઈને ત્રણસો રૂપિયા આપવાની ભલામણ કરી હતી તેની પણ નોંધ છે, 'ફોર કેરીંગ આઉટ ઈલેક્ટ્રિસિટી વર્ક ઈન હીઝ હોમ', એ ભાઈને પોતાના ઘરમાં ઈલેક્ટ્રિકનું કામ કરાવવું હતું. (પૃ.૧૯) આ બધા ખર્ચનો હિસાબ સત્તાવાર રીતે રખાયો હતો. લેખકને 'મધર ઇન્ડિયા' ફિલ્મનિર્માણના દસ્તાવેજો હસ્તગત હોવાથી આપણને આવી નાની મોટી ઘણી માહિતી મળી રહે છે અને એ જ તેમના પુસ્તકનું જમા પાસું છે પણ સરવાળે એ 'મેકિંગ ઑવ મધર ઇન્ડિયા' જેવી ચીજ બની જાય છે.

*ચેટર્જી ફિલ્મની કેટલીક તકનિકી બારીકીઓ વિશે પણ આપણું ધ્યાન દોરે છે : 'મધર ઇન્ડિયા' વૉઝ શૉટ મેઈનલી ઈન સિન્ક સાઉન્ડ, ધો ડબીંગ વૉઝ ફાસ્ટ બિકમીંગ ધ નોર્મ ઈન ધ ઈન્ડસ્ટ્રી. ઑનલી વન માઈક્રોફોન વૉઝ યુઝ્ડ; ધ બૂમ-મેન ડાન્સ્ડ અરાઉન્ડ કૉશીયસલી, કેરફૂલ નોટ ટૂ મેઈક એની નોઈઝ, ટેકીંગ ધ બૂમ ફ્રોમ એક્ટર ટૂ એક્ટર એઝ ઈસ સ્પોક. ધ બૂમ-મેન વૉઝ વેરી ઇમ્પોર્ટન્ટ એઝ હી એડજસ્ટેડ ધ ડિસ્ટન્સ બિટવીન એક્ટર એન્ડ માઈક્રોફોન, એડીંગ ડેપ્થ એન્ડ પર્સ્પેક્ટિવ ટૂ સાઉન્ડ ડીઝાઈન.'* (પૃ.૨૨) ('મધર ઇન્ડિયા' ફિલ્મ મુખ્યત્વે તુલ્યકારક રીતે શૂટ થયેલી; એટલે ધ્વનિ/સંવાદોનું રેકોર્ડિંગ શૂટીંગ વખતે જ થયું, સ્ટુડિયોમાં નહીં. એ વખતે શૂટીંગ પછી સ્ટુડિયોમાં ધ્વનિ/સંવાદો ડબીંગ કરવાની પ્રથા આવી ગઈ હોવા છતાં, એક જ માઈક્રોફોન હોવાથી લાંબા હાથા વાળાં માઈક્રોફોન ઉપાડતાં બૂમ-મેનને સંવાદો બોલતા અદાકારોના હલનચલન મુજબ કૂદાકૂદ કરવી પડી હતી. સંવાદોને ધ્વનિ રેકોર્ડિંગ મશીન પર યોગ્ય રીતે ઝીલવા માટે બૂમ-મેનનું કાર્ય અગત્યનું છે કારણ કે તેને જ ખબર હોય છે કે અદાકારોના હોઠથી કેટલા અંતરે માઈક્રોફોન ધરવો.) મહેબૂબખાન તો સંપૂર્ણતાવાદી પર્ફેક્શનીસ્ટ હતા. તેઓ ડબ થયેલી ફિલ્મોને આત્મા વિનાની કહેતા. આમીરખાને 'લગાન' ફિલ્મ માટે પણ સિન્ક-સાઉન્ડ પદ્ધતિ પસંદ કરેલી.

'મધર ઇન્ડિયા' ફિલ્મના સંવાદો વજાહત મિર્ઝા અને અલી રઝાએ લખ્યા હતા. મિર્ઝાએ 'ઔરત' ફિલ્મની પટકથા લખી હતી અને રઝા કરતાં તે ઘણા સિનિયર હતા. તેમનું નામ નવા નિશાળિયા રઝા સાથે જોડાય તેની સામે તેમને વાંધો હતો. એટલે જ ૧૮મી ઑક્ટોમ્બર, ૧૯૫૭ ના પત્રમાં તેમણે મહેબૂબખાનને પોતાનું નામ ફિલ્મના ક્રેડિટ ટાઈટલ્સમાંથી કાઢી નાખવાનું સૂચવ્યું હતું. મહેબૂબે તેમને દાદ નહોતી આપી. (પૃ.૩૨) ઘણી વિગતો, દા.ત. નદીમાં આવતાં પૂરના દૃશ્યનું શૂટીંગ લેખક ફિલ્મની પબ્લિસિટી બુકલેટમાંથી આપે છે જેનાથી 'મધર ઇન્ડિયા' અને મહેબૂબખાનના ચાહકો વિદિત જ હશે; પરંતુ આ વિગતો વિદેશમાં વસતાં ભારતીયો ( ખાસ કરીને બીજી-ત્રીજી પેઢીના) અને યુરોપિયનો માટે રસપ્રદ થઈ રહે. 'દુઃખ ભરે દિન બિતે રે ભૈયા...' ગીતના શૂટીંગ વખતે કેમેરા હાલકડોલક ન થાય તે માટે હિંચકા સાથે એક લાકડાનું પ્લેટફોર્મ બાંધવામાં આવ્યું હતું, જેના પર કેમેરામેન ફરેદુન ઈરાની તેમના ડેબ્રી કેમેરા સાથે બેસી શકે. એક ટેઈક વખતે રસ્સી તૂટી ગઈ અને ઈરાની

જમીનદોસ્ત થઈ ગયા, તેમના હાથમાં ફ્રેક્ચર! કેમેરાને પણ નુકસાન થયું. હવે તેમનો બીજો કેમેરા 'મીચેલ' હતો જેને ઈરાની 'આંધળો કેમેરા' કહેતા કારણ કે તેમાં એક્સ્પોઝર સેટ કર્યા પછી, કેમેરામેનને અલગ વ્યૂફાઈન્ડરમાંથી જોવું પડતું. (પૃ. ૬૦). ૧૯૫૮માં 'મધર ઈન્ડિયા' ફિલ્મની સર્વોત્તમ ફોટોગ્રાફીનો ફિલ્મફેર એવોર્ડ સ્વીકારતી વખતે ઈરાનીએ પોતાની કલર ફોટોગ્રાફીને લગતી થિયરી વિશે વાત કરી હતી.

મહેબૂબખાનને તેમની સંપૂર્ણ કારકિર્દી દરમ્યાન સેન્સરશીપના કોયડાએ પજવ્યા હતા. 'એલાન' (૧૯૪૭) પર પ્રતિબંધ મુકાયો હતો કારણ કે સેન્સરોને તેમાં ભારતમાં કુરાનસંબંધી સુધારા કરવાનો સૂર સંભળાયો હતો. 'મધર ઈન્ડિયા' ફિલ્મમાં જે દશ્યો તેમને વાંધાજનક લાગ્યાં હતાં તેની નોંધ લેખકે લીધી છે : એક રાત્રે રાધાનું ત્રીજું સંતાન મરણ પામે છે. મરણ અને વિનાશની એ કારમી ઘડીઓમાં ફરી સુખીલાલા ગીધની જેમ તરાપ મારે છે. રાધા તેના મરેલા સંતાનને તેની સામે ધરે છે. આ દશ્યમાં લાલા માટે આ પ્રકારના સંવાદો લખાયા હતા 'તું તો મને ફક્ત મડદું આપી રહી છે. પણ જો તેના ગળા કે કાંડા પર કોઈ સોનાનું ઘરેણું હોત તો હું મડદાને પણ લઈ લેત!' આ સંવાદો પર સેન્સરોએ કાતર ચલાવી હતી. પૂરના દશ્ય પછીના એક સિકવન્સમાં ગામવાસીઓ લાલા પાસે સહાય માટે જાય છે અને લાલા તેમને ધુત્કારે છે – તેની સામે પણ સેન્સરોને વાંધો હતો. એ દશ્ય (૯૬ ફૂટ; રીલ નં. ૧૦) ફિલ્મમાં નથી. પરંતુ લેખકને એ કાપી નાખેલા દશ્યનાં બે સ્થિર ચિત્રો જોવાનો લાભ મળ્યો હતો. ફરી લંપટ લાલા નિસહાય રાધા પર હક જમાવવાની કોશિશ કરે છે અને રાધા પોતાનું મંગળસૂત્ર જમીન પર ફેંકી દે છે ત્યારે રાધા અને લાલા વચ્ચેની મારામારીના દશ્ય પર પણ સેન્સરોએ કાતર ચલાવી હતી. રાધા પોતાના દિકરા બીરજુને ગોળી મારે છે ત્યારે ઘાયલ બીરજુ, રુપાની છીનવેલી બંગડી હાથમાં ધરે છે એ દશ્યમાંથી '૬૧ ફૂટ' સેન્સરોએ કાપી નાંખેલા. એકંદરે 'મધર ઈન્ડિયા' ફિલ્મમાંથી ૨૩૭ ફૂટનાં દશ્યો સેન્સરશીપની કાતરથી કપાઈ ગયેલાં, તેવું ચેટર્જી આપણને જણાવે છે. (પૃ. ૬૭) તુર્કીની સરકારે 'મધર ઈન્ડિયા'ને સામ્યવાદી ફિલ્મ ગણીને તેના પ્રદર્શન પર પ્રતિબંધ મૂક્યો હતો. અને ઑસ્કર નોમીનેશન માટે મોકલાવેલી પ્રિન્ટમાંથી મહેબૂબ સ્ટુડિયોના હથોડા-દાતરડાવાળા નિશાનને અગાઉથી ઉડાવી દેવામાં આવ્યું હતું. મહેબૂબ પ્રોડક્શન્સ્‌ની ફિલ્મોમાં આવતા આવા દેખીતા સામ્યવાદી નિશાન સાથે ધ્વનિપટ્ટી પર બોલાતા/સંભળાતા શબ્દો (*મુદ્દઈ લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ વોહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ*)ના વિરોધાભાસને સમજાવતાં મહેબૂબખાને ૧૯૫૭ના 'ફિલ્મફેર' મેગેઝીનના અંકમાં લખ્યું હતું : 'અમે ફક્ત નિર્માતાઓ, દિગ્દર્શકો કે સિતારા નથી પણ મહેનતકશો પણ છીએ એ દર્શાવવા માટે મેં હથોડા-દાતરડાનું નિશાન પસંદ કર્યું હતું. આવા નિશાન માટે મારા પર સામ્યવાદી હોવાનો આરોપ મુકાયો છે. પણ જે લોકો મને ઓળખે છે તેમને ખબર છે કે હું સામ્યવાદી નથી.' (પૃ.૭૨)

ઑસ્કર નોમિનેશન માટેની અન્ય વિદેશી ફિલ્મોમાં 'મધર ઈન્ડિયા' સિવાય 'ધ ડેવીલ કેઈમ એટ નાઈટ', 'ગેટ્સઑફ પેરિસ', 'ધ નાઈટ્સ એવ્ કેબિરિયા' અને 'નાઈન લાઈન્સ્' હતી. આખરે બેસ્ટ ફોરેન લેન્ગ્વેજ ફિલ્મનો એ વર્ષનો એવોર્ડ ફેડરિકો ફેલિનીની ફિલ્મ 'ધ નાઈટ્સ ઓવ્ કેબિરિયા'ને મળ્યો હતો - 'મધર ઈન્ડિયા' લોસ્ટ બાય વન વોટ. એક જ મતથી 'મધર ઈન્ડિયા' મહાત થઈ, અને ઑસ્કર એવોર્ડથી વંચિત રહી ગઈ. ઑસ્કર સમારોહમાં મહેબૂબખાન, તેમની પત્ની સરદાર અખ્તર અને નરગીસે હાજરી આપી હતી. એ સમયે હુંડિયામણની ખેંચના લીધે રિઝર્વ બૅન્કે દરેકને ફક્ત ૭૫ અમેરિકન ડોલર્સ આપ્યા હતા. રકમ અપૂરતી હોવાથી મહેબૂબખાને વડાપ્રધાન જવાહરલાલને પત્ર લખ્યો : 'આપણી ફિલ્મ (અવર ફિલ્મ - એટલે 'અમારી' જ નહીં આપણી, આપણા મહાન દેશની) પાંચ સર્વોત્તમ ફિલ્મોમાં પસંદ કરાઈ છે. આપને વિદિત છે તેમ હું કોઈ પણ અંગ્રેજી શિક્ષણ વિનાનો શુદ્ધ દેશી માણસ છું. મને આપની મદદની તાતી જરૂર છે અને આપણા રાષ્ટ્રના અમેરિકા જતા પ્રતિનિધિઓને અપાતા ટેકાની. અન્ય આંતરરાષ્ટ્રીય નિર્માતાઓની જેમ, મારે પણ કહેવું છે કે મારી સરકારે પણ મને ટેકો આપ્યો છે. એમ નહીં થાય તો હું વામણો અને એકલવાયો લાગીશ.' એ વખતે નહેરુના તાબામાં નાણાખાતું પણ હતું. મહેબૂબખાનના

પ્રયત્નોથી દરેક માટે ૧૨૦૦ ડૉલર્સ મંજુર કરાયા હતા. (પૃ. ૭૯-૮૦). 'મધર ઇન્ડિયા'ને ઑસ્કર નોમિનેશન માટેની તૈયારીઓ માટે મહેબૂબખાનને ઘણું કષ્ટ વેઠવું પડ્યું હતું. લૉસ ઍન્જલસમાં હતા ત્યારે જ ૨૬મી માર્ચ (૧૯૫૯)ના દિવસે તેમના પર હૃદયરોગનો હુમલો થયો. સાજા થયા પછી વૅકેશન માટે (તેમની આગામી ફિલ્મ 'તાજમહાલ'ની કેટલાક લોકો સાથે ચર્ચા કરવા) તે ઇંગ્લૅન્ડ ગયા. મુંબઈમાં કલર લેબોરેટરી ઊભી કરવા માટે ફ્રેંચ સંશોધક આંદ્રે ડેબ્રીને મળવા માટે પેરિસ પણ ગયા. અને ભારત પાછા ફરતાં પહેલાં 'ઈરાકની તીર્થયાત્રા' પણ કરી. (પૃ. ૮૦)

'મધર ઇન્ડિયા'ને કેટલાક અગત્યના ફિલ્મફેર પુરસ્કારો મળ્યા હતા પરંતુ રાષ્ટ્રીય પુરસ્કારોના ધોરણે તે ફક્ત 'સર્ટિફિકેટ ઑવ મૅરીટ'ને યોગ્ય કરી હતી. 'મધર ઇન્ડિયા'ને ઘણા સ્ટાલીન યુગના રશિયામાં બનતી 'ટ્રૅક્ટર-મ્યુઝિકલ' જેવી ફિલ્મ ગણે છે. વળી, ફિલ્મની સફળતામાં તેની વાર્તા કરતાં ગીતોએ વિશેષ ભાગ ભજવ્યો હોય એ સંભાવના તરફ આંખમીંચામણાં ન કરી શકાય. નૌશાદે સ્વરબદ્ધ કરેલાં ફિલ્મનાં પંદર ગીતો હીટ થયાં હતાં. ભારતમાં તો ઘણી ફિલ્મો તેનાં ગીતોને લીધે ચાલતી હોય છે. પણ આવી મીમાંસાને ચેટર્જીના પુસ્તકમાં સ્થાન નથી કારણ કે તેમનો સૂર સ્તુતિનો છે અને તેના લીધે આ પુસ્તક ફિલ્મ માટેની કે સાધારણીકરણ કરીએ તો બોલીવૂડ ફિલ્મો માટેની પ્રમોશનલ સામગ્રી બની ગયું છે તેવું જણાય. પુસ્તકના અંતે ચેટર્જી નરગીસે રાજ્યસભામાં 'પથેર પાંચાલી'(સત્યજિત રે)ની કરેલી ટીકાનો પણ ઉલ્લેખ કરે છે, પણ તેઓ મહેબૂબખાનના જનરંજક અને રેના 'આર્ટ' (હાઉસ) ફિલ્મમાં વિભાજન કરીને આખરે નરગીસની હોડી હંકારવાનું પસંદ કરતા જણાય. આવો ઉલ્લેખ બિનજરૂરી હતો.

બીએફઆઈ જેવી સંસ્થા દ્વારા પ્રગટ થતી ભારતીય જનરંજક સિનેમાની પુસ્તકશ્રેણીમાં સંકલ્પનાત્મક અભિસરણ વધારે બુલંદ હોય તેવું આપણે ઇચ્છીએ. પુસ્તકના અંતે સૂચિ અપાઈ હોત તો યોગ્ય થાત – આજના કમ્પ્યુટર યુગમાં તો આ અગત્યનું કાર્ય વધારે સહેલું છે!

**અમૃત 'ઘાયલ'ની દૃશ્ય-શ્રાવ્ય કેસેટો માટે અપીલ**

કવિશ્રી અમૃત ઘાયલની કેસેટબદ્ધ દૃશ્ય-શ્રાવ્ય સ્મૃતિને સાચવવાની ઇચ્છાથી એમના પરિવારે વિનંતી કરી છે કે – 'ગુજરાતનાં વિવિધ શહેરો ઉપરાંત મુંબઈ, મદ્રાસ, કલકત્તા જેવાં મહાનગરોમાં ને વિદેશોમાં સંખ્યાબંધ મુશાયરાઓમાં પોતાની આગવી છટાથી એમણે ગઝલો રજૂ કરેલી. કેટલાક સાહિત્યરસિકોને વ્યક્તિગત રીતે કે સંસ્થાગત ધોરણે આ કાર્યક્રમોની દૃશ્ય-શ્રાવ્ય કેસેટો કરી હોવાની સંભાવના છે. એ સર્વ વ્યક્તિઓ-સંસ્થાઓને એ કેસેટો મોકલી આપવા અમે જાહેર હાર્દિક અપીલ કરીએ છીએ. કેસેટની નકલ કરીને અસલ કેસેટ પરત કરીશું અથવા નલક કરીને મોકલવામાં આવશે તો એની રકમ પણ મોકલી આપીશું.'

**કેસેટો મોકલવાનું સરનામું** : ગિરિશ અમૃતલાલ ભટ્ટ, દેવ અમી, ૧૬, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦૦૦૨. ફોન નં. : (૦૨૮૧) ૨૩૬૪૦૮૯.

## સ્વીકાર મિતાક્ષરી

સંકલન : પીયૂષ ઠક્કર

### કવિતા

**આઈ ડોન્ટ નો, સર - લાભશંકર ઠાકર.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૬૪, રૂ. ૪૫.

**આઠો જામની દિલદારી : દોર ત્રીજો - મનહર 'દિલદાર'.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૮૦, રૂ. ૫૫. મુક્તકસંગ્રહ

**એવું તે શું ? - વત્સલ ર. શાહ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૭૭, રૂ. ૫૫.

**કવિતા અમારા બાંગ્લાદેશની ભાગ : ૧-૨ - અનુ. નલિન પટેલ.** શ્રી વિષ્ણુકૃપા વિદ્યાવિધિ, ૧૭/૨/૪બી, ચક્રબેરિયા રોડ (સાઉથ), કલકાત્તા - ૭૦૦૦૨૫, ૨૦૦૨. ડે. ૪૦૦, રૂ. ૨૨૫ (પ્રત્યેક ભાગના). બંગાળીના વિવિધ કવિઓની કૃતિઓના અનુવાદ

**કવિતા શમસુર રહેમાનની - અનુ. નલિન પટેલ.** શ્રી વિષ્ણુકૃપા વિદ્યાવિધિ, કલકત્તા, ૨૦૦૨. ડે. ૧૬૦, રૂ. ૧૦૦. બંગાળી કવિની કૃતિઓના અનુવાદ

**કાલાખ્યાન - ચિનુમોદી.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૩૨, રૂ. ૩૦. અર્વાચીન આખ્યાનકાવ્ય

**કાવ્યમંગલા - સુંદરમ્.** આદર્શ પ્રકાશન, અમદાવાદ-૧, (૯મી આવૃત્તિનું પુનર્મુદ્રણ). ડે. ૧૪૪, રૂ. ૮૦.

**કોરલ આઈલેન્ડ CORAL ISLAND (૧૯૪૬-૧૯૫૬) - Niranjan Bhagat.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૨. ડે. ૮૦, રૂ. ૫૫. નિરંજન ભગતના 'પ્રવાલદ્વીપ' કાવ્યસંગ્રહની કૃતિઓના સુગુણા રામનાથન અને રીટા કોઠારીએ કરેલા અનુવાદો.

**ગુજરાતી કવિતાચયન ૨૦૦૦ - સંપા. ધીરેન્દ્ર મહેતા.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૪૪, રૂ. ૭૫. ઈ. ૨૦૦૦ના વર્ષમાં વિવિધ સામયિકોમાં પ્રકાશિત કાવ્યરચનાઓમાંથી ચયન કરેલી કૃતિઓ.

**ગુજરાતી કવિતાચયન ૨૦૦૧ - સંપા. ભાનુપ્રસાદ પંડ્યા.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૨૦, રૂ. ૬૦. ઈ. ૨૦૦૧માં વિવિધ સામયિકોમાં પ્રકાશિત કાવ્યરચનાઓમાંથી ચયન કરેલી કૃતિઓ.

**ઘટમાં ઝાલર બાજે - ઊજમશી પરમાર.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૦૦, રૂ. ૫૦. ગીતસંગ્રહ

**છે – લાભશંકર ઠાકર.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે.૮૮, રૂ.૬૦.

**છે પ્રતીક્ષા - લાભશંકર ઠાકર.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૮૧, રૂ. ૫૫

**તરબતર - રમેશ શાહ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૧૦૪, રૂ. ૫૫

**તરસ - પંકજ દરજી 'શિલ્પી'.** પ્રે. લેખક, વિક્રેતા : રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૧૦૦, રૂ. ૬૦.

**તારો અવાજ - હર્ષદ ત્રિવેદી.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૪૮, રૂ. ૩૫.

**દ્રુતવિલંબિત - જયંત પાઠક.** સાહિત્ય સંકુલ, સુરત, ૨૦૦૩. ડે. ૯૬, રૂ. ૩૦

**ધ્રુવયાત્રા - સુંદરમ્.** માંગલ્ય પ્રકાશન, ૮૭, સ્વસ્તિક સોસાયટી, અમદાવાદ-૯, ૨૦૦૩. ડે. ૩૪૪, રૂ. ૫૦. સુંદરમ્‌નાં અપ્રગટ કાવ્યોનું સુધા સુંદરમે કરેલું પ્રકાશન.

**ભીતરની ભીતરની ભીતર - મુકુન્દ પરીખ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૫૯, રૂ. ૪૫.

**મગધ - અનુ. જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ.** ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૦૨. ડે. ૮૮, રૂ. ૬૫. શ્રીકાન્ત વર્માની હિંદી કૃતિઓનો અનુવાદ

**મનની મર્મર - સુન્દરમ્.** માંગલ્ય પ્રકાશન, ૮૭ સ્વસ્તિક સોસા., અમદાવાદ, ૨૦૦૩. ડે. ૩૮૮, રૂ. ૫૦. સુન્દરમ્‌નાં અપ્રગટ કાવ્યોનું સુધા સુન્દરમે કરેલું પ્રકાશન

**મહેંદીછાયું આકાશ - અશોક બારોટ 'આકાશ'.** પ્ર. લેખક, વિક્રેતા : રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૧૦૮, રૂ. ૬૦

**રિઝામણું - અદમ ટંકારવી.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૦૬, રૂ. ૭૦. ગઝલસંગ્રહ

**રૂબાઈયાતે શામિલ - મનહર 'શામિલ'.** પ્રભાત પ્રકાશન, અંધેરી(પૂર્વ), મુંબઈ; વિક્રેતા નવભારત, ૨૦૦૨. ડે. ૧૬૪, રૂ. ૧૦૦

**સુદંસણા-ચરિયં - સંપા. સલોની જોશી.** એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૨૫૦, રૂ. ૧૮૦. વિક્રમની ૧૩મી સદીની, પ્રાકૃતભાષાની અજ્ઞાતકર્તૃક કાવ્યરચના - મૂળ પાઠ, સુદીર્ઘ પ્રસ્તાવના, શબ્દકોશ, સૂચિ-સાથેનું સંપાદન

**સ્વગતપર્વ - રમેશ પારેખ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૧૬૭, રૂ. ૧૧૦. કાવ્યસંગ્રહ

**સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતસંચય - ચંદ્રકાન્ત શેઠ, હરિકૃષ્ણ પાઠક.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૨. ડે. ૪૫૪, રૂ. ૨૫૦

**હાથની હોડી - હર્ષદ ચંદારાણા.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨.

ડે. ૯૯, રૂ. ૭૦. ગઝલસંગ્રહ

## વાર્તા

**અક્ષત - દુર્ગેશ ઓઝા.** પ્ર. લેખક; મુખ્ય વિક્રેતા આર. આર. શેઠ, મુંબઈ - અમદાવાદ, ૨૦૦૩. ડે. ૯૬, રૂ. ૫૦. લઘુકથાસંગ્રહ

**આકાશની એક ચીસ - પન્ના ત્રિવેદી.** પ્ર. લેખિકા, વિક્રેતા : રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક. ૬૨, રૂ. ૩૫

**ચુમ્માકા બદલા - ખોડાભાઈ પટેલ.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૧૭૦, રૂ. ૯૫. હાસ્યવાર્તાઓ.

**જૂઈની સુગંધ – રાજેન્દ્ર પટેલ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૧૪૪, રૂ. ૭૫.

**ટાંકણીનો છોડ - મનીષી જાની.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૧૧૦, રૂ. ૬૦

**મરૂન જામલી ગુલાબી - તારિણીબહેન દેસાઈ.** આર. આર. શેઠ, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૧૩૦, ર. ૭૫

**મહેશ યાજ્ઞિકની છવ્વીશ વાર્તાઓ - મહેશ યાજ્ઞિક.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૩૩૦, રૂ. ૧૭૦

**હેલો, સૂર્યા ! - હરીશ નાગ્રેચા.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૨૦૪, રૂ. ૧૦૫.

## નવલકથા

**અભર્તુકા (અર્થાંતર) - રશ્મિ શાહ.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૩૬૭, રૂ. ૧૯૦

**એક અસ્વપ્ન સુખી જીવન - જયંત ગાડીત.** પ્રકાશક લેખક પ્રાપ્તિસ્થાન ગૂર્જર, ઈમેજ, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૨૨૮, રૂ. ૧૫૦

**ઓહ, ઈન્ડિયા ! - નાનુભાઈ નાયક.** સાહિત્ય સંકુલ, સુરત, બીજી આવૃત્તિ : ૨૦૦૩. ક્રા. ૨૨૨, રૂ. ૧૧૦

**કાલગ્રસ્ત - મોહન પરમાર.** રન્નાદે, અમદાવાદ, બીજી આવૃત્તિ : ૨૦૦૨. ક્રા. ૧૩૪, રૂ. ૭૫

**કીમિયાગર - અનુ. અવનીશ ભટ્ટ.** ઈમેજ પબ્લિકેશન્સ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૧૬, રૂ. ૭૦. પૉલો કોયેલોની નવલકથા 'અલકેમીસ્ટ'નો અનુવાદ

**ઝાકળ માંગે સૂરજ - રશ્મિ શાહ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૧. ક્રા. ૧૭૬, રૂ. ૯૫

**પ્રશાંમુ - જયંત ગાડીત.** રાવલ પબ્લિકેશન, પાટણ, ૨૦૦૨. ડે. ૧૫૬, રૂ. ૧૦૦.

**ફાંફેશ્વર - ઈન્દુ પુવાર.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૧૯૨, રૂ. ૧૦૦

**મંથન - મોહનભાઈ પંચાલ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૨૦૦, રૂ. ૧૦૫

**મોરનાં આંસુ - પન્ના અધ્વર્યુ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૮૦, રૂ. ૪૫

**રેશમડંખ (ભાગ : ૧ અને ૨) - મહેશ યાજ્ઞિક - આતિશ કાપડિયા.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. (ભાગ-૧ : ૪૩૮, ભાગ-૨ : ૪૦૭) પ્રત્યેકના રૂ. ૪૨૫

**સમયદ્વીપ - ભગવતીકુમાર શર્મા.** સાહિત્ય સંકુલ, સુરત, પુનર્મુદ્રણ : ૨૦૦૩, ડે. ૧૧૯, રૂ. ૪૦. કૃતિવિષયક કેટલાક અભ્યાસલેખો સાથે

**સાત દરિયા - ઈન્દુબહેન મહેતા.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૨૦૦, રૂ. ૧૦૫

**સૂરતના ધૂળિયા મહોલ્લામાં - નાનુભાઈ નાયક.** સાહિત્ય સંકુલ, સુરત, બીજી આવૃત્તિ : ૨૦૦૩, ક્રા. ૨૦૫, રૂ.૧૩૦

## નાટક

**એન્ટીગોની અને ન્યાયપ્રિય - અનુ. સભાષ શાહ.** અસાઈત સાહિત્યસભા, ઊંઝા-મહેસાણા, ૨૦૦૩. ડે. ૯૬, રૂ. ૪૫. આલ્બેર કામૂના The Just નાટકનો અનુવાદ 'ન્યાયપ્રિય' તથા સોફોક્લીઝના નાટક 'એન્ટીગોની'નો મુક્ત અનુવાદ.

**ક્ષેમરાજ અને સાધ્વી - ગોવર્ધનરામ ત્રિપાઠી.** એન. એમ. ત્રિપાઠી, મુંબઈ, ૨૦૦૨. ડે. ૧૦૪, રૂ. ૫૦. લેખકની હસ્તલિખિત પ્રત પરથી હસિત મહેતાએ શોધિત-સંપાદિત કરેલી આવૃત્તિ.

**પ્રબુદ્ધ રૌહિણેયમ્ - અનુ. વિજયશીલચંદ્રસૂરિ.** પ્ર. જૈન સાહિત્ય અકાદમી, ગાંધીધામ. પ્રાપ્તિસ્થાન : સરસ્વતી પુસ્તકભંડાર, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૬૮, રૂ. ૬૦. રામભદ્રમુનિના સંસ્કૃત નાટકનો, મૂળપાઠ સાથે, અનુવાદ.

**ફરી પાછો કોલંબસ અમેરિકામાં - રોહિત પંડ્યા.** અસાઈત સાહિત્યસભા, ઊંઝા-મહેસાણા, ૨૦૦૩. ડે ૯૬, રૂ. ૪૫. એકાંકીસંગ્રહ

**બહિષ્કાર - મોહન પરમાર.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૧૬૪, રૂ. ૯૫. એકાંકીસંગ્રહ

**હનન - અમિત શાહ.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૩. ક્રા. ૯૮, રૂ. ૫૫. એકાંકીસંગ્રહ

## નિબંધ; પ્રવાસ

**અર્વાચીન ગુજરાતી હાસ્યરચનાઓ - સંપા. રતિલાલ બોરીસાગર.** ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૦૩. ડે. ૨૨૦, રૂ. ૧૨૦. હાસ્યરચનાઓનું સંપાદન - સંપાદકીય

અભ્યાસલેખ સાથે

**આપણો હરખ ઓર - હરીશ ખત્રી.** પ્ર. લેખક, ૩૦૩ પદ્માવતી ડુપ્લેક્સ, વાસણા, અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૫૦, રૂ. ૭૫. વિચારકેન્દ્રી નિબંધો

**મલકની માયા - મણિલાલ હ. પટેલ.** રન્નાદે, અમદાવાદ,૨૦૦૨. ક્રા. ૧૪૪, રૂ. ૮૦

**સુદર્શન ગદ્યગુચ્છ-૨ - સંપા. ધીરુભાઈ ઠાકર.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૩. ડે. ૪૭૬, રૂ. ૧૮૦. મણિલાલ ન. દ્વિવેદીના સમાજ, શિક્ષણ અને રાજ્ય વિશેના ગદ્યલેખોનો સંપાદિત સંચય

**સ્થળાંતર - પ્રીતિ સેનગુપ્તા.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૧૬૫, રૂ. ૯૦. નિબંધ તથા અવલોકન

**ચિલિકા - યજ્ઞેશ દવે.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૧૯૨, રૂ. ૧૦૦. પ્રવાસનિબંધો

**અનેરો દેશ અમેરિકા - સોમાભાઈ પટેલ.** આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૨૫૮, રૂ. ૧૩૦

## ચરિત્ર

**અનંતની આરપાર - મનહર મોદી, હરીશ નાયક.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૩. ડબલ ક્રા. ૪૬, રૂ. ૬૦. કલ્પના ચાવલા વિશે, સચિત્ર, કિશોરભોગ્ય ચરિત્રકથાનક

**ઉપરા - અનુ. સંજય ભાવે.** ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૦૩. ડે. ૧૬૦, રૂ. ૯૦. મરાઠી લેખક લક્ષ્મણ માનેની આત્મકથા 'ઉપરા'નો અનુવાદ

**ખેલદિલ ખલનાયક ચૂનીલાલ નાયક - સંપા. કીર્તિભાઈ ડી. વ્યાસ.** આકારભારતી, ૧૦ બાબુલનાથ માર્ગ, મુંબઈ-૭, ૨૦૦૩. ડે. ૭૨, રૂ. ૬૦. વ્યવસાયી રંગભૂમિના એક અભિનેતા વિશે અભ્યાસીઓએ લખેલા ચરિત્રાત્મક લેખોનું સંપાદન. નાટકોમાં એમની વિવિધ ભૂમિકાઓના ફોટોગ્રાફ સાથે

**તમે શું કેવળ છબિ? - અજિત શેઠ.** સંગીતભવન ટ્રસ્ટ, ફ્લોરા ફાઉન્ટન, મુંબઈ, ૨૦૦૩. ડે. ૧૯૦, રૂ. ૧૩૫. ફિલ્મ, સંગીત સાહિત્ય આદિ ક્ષેત્રોની પ્રથિતયશ વ્યક્તિઓ વિશેની અંજલિરૂપે લખાયેલા ચરિત્રલેખો.

**બાપા વિશે - લાભશંકર ઠાકર.** રન્નાદે, અમદાવાદ, બીજી આવૃત્તિ : ૨૦૦૨. ડે. ૧૮૪, રૂ. ૧૨૫.

**સહરાની ભવ્યતા - રઘુવીર ચૌધરી.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, (ત્રીજી આવૃત્તિ) ૨૦૦૩. ડે. ૧૬૦, રૂ. ૫૦. વ્યક્તિચરિત્રો

## બાળ-કિશોરસાહિત્ય

**આપણે સૌ - ભગવત સુથાર.** પ્ર. લેખક, વિક્રેતા : રન્નાદે પ્રકાશન : ૨૦૦૨, ડે. ૮૦, રૂ. ૫૫. બાળવાર્તાઓ

**કફનધારી ક્રાંતિકારીઓ - મોતીભાઈ મ. પટેલ, રવીન્દ્ર અંધારિયા.** અક્ષરભારતી, ભુજ, ૨૦૦૩, આ શ્રેણી અંતર્ગત સાત પુસ્તિકાઓ : ૧. વીરશહીદ સરદાર ભગતસિંહ, ૨. પ્રચંડ પુરુષાર્થી ચંદ્રશેખર આઝાદ, ૩. મહાન દેશભક્ત શ્યામજી કૃષ્ણવર્મા, ૪. આદ્યક્રાંતિકારી વાસુદેવ બલવંત ફડકે, ૫. પ્રથમ મુસ્લિમ શહીદ અશરફ ઉલ્લાખાં, ૬. કવિહૃદય ક્રાંતિકારી રામપ્રસાદ 'બિસ્મિલ', ૭. ક્રાંતિકારીઓના પ્રેરક વીર સાવરકર. ક્રા. ૪૮ થી ૬૦ પાનાંની પુસ્તિકાઓના સેટની કિંમત રૂ. ૧૫૦

**છનાકાકાના છબરડા - ફિલિપ ક્લાર્ક.** પ્ર. લેખક, વિક્રેતા : રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ક્રા. ૪૦, રૂ. ૨૫. બાળહાસ્ય-કથાઓ

**નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાલા : બાળવાર્તાઓ : (૧) ઝરમરિયાં - ધીરેન્દ્રસિંહ રાઠોડ.** ક્રા. ૩૨, રૂ. ૧૫; **(૨) કલરવ - મૃદુલા માત્રાવાડિયા.** ક્રા. ૬૪, રૂ. ૨૭; **(૩) મળે સૂરમાં સૂર - ફિલિપ ક્લાર્ક.** ક્રા. ૩૨, રૂ. ૧૫. ત્રણેના પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૨.

**પેં પેંગ્વિનની પર્યાવરણયાત્રા - હરીશ નાયક.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડબલ ક્રા. ૪૦, રૂ. ૫૦. પેંગ્વિનની વાર્તા

**બિટ્ટુનું બલિદાન - લાલશંકર ત્રિવેદી.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ડબલ ક્રા. ૪૫, રૂ. ૫૦. વિજ્ઞાનકથાઓ

**ભીનું ભીનું પાણી - આકાશ પટેલ.** પ્ર. લેખક, વિક્રેતા : રન્નાદે અમદાવાદ, ૨૦૦૩. ડ.ડે., ૨૮, રૂ. ૩૨. વિજ્ઞાનકથા

**સાગરસખી - લાલશંકર ત્રિવેદી.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૩. ક્રા. ૭૬, રૂ. ૪૦. કિશોરકથા

## વિવેચન

**અભિનય-સમ્રાટ અને સાક્ષર અમૃત કેશવ નાયક - રતિલાલ સાં નાયક.** અસાઈત સાહિત્યસભા, ઊંઝા-મહેસાણા, ૨૦૦૩. ડે. ૬૦, રૂ. ૪૫. પારસી-ઉર્દૂ રંગભૂમિના નટ-દિગ્દર્શક અમૃત કેશવ નાયક વિશે લઘુગ્રંથ

**આ આપણી કથા - જયંત ગાડીત.** રાવલ પ્રકાશન, ૭, અંબિકા ચેમ્બર્સ, વેરાઈ ચકલા, પાટણ, ૨૦૦૦. ડે. ૧૮૬, રૂ. ૧૦૦. વિવેચનલેખોનો સંગ્રહ

**આર્નોલ્ડનો કાવ્યવિચાર - ભરત મહેતા.** પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૭૬, રૂ. ૫૦

**કૃતિનિમજ્જન - જગદીશ ગૂર્જર.** પ્ર. લેખક, વિક્રેતા આદર્શ, અમદાવાદ, ૨૦૦૩. ક્રા. ૧૯૪, રૂ. ૧૨૦. વિવેચનલેખસંગ્રહ

**ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો - મુખ્ય સંપા. ભોળાભાઈ પટેલ, સંપાદકો : રમેશ દવે, પારુલ માંકડ, સંજય ભાવે.** ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૩. ૧૯૯૧-૨૦૦૦ દરમ્યાન ગુજરાતી સાહિત્યની, વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં થયેલી ગતિવિધિનો આલેખ આપતા વિવેચનલેખોનું સંપાદન

**ગુરુ થા તારો તું જ - સંપા. પ્રીતિ શાહ, દક્ષા માવદિયા.** પ્ર. શ્રીમતી મણિબહેન એમ પી શાહ વિમેન્સ કોલેજ, મુંબઈ. મુખ્યવિક્રેતા એન. એમ. ઠક્કર, મુંબઈ, ૨૦૦૨. ડે. ૩૨૬, રૂ. ૧૭૫. આખા અને કબીરની સર્જકતા, કૃતિઓ આદિ વિશે વિવિધ વિદ્વાનોના લેખોનું સંપાદન

**જૈન કવિ આચાર્યશ્રી સોમસુંદર સૂરિ - દીપ્તિ હ. જોષી.** પ્ર. લેખિકા. જી-૧, શીતલ નિકેતન, દમણગંગા સોસાયટી, નાની દમણ, દમણ - ૩૯૬૨૧૦. ૨૦૦૨. ડે. ૭૩, રૂ. ૬૫. વિવેચનાત્મક આલેખ

**રચનાવલી - ચંદ્રકાન્ત ટોપીવાળા.** પાર્શ્વ, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૪૫૨, રૂ. ૪૦૦. ગુજરાતી, અન્ય ભારતીય, સંસ્કૃત અને વિદેશી ભાષાની કૃતિઓ વિશેનો આસ્વાદલક્ષી પરિચયકોશ

**રાષ્ટ્રીય અસ્મિતાના પ્રહરી : ઉમાશંકર જોશી, 'સુંદરમ્' - મનોજ જોશી.** પ્ર. મનોમંથન પ્રકાશન, રાજકોટ, વિ. રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ડે. ૭૬, રૂ. ૬૫. વિવેચન

**વાગીશ્વરીની આરતી - અમરત એમ. દેસાઈ.** પ્ર. અમરત એમ. દેસાઈ, વશી ફળિયું, હાલર, વલસાડ-૧, ૨૦૦૩. ક્રા. ૯૬, રૂ. ૩૫. ગુજરાતીની કેટલીક કાવ્યકૃતિઓ વિશેના આસ્વાદલેખો

**'સાન્નિધ્ય' - અભિજિત વ્યાસ.** પ્ર. લેખક, વિક્રેતા : રન્નાદે પ્રકાશન, ૨૦૦૨. ડે. ૧૧૨, રૂ. ૭૫. સાહિત્ય, દશ્યકલા તથા ફિલ્મકલાવિષયક વિવેચનાત્મક લેખોનો સંગ્રહ

**સંપ્રત્યય - શરીફા વીજળીવાળા.** પ્ર. લેખિકા; વિક્રેતા ઇમેજ પબ્લિકેશન્સ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૮૪, રૂ. ૧૦૦. વિવિધ કૃતિઓ પરના આસ્વાદકેન્દ્રી વિવેચનલેખો

**હુતશેષ - સંપા. રમેશ મહેતા, મનોજ જોશી.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૩. ડે. ૨૦૫, રૂ. ૧૪૦. પ્રભાશંકર તેરૈયાના લેખોનો સંચય

---

**અન્ય**

---

**અમદાવાદમાં રવીન્દ્રનાથ - સંપા. નિરંજન ભગત.** ઇમેજ પબ્લિકેશન્સ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૩. ડે. ૪૮ + ૪૮ (For private circulation). રવીન્દ્રનાથ અને રવીન્દ્રનાથ વિશેનાં કેટલાંક લખાણોના ગુજરાતી અનુવાદો અને એ લખાણોના અંગ્રેજી અનુવાદોનું સંપાદન

**અરધી સદીની વાચનયાત્રા - સં. મહેન્દ્ર મેઘાણી.** લોકમિલાપ ટ્રસ્ટ, બી. આ. ૨૦૦૩, ડે. ૬૫૪, રૂ. ૭૫. અરધી સદી સુધીના વાચનમાંથી ગમેલાં લખાણો, કૃતિઓ - કૃતિઅંશોનું સંપાદન

**આત્મબોધ ભાગ-૪ - અનુ. માવજી કે. સાવલા.** અક્ષરભારતી, ભુજ, ૨૦૦૩. ક્રા. ૨૮૦, રૂ. ૧૦૦. શ્રીકાંત ગોગટેના મરાઠી સંકલન (નિસર્ગ દત્ત મહારાજ સાથેના સંવાદો)નો ગુજરાતી અનુવાદ

**આરોગ્યધન - લાભશંકર ઠાકર.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૧૯૬, રૂ. ૧૦૫. શરીરસ્વાસ્થ્ય અંગેનાં લખાણો

**એકત્રીસ સુવર્ણમુદ્રાઓ - સૌરભ શાહ.** એન. એમ. ઠક્કર, મુંબઈ (ત્રીજી આવૃત્તિ) ૨૦૦૨. ડે. ૨૮૬, રૂ. ૧૭૫. 'મુંબઈ સમાચાર'માં પ્રગટ થતી કોલમ 'ગુડમોર્નિંગ'માંથી લેખકે પસંદ કરેલાં લખાણોનું સંકલન

**કચ્છનાં સ્થાપત્યધામો : ભુજની શાકમારકીટનો શિલાલેખ સાચો કે બનાવટી? - ઉમિયાશંકર અજાણી.** અજાણી પ્રકાશન, ૧૪, હંસા, રેવન્યૂ કૉલોની, ભુજ, ૨૦૦૩. ક્રા. ૪૮, રૂ. ૧૫. શિલાલેખ અંગેની સંશોધન-પત્રિકા, દસ્તાવેજોની ફોટોકૉપી સાથે

**ચૂંટેલાં - વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૨૬૬, રૂ. ૧૪૦. 'આનંદ, આરોગ્ય અને આહાર' વિષયક લખાણોનો સંચય

**છેલ્લાં હજાર વર્ષનું કચ્છ - હરેશ ધોળકિયા.** પ્ર. લેખક, વિક્રેતા અક્ષરભારતી, ભુજ, ૨૦૦૩, ડે. ૭૨, રૂ. ૪૦. કચ્છ વિશેના ઐતિહાસિક, રાજકીય, વ્યક્તિલક્ષી સંક્ષિપ્ત પરિચય - સચિત્ર

**જન્માક્ષર : વિધાતાના હસ્તાક્ષર - અનુ. જયા મહેતા.** ઇમેજ પબ્લિકેશન્સ, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૩. ડે. ૧૯૬, રૂ. ૧૫૦. મરાઠી લેખિકા વસુધા વાઘના જ્યોતિષવિષયક પુસ્તક 'સારી પાટ'નો અનુવાદ

**તત્ત્વમસિ - અનુ. વિજય પંડ્યા.** ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૦૨, ડે. ૨૮૪, રૂ. ૧૫૦. મળિયાળી લેખક સુકુમાર અષીકોડના ઉપનિષદ વિષયક ગ્રંથના હિન્દી અનુવાદનો ગુજરાતી અનુવાદ

**તમે તમારા બાળકને ઓળખો - ડૉ. મોહનભાઈ પંચાલ.** રન્નાદે પ્રકાશન, ત્રીજી આવૃત્તિ : ૨૦૦૨. ડે. ૧૭૯, રૂ. ૧૪૦. બાળકના ગર્ભાધાનથી માંડીને એની તરુણાવસ્થાના

અંત સુધીના તબક્કાઓ વિશે લેખો

**પરિચયપુસ્તિકા : ભારતના બંધારણમાં થયેલા સુધારાઓ - દિનેશ શુક્લ; તબીબી સારવારનો વીમો - રમેશ બી. શાહ; જુલે વર્નની કથાસૃષ્ટિ - યશવંત મહેતા, વિક્રમ સારાભાઈ - પદ્મનાભ જોશી, બીથોવનનું સંગીત - અભિજિત વ્યાસ, બાળકને મૂંઝવતાં માબાપ - હર્ષિદા રામુ પંડિત.** પરિચય ટ્રસ્ટ, મુંબઈ, ૨૦૦૩. પ્રત્યેક પુસ્તિકાના પૃ. ક. ૩૨, પ્રત્યેકના રૂ. ૧૦૦

**બંદિની - પ્રીતિ કોઠી.** પ્ર. લેખિકા; મુખ્ય વિક્રેતા : એન. એમ. ઠક્કર, મુંબઈ, ૨૦૦૨. ડે. ૬૪, રૂ. ૪૫. જેલની કેટલીક સ્ત્રી-કેદીઓની મુલાકાતોને આધારે લખાયેલા પ્રસંગોનું કથારૂપ આલેખન

**મબલખ આનંદ - સુધીર દેસાઈ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૧૫૨, રૂ. ૮૫. લેખસંગ્રહ

**માણસને માણસ તરીકે જુઓ - ફાધર વર્ગીસ પૉલ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ક્રા. ૧૦૪, રૂ. ૭૦. લેખસંગ્રહ

**મિલે સૂર - નંદિની ત્રિવેદી.** એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, ૨૦૦૩. ડે. ૨૭૨, રૂ. ૨૫૦. રાગ-આધારિત યાદગાર ફિલ્મી ગીતો, ગુજરાતી ગીતો અને સ્વરલિપિ સાથેનાં ચૂંટેલાં ગીતોનો સંગ્રહ

**રોગી-નિરોગી - વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી.** રન્નાદે, અમદાવાદ, બી.આ. ૨૦૦૨. ક્રા. ૧૦૬, રૂ. ૫૫. 'ઋતુઋતુનાં ખાનપાન' વિષયક લેખોનો સંચય

**વિદ્યાવાડીનાં ફૂલ - મોહનભાઈ પંચાલ.** રન્નાદે, અમદાવાદ, ૨૦૦૨. ડે. ૧૪૪, રૂ. ૧૨૦. શિક્ષણજગતના અનુભવોનો વાર્તારૂપ કથા-આલેખ

**શિક્ષણ : સર્વાંગીણ વિકાસની કેડી - હિંમતભાઈ મહેતા.** રન્નાદે પ્રકાશન, ૨૦૦૩. ડે. ૧૩૬, રૂ. ૧૦૦. શિક્ષણવિષયક લેખસંગ્રહ

**સાહેબ, મને સાંભળો તો ખરા ! - મોહનભાઈ પંચાલ.** રન્નાદે પ્રકાશન, પાંચમી આવૃત્તિ : ૨૦૦૨. ડે. ૧૧૫, રૂ. ૧૪૦. શિક્ષણના વિવિધ અનુભવો વાર્તાકથન રૂપે.


**આ અંકના લેખકો**

| | | |
|---|---|---|
| **રાધેશ્યામ શર્મા** | : | ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૨ |
| **શરીફા વીજળીવાળા** | : | વિદ્યાર્થિની છાત્રાલય, એમ ટી બી કોલેજ, અઠવા લાઇન્સ, સુરત ૩૯૫ ૦૦૧ |
| **હરીશ ખત્રી** | : | ૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન સોસાયટી, વાસણા, અમદાવાદ ૩૮૦ ૦૦૭ |
| **યોગેશ જોશી** | : | કે/૩૧/૩૭૨, શિવશક્તિ એપાર્ટમેન્ટ, અખબારનગર સામે, નવા વાડજ, અમદાવાદ ૩૮૦૦૧૩ |
| **કિશોર વ્યાસ** | : | મહેતા સોસાયટી, કાલોલ, પંચમહાલ, ૩૮૯ ૩૩૦ |
| **નરોત્તમ પલાણ** | : | 'દર્શન' ૩, વાડી પ્લૉટ, પોરબંદર ૩૬૦૫૭૫ |
| **ભરત મહેતા** | : | ૧૧૭, સુરભિ એવન્યૂ, સેંટ જોસેફ સ્કૂલની સામે, સરદારનગર, વડોદરા ૩૯૦ ૦૦૨ |
| **અમૃત ગંગર** | : | ઇ-૫૦૪,પંચશીલ ગાર્ડન્સ, મહાવીરનગર, દહાણુકરવાડી, કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૬૨ |

# આપના સ્વપ્ન કરે સાકાર



» ઘરનું ઘર બનાવવા માટે
"હાઉસીંગ લોન યોજના"



» સ્કૂટર, ટીવી, વોશીંગ મશીન, જેવી ચીજો ખરીદવા માટે
"આકર્ષક લોન યોજના"



» કાર ખરીદવા માટે
"કાર લોન યોજના"



» ઉચ્ચ અભ્યાસ માટે
"એજ્યુકેશન લોન"



» અંગત ખર્ચ માટે
"પર્સનલ લોન યોજના"

વિસ્તૃત માહિતી માટે અમારી નજીકની શાખાનો સંપર્ક કરો :

## સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર - 364 001

સલામતી, સામર્થ્ય અને સેવા માટે એસ.બી.એસ.

# ગુજરાત સાહિત્ય અકાદમી

**જૂનું વિધાનસભા ભવન, સેક્ટર : ૧૭, ગાંધીનગર - ૩૮૨ ૦૧૭.**

ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી નીચેની યોજનાઓ માટે નિયત સમયમર્યાદામાં પુસ્તકો/હસ્તપ્રતો આવેદનપત્રો મંગાવવામાં આવે છે.

**૧. શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક :**

તા. ૧-૧-૨૦૦૨થી તા. ૩૧-૧૨-૨૦૦૨ સુધીમાં પ્રગટ થયેલાં, ગુજરાતી ભાષાના જુદાં જુદાં સાહિત્ય સ્વરૂપોનાં મૌલિક પુસ્તકો અકાદમીની શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક આપવાની યોજનામાં મંગાવવામાં આવે છે. જેમાં બાળવિભાગમાં ૧. કાવ્ય, ૨. વાર્તા, ૩. ચરિત્રાદિ, ૪. નાટકો અને પ્રૌઢ વિભાગમાં ૧. નવલકથા, ૨. ટૂંકીવાર્તા, ૩. નાટક/એકાંકી નાટક, ૪. હાસ્ય-વ્યંગ કટાક્ષ, ૫. નિબંધ અને પ્રવાસ, ૬. કવિતા, ૭. વિવેચન, ૮. સંશોધન-ભાષાવ્યાકરણ ૯. આત્મકથા-રેખાચિત્ર-પત્ર-જીવનચરિત્ર-સત્યકથા (સંયુક્ત), ૧૦. લોકસાહિત્ય, ૧૧. અનુવાદ વિભાગનો સમાવેશ થાય છે.

પ્રત્યેક પુસ્તકના ઉઘડતે પાને પ્રસ્તુત વિભાગમાંથી લાગુ પડતો કોઈ એક વિભાગ અવશ્ય દર્શાવવાનો રહેશે. આ યોજના અન્વયે રસ ધરાવતા લેખકો/પ્રકાશકોએ પોતાના પુસ્તકની એક નકલ તા. ૩૧-૮-૨૦૦૩ સુધીમાં અકાદમીને વિના મૂલ્યે મોકલી આપવી. આ માટે લેખકોએ/પ્રકાશકોએ કોઈ આવેદનપત્ર ભરવાનું નથી.

**૨. શિષ્ટમાન્ય કૃતિઓને પ્રકાશનસહાય :**

ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, ભાષાસાહિત્ય, તેમજ સંશોધનને લગતા સાંસ્કૃતિક ભૂમિકા ધરાવતા ગ્રંથો અને અભ્યાસલેખોના સંગ્રહોને રૂ. ૧૦,૦૦૦/- સુધીની પ્રકાશનસહાય આપવામાં આવે છે. આ માટે આવેદનપત્ર સાથે જરૂરી હસ્તપ્રતો રજૂ કરવાની રહે છે.

**૩. નવોદિત સાહિત્યકારોને પ્રકાશનસહાય :**

અગાઉ જેમની એક પણ સાહિત્યકૃતિ પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ નથી, તેવા નવોદિત લેખકને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં લખાયેલી મૌલિક કૃતિના પ્રથમ પ્રકાશન માટે રૂ. ૧૦,૦૦૦/- સુધીની પ્રકાશનસહાય આપવામાં આવે છે. આ માટે પણ જરૂરી હસ્તપ્રત રજૂ કરવાની રહે છે. નવોદિત લેખકોનાં કાવ્ય અથવા વાર્તા, નિબંધ, રેખાચિત્ર, ગદ્યલેખો ઇત્યાદિ સાહિત્યનાં શિષ્ટ સામયિકોમાં પ્રગટ થયેલાં હોય તો તેનો ઉલ્લેખ હસ્તપ્રતમાં કરવો અનિવાર્ય છે.

**૪. મૌલિક બાલસાહિત્યને ઉત્તેજન :**

બાલસાહિત્યનું પ્રકાશન થતું રહે, અને ગુજરાતનાં બાળકોને નવું સર્જાતું બાલસાહિત્ય સુલભ થાય, તે હેતુથી આ વિષયના લેખકોને પ્રકાશનસહાયરૂપે અને બાલસાહિત્યને પ્રોત્સાહન માટે રૂ. ૫,૦૦૦/- સુધીની પ્રકાશનસહાય આપવામાં આવે છે. આ માટે પણ જરૂરી હસ્તપ્રત આવેદનપત્ર સાથે રજૂ કરવાની રહે છે.

૫. અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ તથા ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિનો અન્ય ભાષામાં અનુવાદ કરવા અનુવાદકોને પુસ્તકપ્રકાશન માટે રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય અંગેની યોજના

સંબંધિત લેખકો/પ્રકાશકોએ ઉક્ત યોજના ક્રમાંક :૨થી ૬નાં આવેદનપત્રો ટપાલથી કે રૂબરૂ અકાદમી કાર્યાલયના ઉપરના સરનામેથી મેળવીને તા. ૩૧-૮-૨૦૦૩ સુધીમાં હસ્તપ્રતની જરૂરી નકલો સાથે મોકલી આપવાં. સુવાચ્ય હસ્તપ્રત વિનાનાં કે અધૂરી અને અસ્પષ્ટ વિગતોવાળાં આવેદનપત્રો અસ્વીકાર્ય બનશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| **કનૈયાલાલ મ. પંડ્યા** | **કુમારપાળ દેસાઈ** | **ભોળાભાઈ પટેલ** |
| મહામાત્ર | ઉપપ્રમુખ | પ્રમુખ |